પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

દેવા માટે દાન,
લેવા માટે જ્ઞાન અને ત્યાગવા
માટે અભિમાન સર્વશ્રેષ્ઠ છે.


# અબતક ®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ  પાના: ૧૪
તા. ૨૦-૨-૨૦૨૬, શુક્રવાર
વર્ષ: ૧૪, અંક : ૨૯૩

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


ચણાદાલ.. ચણાદાલ.. ચણાદાલ..
શોર્ટેક્ષ - વિશાટ
એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
98242 00970
અપ્પુ

# માતા-પિતા "રાજી" હશે તો જ થશે લગ્નની નોંધણી

**લગ્નમાં 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે ચોક્કસપણે સખત પગલા લેવાશે: હર્ષ સંઘવી**

**સનાતન પરંપરા અને ભારતની લગ્ન વ્યવસ્થાને બચાવવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ: નાયબ મુખ્યમંત્રી**

**વિધાનસભામાં લગ્ન નોંધણી બિલ રજુ કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી**

**અરજી મળ્યા બાદ રજીસ્ટ્રાર પેટા નિયમોની પૂર્તતા કરી 30 દિવસ પછી લગ્ન નોંધણી કરી આપશે**


**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાના ગૃહમાં આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નિયમ ૪૪ હેઠળ એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ બાબત પર નિવેદન આપ્યું હતું. રાજ્યમાં દીકરીઓની સુરક્ષા અને સામાજિક માળખાને જાળવી રાખવા માટે સરકાર 'ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ ૨૦૦૬'ના નિયમોમાં રહેલી લગ્ન નોંધણી પ્રક્રિયામાં ધરખમ સુધારા કરવા જઈ રહી છે. આ સુધારા અંતર્ગત હવે લગ્ન નોંધણી પ્રક્રિયામાં માતા-પિતાને સામેલ કરવામાં આવ્યા છે.

**પ્રક્રિયામાં હજુ કોઈ સુધારા કે કડકાઈ લાવવા બાબતે રાજ્યના નાગરિકો પાસેથી 30 દિવસમાં વાંધા સૂચનો મંગાવવામાં આવ્યા: કમિટીની રચના**

લગ્ન નોંધણીમાં 'છળકપટ' રોકવા લાવવામાં આવેલા આ સુધારાઓ અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગૃહમાં વેદના સાથે જણાવ્યું હતું કે, રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયામાં કેટલીક છટકબારીને કારણે ગેરઉપયોગ થઈ રહ્યો છે. અસામાજિક તત્વો પોતાની સાચી ઓળખ છુપાવી, લાલચ આપી કે છળકપટથી રાજયની દીકરીઓને પ્રેમની જાળમાં ફસાવે છે. પંચમહાલ જિલ્લામાં અનેક બોગસ લગ્નો નોંધાયા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. પંચમહાલના કંકોડાકોઈ અને

(અનુ. આઠમા પાને)



## લગ્ન નોંધણીની નવી પ્રક્રિયા આ મુજબની હશે

સુચિત નવી લગ્ન નોંધણી પધ્ધતિમાં લગ્ન નોંધણીની અરજી બન્ને પક્ષકારો અને બે સાક્ષીઓની સહીથી રજુ કરવાની રહેશે. અરજી કાયદેસર રીતે નોટરાઈઝ કરીને રજુ કરવાની રહેશે અને તેમની સાથે બન્ને પક્ષ દ્વારા કેન્દ્ર સરકાર કે રાજય સરકાર દ્વારા આપવામાં આવતા ઓળખના પુરાવા જેવા કે ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ, ફોટો ઓળખ પત્ર આપવાના રહેશે.

સરકાર દ્વારા દરેક લગ્ન નોંધણી જે તે હુકુમત ધરાવતા આસિસ્ટંટ રજીસ્ટ્રાર સમક્ષ રજુ કરવામાં આવશે. અને આ લગ્ન નોંધણી અરજીનો નમુનો (આઇ) મુજબ વિગતો અને દસ્તાવેજો સાથે રજુ કરવાના રહેશે. જેમાં વર-વધુ અને સાક્ષીઓના આધાર કાર્ડ, વર-વધુએ જન્મનું પ્રમાણપત્ર કે શાળા છોડયાનું પ્રમાણપત્ર, લગ્નની કંકોત્રી કે આમંત્રણ પત્રિકા, વર-વધુના અલગ અલગ રીતે બે પાસપોર્ટ સાઈઝના ફોટો, વર-વધુનો લગ્ન વિધિ દર્શાવતો લગ્ન સમયનો ફોટોગ્રાફ, સાક્ષીઓના તાજેતરમાં બે પાસપોર્ટ સાઈઝના ફોટા, અરજી સાથે વર-વધુએ તેમના માતા-પિતાને આ લગ્ન બાબતે જાણ કરેલ છે. કે કેમ તે અંગેનું ડિકલેરેશન

વર-વધુએ માતા-પિતાએ માતા-પિતાનું આધાર કાર્ડ, પિતાનું પુરુ નામ, પિતાનું સામાન્ય રીતે રહેવાનું સરનામું પુરી વિગતો સાથે, પિતાનો મોબાઈલ નંબર, માતાનું પુરુ નામ, માતાનું સામાન્ય રીતે રહેવાનુ સરનામું પૂરી વિગતો સાથે, માતાના મોબાઈલ નંબર આસિસ્ટંટ રજીસ્ટ્રારને ખાતરી - સંતોષ થયેથી દસ કામકાજના દિવસોમાં વ્યવહારુ શકય બને તે રીતે વર-વધુના માતા-પિતાને જાણ કરવામાં આવશે અને તે જાણ ઈલેકટ્રોનિક રીતે કે ભૌતિક વ્યવહારુ રીતે કરવામાં આવશે.

આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર આ અરજી મળ્યાથી તે સંબંધિત જીલ્લા કે તાલુકાના રજીસ્ટ્રારને મોકલી આપશે. રજીસ્ટ્રારને ખાતરી થયેથી પેટા નિયમો (૧ થી ૭) માં દર્શાવ્યા મુજબની પુર્તતા થયા બાદ 30 દિવસ પુર્ણ થયેથી લગ્ન નોંધણી કરવામાં આવશે. રજીસ્ટ્રાર દ્વારા આ તમામ વિગતો સરકાર દ્વારા બનાવવામાં આવનાર ઓનલાઈન પોર્ટલ ઉપર મુકવામાં આવશે અને તે માટે સિરિયલ નંબર, પેજ નંબર, વોલ્યુમ સહિતની વિગતો મૂકવામાં આવશે. ઉપરોકત કાર્યવાહી પુર્ણ થયેથી રજિસ્ટ્રાર દ્વારા લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર ફોર્મ-૨ મુજબ તૈયાર કરવામાં આવશે અને આ પ્રમાણપત્ર વ્યકિતગત રીતે કે પોસ્ટ દ્વારા પક્ષકારોને પહોચાડવામાં આવશે.

# એપ્રિલથી ૨૨ રાજયમાં મતદાર યાદી સુધારણા માટે એસઆઈઆર પ્રક્રિયા શરૂ થશે

**૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વહેલી તકે સુધારણા કામગીરી પૂર્ણ કરવા ચૂંટણી પંચનો નિર્દેશ**

**અબતક, રાજકોટ**

બિહાર પછી પશ્ચિમ બંગાળ, આસામ સહિત ૧૨ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં મતદાર યાદીમાં એસઆઈઆરની પ્રક્રિયા ચાલી રહી છે અને પૂરી થવાના તબક્કામાં છે. જોકે, વિવિધ રાજ્ય સહિત કેન્દ્ર શાસિત પ્રદેશમાં હવે આ પ્રક્રિયા ક્યારે શરુ થશે તો એના અંગે આજે ચૂંટણી પંચે સૌથી મહત્ત્વની માહિતી આપી હતી.દિલ્હી, હરિયાણા અને હિમાચલ પ્રદેશ સહિત ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) એપ્રિલમાં શરૂ થવાની સંભાવના છે. ચૂંટણી પંચે આ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને તેમની તૈયારીઓ પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એસઆઈઆર સંબંધિત તેમની તમામ પ્રારંભિક તૈયારીઓ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે જેથી આ મેગા-અભિયાન એપ્રિલમાં કોઈ પણ અડચણ વિના શરૂ કરી શકાય.મહારાષ્ટ્ર, દિલ્હી, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ચંડીગઢ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ઓડિશા, પંજાબ, સિક્કિમ, ત્રિપુરા, તેલંગણા અને ઉત્તરાખંડમાં એસઆઈઆરની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને લખેલા પત્રમાં ચૂંટણી પંચે જણાવ્યું હતું કે મતદાર યાદી સુધારણાનો આદેશ ગયા વર્ષે જૂનમાં આપવામાં આવ્યો હતો. બિહારમાં એસઆઈઆર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી અને નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહી છે. આસામમાં એસઆઈઆરને બદલે 'સ્પેશિયલ રિવિઝન' ૧૦ ફેબ્રુઆરીએ પૂર્ણ કરવામાં આવ્યું હતું.ચૂંટણી પંચે જણાવ્યું છે કે ઉપરોક્ત રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં એસઆઈઆર એપ્રિલ ૨૦૨૬માં શરુ થવાની અપેક્ષા છે, તેથી તેના



સંબંધિત વિવિધ કામગીરી ઝડપથી પૂરી કરવામાં આવે. અહીં એ જણાવવાનું કે બિહારમાં એસઆઈઆરને લઈ રાજકારણ ગરમાયું હતું. એના પછી પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, તમિલનાડુમાં પણ એસઆઈઆર મુદ્દે ચૂંટણી પંચ પર વિપક્ષી પાર્ટીએ ગંભીર આરોપ મૂક્યો હતા. વિપક્ષના આરોપોને ચૂંટણી પંચે ફગાવ્યા હતા તેમ જ સુપ્રિમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી તથા હાલમાં આ કેસ પણ વિચારણા હેઠળ છે.

# ટ્રમ્પે ગાઝા પટ્ટી માટે શાંતિ મંત્રણા યોજી: પાકે. ઝંપલાવ્યું તો ભારતે નિરીક્ષણ કર્યું

**ગાઝા પટ્ટીના પુનર્વિકાસ માટે આયોજિત પ્રથમ બેઠકમાં ભારતે સભ્ય તરીકે જોડાવવાને બદલે માત્ર ઓબ્ઝર્વર તરીકે સાવચેતી સાથે હાજરી આપી**

**અબતક, નવી દિલ્હી**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગાઝા પટ્ટીના પુનર્વિકાસ માટે સ્થાપિત 'બોર્ડ ઓફ પીસ ઓન ગાઝા' ની પહેલમાં સત્તાવાર સભ્ય તરીકે જોડાવાને બદલે માત્ર એક 'ઓબ્ઝર્વર' (નિરીક્ષક) દેશ તરીકે સાવચેતીપૂર્વક હાજરી આપી હતી. આ બેઠકમાં ભારતીય દૂતાવાસના



ચાર્જ ડી'અફેર્સ નામગ્યા ખામ્પાએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

પ્રથમ બેઠક ગુરુવારે વોશિંગ્ટન ડીસી સ્થિત 'ડોનાલ્ડ જે ટ્રમ્પ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પીસ' ખાતે યોજાઈ હતી. ભારતે આ

આ નવા બોર્ડ માટે ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા તરફથી ૧૦ અબજ ડોલરનું ભંડોળ પૂરું પાડવાની જાહેરાત કરી છે.



આ બોર્ડનું માળખું ટ્રમ્પના વર્ચસ્વને કેન્દ્રમાં રાખીને બનાવાયું છે; જેમાં ટ્રમ્પને વીટો પાવર મળશે અને તેઓ રાષ્ટ્રપતિ પદ છોડ્યા પછી પણ આ બોર્ડના વડા તરીકે ચાલુ રહી શકશે. બોર્ડમાં બે વર્ષની મુદતની સામાન્ય સભ્યપદ ઉપરાંત, જે દેશો કાયમી સભ્યપદ મેળવવા માંગે છે તેમણે ૧ અબજ ડોલરની માતબર રકમ ચૂકવવી પડશે.

હાલમાં આ બોર્ડમાં આર્જેન્ટિના, આર્મેનિયા, અઝરબૈજાન, હંગેરી,

(અનુ. આઠમા પાને)

## "પૈસા બોલતા હૈ"... ટ્રમ્પની વધુ એક શેખી

## ૨૦૦ ટકા ટેરિફ લગાવવાની ધમકીથી ભારત-પાક યુદ્ધ અટકયું

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાની ટેરિફ-કેન્દ્રિત નીતિના વખાણ કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે મે ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલી સૈન્ય તંગદિલી દરમિયાન તેમણે બંને દેશો પર ૨૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી હતી, જેના કારણે બંને દેશોએ યુદ્ધ રોકી દીધું હતું. ટ્રમ્પે આ નિવેદન તેમના દ્વારા સ્થાપિત 'બોર્ડ ઓફ પીસ'ની એક ઈવેન્ટમાં આપ્યું હતું. આ સમયે પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફ પણ હાજર હતા. ટ્રમ્પે પોતાની ભૂમિકાના વખાણ કરતા કહ્યું કે તેમણે બંને પરમાણુ સંપન્ન દેશો વચ્ચે "ભીષણ યુદ્ધ" અટકાવીને અઢી કરોડ લોકોના જીવ બચાવ્યા હતા. ટ્રમ્પે જણાવ્યું કે, "તે સમયે યુદ્ધ ચાલી રહ્યું હતું, ફાઈટર પ્લેન તોડી પાડવામાં આવી રહ્યા હતા. મેં બંને નેતાઓ સાથે ફોન પર વાત કરી. હું વડાપ્રધાન મોદીને સારી રીતે ઓળખતા હતા. મેં તેમને કહ્યું કે જો તમે આ વિવાદ નહીં ઉકેલો તો હું તમારી સાથે કોઈ વેપાર કરાર નહીં કરું અને તમારા દેશો પર ૨૦૦ ટકા ટેરિફ લગાવી દઈશ."ટ્રમ્પના જણાવ્યા અનુસાર, બંને દેશો લડવા માંગતા હતા, પરંતુ જ્યારે આર્થિક નુકસાનની વાત આવી ત્યારે તેઓ પાછળ હટી ગયા. ટ્રમ્પે કહ્યું, "જ્યારે પૈસાની વાત આવે છે, ત્યારે પૈસા જેવું બીજું કંઈ નથી. જ્યારે તેમને ઘણું મોટું આર્થિક નુકસાન થવાની સંભાવના દેખાઈ, ત્યારે તેમણે કહ્યું કે, અમારે લડવું નથી. આ દરમિયાન ૧૧ જેટ્સ તોડી પાડવામાં આવ્યા હતા જે ખૂબ મોંઘા હતા."

**સુરક્ષા ક્ષેત્રે પણ આત્મનિર્ભર ભારત**

# ૩૫૦૦ કિમી દૂર દુશ્મનના દાંત ખાટા કરી શકે તેવી ૭ હજાર ટનની સબમરીન નૌસેનામાં જોડાવા સજ્જ

**આ સબમરીન પાણીની અંદર એટલી શાંતિથી ચાલે છે કે દુશ્મન તેને પકડી શકશે નહીં**

ભારતની સુરક્ષા રણનીતિમાં હવે એક નવો અધ્યાય લખાવા જઈ રહ્યો છે. અત્યાર સુધી આપણે જમીન અને આકાશથી દુશ્મનોને જવાબ આપવા સજ્જ હતા, પણ હવે સમુદ્રના ઊંડા પેટાળમાં ભારતની તાકાત અનેકગણી વધી જશે. ભારતીય નૌસેના ટૂંક સમયમાં તેની ત્રીજી સ્વદેશી પરમાણુ સબમરીન 'INS અરિધમન' ને પોતાની સેનામાં સામેલ કરવા જઈ રહી છે. આ માત્ર એક સબમરીન નથી, પરંતુ દુશ્મનો માટે એક એવો 'અદ્રશ્ય યોદ્ધા' છે જે હિંદ મહાસાગરમાં ભારતની આણ વર્તાવશે અને પાડોશી દેશોની ઊંઘ હરામ કરી દેશે. તે સ્વદેશી છે, જે આત્મનિર્ભર ભારતની ઝલક આપે છે.



ભારતની દરિયાઈ શક્તિમાં ટૂંક સમયમાં અભૂતપૂર્વ વધારો થવા જઈ રહ્યો છે. ભારતની ત્રીજી સ્વદેશી પરમાણુ સબમરીન 'ઈંગજ અરિધમન' આ વર્ષે એપ્રિલ-મે મહિના સુધીમાં ભારતીય નૌસેનામાં સામેલ અંતિમ તબક્કામાં છે. આ અગાઉની 'અરિહંત' અને 'અરિઘાત' કરતા મોટી (૭,૦૦૦ ટન) છે. તે ૩,૫૦૦ કિમી દૂર સુધી નિશાન સાધી શકતી K-4 મિસાઈલથી સજ્જ હશે, જે આખા

(અનુ. આઠમા પાને)


# થાઈરોઈડ અને ઈન્ફેકશનમાં વપરાતી દવાઓથી 'સાવધાન'!!!

**વ્યાપકપણે વપરાતી ડોક્સીસાયક્લાઈન અને કાર્બીમાઝોલ દવાની ગંભીર આડઅસરોથી સેફ્ટી વોર્નિંગ જાહેર કરી**

**અબતક, રાજકોટ**

શું તમે પણ ખીલ, શ્વાસની તકલીફ કે થાઈરોઈડ માટે નિયમિત દવા લો છો? જો હા, તો સાવધાન થઈ જજો કારણ કે ભારત સરકારના ડ્રગ રેગ્યુલેટરે બે વ્યાપકપણે વપરાતી દવાઓ ડોકસીસાયકલાઈન અને કાર્બીમાઝોલ માટે નવી અને કડક સેફ્ટી વોર્નિંગ જાહેર કરી છે. રાષ્ટ્રીય કક્ષાની સુરક્ષા સમીક્ષા બાદ લેવામાં આવેલા આ મોટા નિર્ણય હેઠળ, હવે આ દવાઓના પેકિંગ અને માહિતી પત્રિકામાં ગંભીર આડઅસરોનો ઉલ્લેખ કરવો ફરજિયાત બનશે.

કેન્દ્રીય ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન અને ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચના મુજબ, ડોક્સીસાયક્લાઈન જેવી એન્ટિબાયોટિક, જે સામાન્ય રીતે શ્વાસના ચેપ, ખીલ અને પેશાબની નળીઓના ઈન્ફેકશન માટે આપવામાં આવે છે, તેનાથી હવે માનસિક સ્વાસ્થ્ય



પર અસર થવાનું જોખમ સામે આવ્યું છે. આ દવાની આડઅસરોમાં હવેથી બેચેની, ચિંતા, ચીડિયાપણું, ગભરામણ અને ચક્કર આવવા જેવા લક્ષણોનો ખાસ ઉલ્લેખ કરવો પડશે. ફાર્માકોવિજિલન્સ પ્રોગ્રામ ઓફ ઈન્ડિયા દ્વારા દર્દીઓના ડેટાની તપાસ કર્યા બાદ આ નિર્ણય લેવાયો છે.

બીજી તરફ, થાઈરોઈડ (હાઈપરથાઈરોઈડિઝમ) ની સારવારમાં વપરાતી કાર્બીમાઝોલ દવા માટે પણ ગંભીર ચેતવણી

(અનુ. આઠમા પાને)

### શબ્દો વગર પ્રેમની ભાષા સમજાવતા આપણા મૂંગા મિત્રો

# ચાર પગ, બે આંખો અને અનંત વહાલ: આજે પાલતું પ્રાણી પ્રેમ દિવસ

## મનુષ્યની જેમ પ્રાણીઓને પણ પ્રેમની ઝંખના હોય છે, તેઓ આપણા જીવનમાં પ્રેમ અને આનંદ લાવે છે: જે પ્રાણીઓ પાસે ઘર નથી તેને દત્તક લઈને સહાયભૂત થવું અને તેને માટે આશ્રય સ્થાનો અને આહારની પણ વ્યવસ્થા કરવી જરૂરી

પ્રાચિન કાળથી માનવજાતી પશુ-પક્ષીઓ વચ્ચે જીવતો આવ્યો છે, ત્યારે બદલાતા યુગો સાથે માનવીએ જ પર્યાવરણ નષ્ટ કરતાં આ પ્રાણીઓનાં આવાસ છીનવાતા તે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. દુનિયામાં સૌથી વધુ આપણા પાલતું પ્રાણીઓ જ આપણા જીવનમાં પ્રેમ અને આનંદ લાવે છે. આજે લવ યોર પેટ ડે કે રાષ્ટ્રીય પાલતું પ્રાણી દિવસ સમગ્ર વિશ્વમાં ઉજવાય રહ્યો છે, ત્યારે પૃથ્વીવાસીઓએ આપણી ઈકો સિસ્ટમ સાથે જોડાયેલા પશુ-પક્ષી અને પ્રાણીઓની જાળવણી કરવી જરૂરી છે. આપણે જ વિકાસની હરણફાળમાં તેના આવસો અને ખોરાક છીનવતા ઘણા પ્રાણીઓ પ્રજાતિઓ આજે લુપ્ત થઈ ગયા છે.પાલતું પ્રાણી ક્યારેય ખરીદશો નહીં, દત્તક લો.



પાળતુ પ્રાણી હજારો વર્ષોથી માનવ જીવનનો એક ભાગ રહ્યા છે. જ્યારથી આપણે સભ્યતામાં પહેલું પગલું ભર્યું છે, ત્યારથી પ્રાણીઓ આપણી સાથે જ રહ્યા છે. તે માત્ર પ્રાણી નથી પણ આપણા પરિવારનો હિસ્સો છે.

આજના યુગમાં ઘર આસપાસ કે ફ્લેટ પાસે કુતરા-બિલાડી-કબૂતર જેવા ઘણા પશુ પક્ષીઓ આવે છે, તેને ખોરાક પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે. મોટાભાગના પ્રાણીઓ માટે લવ યોર પેટ દિવસ ઉજવાય રહ્યો છે, ત્યારે છેલ્લા દશકામાં આપણા સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ પ્રાણીઓ પાળવાનો ક્રેઝ વધ્યો છે. આજે તો યુવા વર્ગ પણ પોપટ, કબુતર, ડોગ, કેટ અને માછલી જેવા પેટને પાળી રહ્યા છે. ડોગ લવર તો તેના સંતાનો કરતાં પણ તેને વધુ પ્રેમ કરતા જોવા મળે છે. આપણે પાલતુ પ્રાણીને સાચો મિત્ર ગણી શકીએ. રસીકરણ અને કસરત અને તેની માંદગી સમયે તેનું ધ્યાન રાખવું, કારણકે તે મનુષ્યો અને તેમના પાલતુ પ્રાણીઓ વચ્ચે ભાવનાત્મક અને સામાજિક બંધનને મજબૂત બનાવે છે

પાલતુ પ્રાણી તમારી સાથે રહેવા શકય તેટલા પ્રયાસો કરે છે. વૈજ્ઞાનિક તારણો મુજબ પ્રાણીઓ રાખવાથી મનને શાંતી મળે છે. આજે મોટાભાગના લોકોને પ્રાણીઓનો ઉછેર કરવો ગમે છે. વર્ષ ૨૦૦૦ થી આ નેશનલ લવ યોર પેટ ડે ઉજવાય છે.મુખ્યત્વે અમેરિકામાં ઉજવાતા આ દિવસ હવે ભારત સહિત અન્ય દેશોમાં પણ ઉજવાય છે. નિષ્ણાંતો માને છે કે ઘરમાં પ્રાણી રાખવાથી તમારી માનસિક સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળે છે. પ્રાણીઓ તમારી એકલતા અને તણાવને દૂર કરે છે. આજના દિવસે તમારા પાલતુ પ્રાણીને લઈને બહાર ફરવા જાવ ને સરસ સેલ્ફી લો અને તેના માટે વિવિધ વસ્તુઓ લઈને તેને શણગારીને વિવિધ રમકડાંથી રમાડીને ખૂબજ પ્રેમ કરો.

આજે પાલતું પ્રાણી પ્રત્યે પ્રેમ-હૂંફ-કરૂણા દર્શાવવાનો દિવસ છે. માનવજીવન સાથે પશુ પંખીઓ આદી કાળથી જોડાયેલ છે. તેના વગર માનવ જીવન શકય નથી. પર્યાવરણની સુરક્ષા માટે પણ પાલતું પ્રાણી હોવા જરૂરી છે. આજે તો પ્રાણીઓ ઉપર થતી હિંસાઓ સામે કાયદાકીય જોગવાઈ છે. પણ વર્ષો અગાઉ આવું નહતુ માણસો પ્રાણીઓનાં શિકાર કરતા હતા, જેને કારણે ઘણા નાશ પામ્યા. પાલતુ'' શબ્દ સૌ પ્રથમ ૧૬મી સદીમાં શરૂ થયો, જે મૂળ રૂપે હાથથી ઉછેરેલા ઘેટાંનો ઉલ્લેખ કરે છે. આજે પેટ લવર કલબ દ્વારા વિવિધ કાર્યક્રમો પણ યોજાય છે. જેમાં પોતાના પાળેલા ડોગ, કેટ, ઘોડો ,ગાય , ભેંસ, પોપટ, વિગેરે પશુ પંખીઓને પોતાના સંતાનો કરતાં પણ વધુ વહાલ કરી ને તેનો ઉછેર કરી રહ્યા છે. ઘર આંગણાનાં પશુ પક્ષી, પ્રાણી સાથે કુદરતી ખોળે જંગલમાં રહેતા જંગલી પ્રાણીઓ વિગેરેની રક્ષણ જતનની જવાબદારી આપણી છે, તે આજનો દિવસ સૌને યાદ કરાવે છે. આજે સમગ્ર દેશમાં પાળેલા જાનવરો પ્રત્યે આપણે રાષ્ટ્રીય પ્રેમ દિવસ ઉજવીએ છીએ. માનવજાતીએ સભ્યતાનું પગલુ માંડ્યુ ત્યારથી જાનવરો આપણી સાથે વર્ષો પહેલા આદીકાળમાં ભેડીયા સદીઓથી માનવજાતી સાથે રહેતા હતા. બાર હજાર વર્ષ પહેલા કૂતરા બિલાડીને પણ કબ્રમાં દફનાવતાની નોંધ પૂરાણ ગ્રંથોમાં છે. આ બધા ઉપરથી નક્કી થાય કે માનવજાતને પ્રાણીઓ સાથે બહુ જૂનો નાતો છે. વિશ્વમાં પહેલીવાર ૧૬૦૦ના દશકામાં રમકડાનાં(ટોય બ્રીડ) ડોગની પ્રજાતિ રાખવાની શરૂઆત થઈ. સ્પેનમાં ૧૯૬૦માં પક્ષી બજાર શરૂ થઈ હતી, પછી તો અમેરિક્ન કેનલ કલબ દ્વારા ડોગ શો શરૂ થયા, જે આગળ જતા આ પ્રાણી પ્રેમ દિવસ તરીકે ઉજવણી થવા લાગી છે.ટાઈમ લાઈન મુજબ ૧૨૨૬ માં જાનવરો અને પર્યાવરણ સંરક્ષક સંત ફ્રાંસીસની યાદમાં ૪ ઓકટોબરે તથા ૧૯૨૫ માં જર્મનીમાં વિશ્વ પશુ દિવસ સાથે ૨૦૦૪માં અમેરિકામાં રાષ્ટ્રીય ડોગ ડે ઉજવાયો હતો. આજે ૨૧મી સદીમાં પાલતુ પશુ પક્ષી રાખવાનો ક્રેઝ વધ્યો છે. આજે તો નાના બાળકોથી મોટેરા તમામને પોતે પાળેલ ન હોય છતાં તે પ્રાણી પ્રત્યે પ્રેમ હુંફ લાગણી પ્રગટ કરે છે, અને તેને ભોજન પણ આપે છે. સ્ટ્રીટ ડોગ પ્રત્યે તથા તેની મુશ્કેલીમાં મદદ કરવાની યુવા વર્ગમાં સારી જાગૃતિ આવી છે. આજે તમારા પાલતુ જાનવર ને કંઈક નવીન બનાવો, ફરવા લઈ જાવ, હગ કરો સાથે પ્રેમ-હુંફ અને લાગણી સાથે શ્રેષ્ઠ લાલન પાલન કરો. આજના દિવસે કોઈ પાલતુ જાનવરને દત્તક પણ લઈ શકો છો. આજે કોઈ પણ જાતની શર્ત વગર તમારા પાળેલા ડોગ , કેટ, પોપટ વિગેરેને પ્રેમ કરો. કોઈપણ પાલતુ જાનવર આપણી પાસે આવે ત્યારે આપણો ચહેરો ખુશ થાય છે.



### માનવીએ સૌથી પહેલા વરૂ પાળવાનું શરૂ કર્યુ હતુ

દસ હજાર બીસી માં જંગલી રાજ્યમાંથી પાળેલા રાજ્યમાં રૂપાંતર કરવા માટે માનવીએ પ્રથમ પ્રાણી વરૂ ને પાળવાનું શરૂ કરેલ. કુતરાના પુરોગામી એ પ્રાણીને તાલીમ આપીને લોકો ઘરે રાખતા હતા. આ અગાઉ પ્રાચીન ઈજિપ્તમાં બિલાડી પાળવામાં આવતી હતી. ત્રણ હજાર બીસી માં રોમન પ્રજા રંગબેરંગી પોપટ પાળતા હતા. ૩૧૦૦ બીસીમાં ઈજિપ્તવાસીઓ શિકાર કરવા અને રક્ષણ માટે કુતરા પાળતા હતા. ૧૮૫૦ માં કેમેરાની શોધ થઈ ત્યારે પ્રથમવાર પોતાના પાલતું પ્રાણી સાથે ફોટોગ્રાફ લઈને આનંદ માળેલો, જે ફોટાની ૨૦૦૯ માં લીલામી કરતા ૮ હજાર ડોલર્સમાં વેચાયો હતો. આજના દિવસે લોકો પોતાના પ્રાણી ડોગ, બર્ડ, કેટ સાથેના ફોટા સોશિયલ મીડિયામાં શેર કરીને ઉજવણી કરે છે.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

---

### નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશિર્વાદથી

## 'અર્હમ યુવા સેવા ગ્રુપ'નાં સથવારે 'એનિમલ હેલ્પલાઈન' દ્વારા દવાખાનામાં નિ:શુલ્ક સારવાર

### ૧૯૦૦૦ પશુઓની સારવાર અને ૫૬૪ મેજર ઓપરેશન કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ૨૨ વર્ષથી એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાના મોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૨૨ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય','એનિમલ હેલ્પલાઈન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે.



અનેક સુવિધાઓથી સજજ પશુ દવાખાનામાં પશુ-પક્ષીઓ માટે ICU અને વેન્ટિલેટરની સુવિધા, ગંભીર બીમારી વાળા કેસ માટે તમામ પ્રકારના લોહીના, લીવર-કીડનીના રીપોર્ટની સુવિધા, પશુ અને પક્ષીઓની બ્લડલેસ આધુનિક મશીનો દ્વારા સર્જરી, પશુ-પક્ષીમાં તૂટેલા હાડકાના પ્લેટિન્ગના, પથરીના, પેટ અને આંતરડા, આંખ, કેન્સર વગેરેના ઓપરેશન, પશુઓ માટે ની આધુનીક મશીન વડે તપાસની સુવિધા,પશુ-પક્ષીના તમામ પ્રકારના રોગો માટેની સારવાર, પશુ-પક્ષીઓને તમામ પ્રકારની રસી આપવાની સુવિધા અને પશુ-પક્ષીઓની જાળવણી, માવજત, ખોરાક સંબંધી માર્ગદર્શન વિગેરે પ્રકારની અતિ આધુનિક તમામ પ્રકારની સારવાર દવાખાનામાં નિ:શુલ્ક આપવામાં આવે છે.

---

## વિશ્વમાં સૌ પ્રથમ હવાઈ ડાક સેવા પ્રયાગરાજ ખાતે ૧૧૫ વર્ષ પહેલા શરૂ થઇ હતી

### દર વર્ષે, અમદાવાદ સ્થિત ફોરેન પોસ્ટ ઓફિસમાંથી હવાઈ ડાક સેવા દ્વારા ૨ લાખથી વધુ ડાક અને પાર્સલ વિદેશમાં મોકલવામાં આવે છે: પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**અબતક, રાજકોટ**

સમગ્ર વિશ્વમાં ડાક સેવાઓએ ઘણી લાંબી સફર કરી છે. ભારતનું સૌભાગ્ય છે કે વિશ્વની પ્રથમ હવાઈ ડાક સેવા અહીંથી શરૂ થઈ. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ ઐતિહાસિક ઘટના ૧૧૫ વર્ષ પહેલાં ૧૮ ફેબ્રુઆરી, ૧૯૧૧ના રોજ પ્રયાગરાજમાં બની હતી. યોગાનુયોગ એ વર્ષે કુંભ મેળાનું પણ આયોજન થયું હતું. તે દિવસે ફ્રેન્ચ પાઈલટ મોન્સિયર હેનરી પિકેટે નવો ઈતિહાસ રચ્યો હતો. તેઓ પોતાની સાથે ૬,૫૦૦ પત્રો લઈને પ્રયાગરાજથી નૈની સુધી વિમાનમાં ઉડાન ભરી હતી. વિમાન હેવિલેન્ડ એરક્રાફ્ટ હતું અને તેણે વિશ્વની પ્રથમ સરકારી ડાક વહન કરવાના નવા યુગની શરૂઆત કરી હતી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવના જણાવ્યા મુજબ, તે દિવસે ડાક ની ઉડાન જોવા માટે લગભગ એક લાખ લોકો પ્રયાગરાજમાં એકઠા થયા હતા જ્યારે સાંજે ૫.૩૦ વાગ્યે એક વિશેષ વિમાને યમુના નદીના કિનારેથી ઉડાન ભરી અને નદી પાર કરીને ૧૫ કિલોમીટરનું અંતર કાપ્યું અને પ્રયાગરાજની બહારની સેન્ટ્રલ જેલની નજીક આવેલા નૈની જંકશન પાસે ઉતર્યું. કાર્યક્રમનું સ્થળ એક કૃષિ અને વેપાર મેળો હતું જે નદીના કિનારે યોજાયો હતો



અને તેનું નામ 'યુપી પ્રદર્શન' હતું. આ પ્રદર્શનમાં બે ફ્લાઈંગ મશીન પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. કેટલાક બ્રિટિશ અધિકારીઓ દ્વારા આ વિમાનની આયાત કરવામાં આવી હતી. તેના જુદા જુદા ભાગો હતા જે સામાન્ય લોકોની હાજરીમાં પ્રદર્શન સ્થળ પર ભેગાં કરવામાં આવ્યા હતા. ૧૧૫ વર્ષ પહેલા પ્રયાગરાજથી નૈની જંકશન સુધીની હવાઈ સફર માત્ર ૧૩ મિનિટમાં પૂર્ણ થઈ હતી.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપી હતી કે અમદાવાદ સ્થિત ફોરેન પોસ્ટ ઓફિસમાંથી દર મહિને ૨૦ હજારથી વધુ ડાક બેગ હવાઈ માર્ગે ભારત અને વિદેશમાં મોકલવામાં આવે છે. આમાંથી, દર મહિને ૨૦ થી ૨૫ હજાર ડાક બેગ ૨૦૦ થી વધુ દેશોમાં મોકલવામાં આવે છે. ૬૦ દેશો માટે સીધી બેગિંગ સુવિધા ઉપલબ્ધ છે, જ્યારે અન્ય દેશો માટે, દિલ્હી અથવા મુંબઈ જેવા મુખ્ય શહેરોથી ફ્લાઈટ કનેક્ટિવિટી મુજબ વિદેશમાં ડાક મોકલવામાં આવે છે. ફોરેન પોસ્ટ ઓફિસ, અમદાવાદથી દર વર્ષે ૨ લાખથી વધુ પોસ્ટલ બેગ અને પાર્સલ વિદેશમાં મોકલવામાં આવે છે. તે જ સમયે, દેશની અંદર અમદાવાદથી દર મહિને ૧૯ હજારથી વધુ બેગ, જેમાં લગભગ ૮૦,૦૦૦ કિલો વજનના પોસ્ટલ અને પાર્સલનો સમાવેશ થાય છે જે હવાઈ માર્ગે મોકલવામાં આવે છે.

આજે વિશ્વભરમાં સંદેશાવ્યવહારના ઘણા માધ્યમો છે, પરંતુ પત્રોની જીવંતતાનું પોતાનું અલગ સ્થાન છે. આ પત્રો તેમના સમયના જીવંત દસ્તાવેજો છે. આમાંથી કેટલાક પત્રો સાહિત્યના પાનામાં રૂપાંતરિત થયા. આજે, વિમાન દ્વારા દેશ અને વિશ્વમાં ડાક પહોંચી રહી છે, પરંતુ તેનો ઈતિહાસ કુંભ અને પ્રયાગરાજ સાથે અતૂટ રીતે જોડાયેલો છે. આ પત્રો એવા સમયે વૈશ્વિકરણની વિભાવનાને વ્યાખ્યાયિત કરે છે જ્યારે વિદેશ જવું પણ એક દુ:સ્વપન હતું. હવાઈ મેલ સેવાએ માત્ર પત્રોને જ પાંખો નથી આપી પરંતુ લોકોના સપનાઓને ઉડાન પણ આપી છે. ભારત અને વિદેશ વચ્ચે બનેલી વિવિધ ઐતિહાસિક ઘટનાઓ સાથે જોડાયેલી માહિતી અને પાસાઓને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવામાં હવાઈ મેઈલ સેવાનું યોગદાન હંમેશા અવિસ્મરણીય રહેશે.

---

## પીએમ વિશ્વકર્મા હાટની મુલાકાત લઈ ગ્રેટર ચેમ્બરના આગેવાનોએ હસ્તકલાના કારીગરોને બિરદાવ્યા




**અબતક, રાજકોટ**

રાજકોટ લઘુ મધ્યમ અને નાના ઉદ્યોગ વન વિભાગ અને કોટેજ રૂરલ ઉદ્યોગના કમિશનરના સંયુકત ઉપક્રમે યોજાયેલા પીએમ વિશ્વકર્મા હાટ ૨૦૨૬ના હસ્તકલા મેળામાં લાકડાના ઉત્પાદનો, હસ્તકલા ,માટીકામ ,શિલ્પકાર ,સુવર્ણકાર અને ઈમીટેશન ઝવેરાત, લુહાર ,ધાતુના ઉત્પાદનો, ફૂટવેર, બાસ્કેટમેટ શાન ના ઉત્પાદનો ઢીંગલી રમકડા ઉત્પાદનો અને વિવિધ પ્રકારના હસ્તકલા ના પ્રદર્શન ની લેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના બધા અધિકારીઓએ મુલાકાત લઈ હસ્તકલાના કારીગરોને બિરદાવ્યા હતા. ગ્રેટર ચેમ્બરના પ્રમુખ રમેશભાઈ ઝાલાવાડીયા ઉપપ્રમુખ ઈશ્વરભાઈ બામરોલીયા, મયુરભાઈ શાહ અને પદાધિકારીઓએ વિશ્વકર્મા હાટ ની મુલાકાત લઇ એક એક સ્ટોલની પ્રદર્શિત વસ્તુઓ નું અવલોકન મૂલ્યાંકન અને કારીગરોની કલાનું ઝીણવટ પૂર્વક નિરીક્ષણ કર્યું હતું આગેવાનોએ ગ્રાહકો અને ખરીદારો સાથે મુલાકાત કરી તેમના અભિપ્રાય લીધા હતા અને ટોલ ધારકોને પ્રોત્સાન આપ્યું હતું અને પ્રજાજનોને આ પ્રદૂષણની અચૂક મુલાકાત લેવા અપીલ કરી હતી.

---

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૦-૦૨-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચણીયા ટોળી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ટેન્ગી પોટેટો રોટી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૦૨-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## અબતક પંચાગ

### તા. ૨૧-૨ -૨૦૨૬ શનીવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા શુદ ચોથ પંચક સાંજે ૭.૦૮ સુધી
**નક્ષત્ર** રેવતી
**યોગ** શુભ **કરણ:** બવ
**સુર્યોદય** ૭.૧૬ **સુર્યાસ્ત:** ૬.૪૬
**ચંદ્ર રાશી** મીન સાંજે ૭.૦૮થી મેષ
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ/અ.લ.ઈ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૮ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | ૫ | ૪ | ૧ | |
| ૪ | ૧ | ૨ | | ૮ | ૭ | | | ૫ |
| ૫ | | | | ૩ | | ૬ | | ૮ |
| | | | | ૯ | | ૮ | ૭ | |
| ૨ | ૯ | | ૭ | | | | | |
| | | ૮ | | ૫ | | | ૬ | ૯ |
| ૧ | | ૭ | | | | | ૪ | |
| | | ૫ | | | | ૭ | ૯ | ૩ |
| | ૨ | ૪ | ૫ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૬૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૬ | ૧ | ૩ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ | ૯ | ૬ | ૧ |
| ૪ | ૬ | ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૩ | ૨ |
| ૯ | ૨ | ૩ | ૭ | ૬ | ૮ | ૧ | ૪ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૧ | ૭ | ૨ | ૮ |
| ૧ | ૭ | ૮ | ૪ | ૫ | ૨ | ૬ | ૯ | ૩ |
| ૨ | ૮ | ૯ | ૧ | ૩ | ૬ | ૫ | ૭ | ૪ |
| ૫ | ૪ | ૭ | ૮ | ૨ | ૯ | ૩ | ૧ | ૬ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૪ | ૭ | ૨ | ૮ | ૯ |

---

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૧.૨.૨૦૨૬, શનિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ ચોથ, રેવતી નક્ષત્ર, શુભ યોગ, વિષ્ટિ કરણ આજે સાંજે ૭.૦૬ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મીન (દ,ચ,ઝ,થ) ત્યારબાદ મેષ (અ,લ,ઈ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે .

**વૃષભ (બ,વ,ઉ) :** તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાંથી માર્ગ મળે, મધ્યમ દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :** કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.

**કર્ક (ડ,હ) :** નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ) :** તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,દિવસ એકંદરે સારો રહે.

**તુલા (ર,ત) :** દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય) :** કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.

**મકર (ખ,જ) :** નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.

**કુંભ (ગ,સ,શ ) :** સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે,નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકોને પ્રભાવિત કરી શકો.

# મત તૂટવાનો ભયઃ ડીઆઈનું કામ મંજૂર પણ રોડ ચૂંટણી પછી ખોદવાની શરત!

## વોર્ડ નં.૭, ૧૪ અને ૧૭માં ઢેબર રોડ સાઈટના વિસ્તારમાં હાઉસ કનેક્શન સાથે ડીઆઈ પાઈપલાઈન નેટવર્ક માટે રૂ.૪૫ કરોડનો ખર્ચ મંજૂર કરતી સ્ટેન્ડિંગઃ કામ ચૂંટણી પરિણામ પછી શરૂ કરાશે

## સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૬૭ પૈકી બે દરખાસ્તો પેન્ડિંગઃ રૂ.૧૭૫ કરોડના વિકાસ કામોને બહાલી







તસવીરઃ શૈલેષ વાડોલિયા


**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન બોડીની મુદ્દત આગામી ૧૧ માર્ચે પૂર્ણ થઈ રહી છે. સંભવતઃ એપ્રિલ કે મે માસમાં ચૂંટણી યોજાઈ તેવી સંભાવના જણાઈ રહી છે. ભાજપના શાસકોએ પાણી પહેલા પાળ બાંધવાનું શરૂ કરી લીધું હોય તેવું લાગી રહ્યું છે. કોર્પોરેશનની ચૂંટણીમાં મત ના તૂટે અને લોકરોષનો સામનો કરવો ન પડે તે માટે આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના વોર્ડ નં.૭, ૧૪ અને ૧૭માં ગુરૂકુળ હેડવર્ક્સ હેઠળ આવતા ઢેબર રોડ સાઈટના વિસ્તારોમાં ડીઆઈ પાઈપલાઈન નેટવર્ક માટે રૂ.૪૫ કરોડનો ખર્ચ મંજૂર કરી દેવામાં આવ્યો હતો પરંતુ ચૂંટણીના પરિણામ પછી જ રોડ ખોદવાની શરત રાખવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૬૭ પૈકી બે દરખાસ્તો વધુ અભ્યાસ માટે પેન્ડિંગ રાખવામાં આવી હતી. જ્યારે વેસ્ટ ઝોનમાં જુદા-જુદા બગીચાઓ, સિનિયર સિટીઝન પાર્ક અને બાલ ક્રિડાંગણની જાળવણી માટેનો એક વર્ષનો ખર્ચ રૂ.૧.૧૭ કરોડ વધુ લાગતા આ કામ માટે રિ-ટેન્ડરીંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વોર્ડ નં.૭, ૧૪ અને ૧૭માં ડીઆઈ પાઈપલાઈન ડિસ્ટ્રીબ્યૂશન નેટવર્ક માટે ખર્ચ મંજૂર કરવાની દરખાસ્ત અગાઉ પેન્ડિંગ રાખવામાં આવી હતી. દરમિયાન હવે બોડીની મુદ્દત પૂર્ણ થવાના આડે માત્ર ૨૦ દિવસ બાકી રહ્યા હોય ગુરૂકુળ હેડવર્ક્સ હેઠળ આવતા ઢેબર રોડ સાઈટના વિસ્તારોમાં હાઉસ કનેક્શન સાથે ડીઆઈ પાઈપલાઈન ડિસ્ટ્રીબ્યૂશન નેટવર્કનું કામ કરવા માટે રૂ.૪૫ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. ડીઆઈ પાઈપલાઈન માટે શહેરભરમાં આડેધડ રોડ ખોદી નાંખવામાં આવ્યા હતા. જેના કારણે ચોમાસામાં શહેરીજનોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો અને કોર્પોરેશન સામે રોષ ફાટી નીકળ્યો હતો. ચૂંટણીના આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે ત્યારે ત્રણ વોર્ડના રસ્તાઓ ડીઆઈ પાઈપલાઈન માટે ફરી ખોદવામાં આવે તો મત તૂટવાનો ભય શાસકોને સતાવી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખી આજે ડીઆઈના કામ માટે કરોડોનો ખર્ચ મંજૂર કરી દેવામાં આવ્યો હતો પરંતુ ચૂંટણી પરિણામ પછી એટલે કે ચોમાસાની સિઝન પૂરી થાય પછી જ રોડ ખોદી પાઈપલાઈન બિછાવવાનું કામ શરૂ કરવાની શરત રાખવામાં આવી હતી.

આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ફાયર બ્રિગેડ શાખાના ઉપયોગ માટે પાંચ એ.સી. એમ્બ્યુલન્સ સહિત કુલ ૧૧ એમ્બ્યુલન્સની ખરીદી માટેનો વધારોનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. ઓડીટ વિભાગના કર્મચારીઓને આસિસ્ટન્ટ ઓડિટરમાંથી ઓડિટર તરીકે બઢતી આપવાની જે દરખાસ્ત છેલ્લા ઘણા સમયથી પેન્ડિંગ રાખવામાં આવતી હતી તેને આજે મંજૂરીની મહોર મારી દેવામાં આવી છે. પેવિંગ બ્લોકના કામ માટે રૂ.૭ કરોડ, સીસી રોડના કામ માટે રૂ.૧.૦૭ કરોડ, ડીઆઈ પાઈપલાઈનના કામ માટે રૂ.૫૮.૯૦ કરોડ, સ્ટ્રોમ વોટર ડ્રેઈનના કામ માટે રૂ.૧ કરોડ, બોક્સ કલ્વર્ટ અને સ્લેબ કલ્વર્ટના કામ માટે રૂ.૨.૬૦ કરોડ, નવા કોમ્યુનિટી હોલ માટે રૂ.૧૨.૮૧ કરોડ સહિત વિવિધ વિકાસ કામો માટે રૂ.૧૭૫ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો.

### ૩૩ બગીચાનો નિભાવણી ખર્ચ વર્ષે રૂ.૧.૧૭ કરોડ!: ભાવ વધુ લાગતા રિ-ટેન્ડરીંગનો નિર્ણય



શહેરના વેસ્ટ ઝોન વિસ્તારમાં આવેલા અલગ-અલગ બગીચાઓ, સિનિયર સિટીઝન પાર્ક અને બાલ ક્રિડાંગણની એક વર્ષની જાળવણી કરવા માટે રૂ.૧.૧૭ કરોડનો ખર્ચ મંજૂર કરવા માટેની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. જે ખર્ચ વધુ લાગતા દરખાસ્ત મંજૂર કરવા કે પેન્ડિંગ રાખવાના બદલે આ કામ માટે નવેસરથી ટેન્ડર પ્રસિધ્ધ કરીને ઓફર મંગાવવાની સૂચના આપવામાં આવી છે.

### પ્રદ્યુમન પાર્ક ઝૂની એન્ટ્રી ટિકિટમાં ભાવ વધારો નામંજૂર

**લાયન સફારી પાર્કના લોકાર્પણ બાદ ટિકિટનો દર નક્કી કરાશે**

પ્રદ્યુમન પાર્ક ઝૂમાં એન્ટ્રી ટિકિટના હયાત દરોમાં વધારો કરવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી દ્વારા નામંજૂર કરી દેવામાં આવી છે. જ્યારે લાયન સફારી પાર્કની ટિકિટના દર લોકાર્પણ બાદ નક્કી કરવામાં આવશે. તેઓ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રદ્યુમન પાર્કમાં ત્રણ થી ૧૨ વર્ષ સુધીના બાળકોનો ટિકિટનો દર રૂ.૧૦ થી વધારી રૂ.૨૦ કરવા, ૧૨ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિને એન્ટ્રી ટિકિટના ભાવ રૂ.૨૦ થી વધારી રૂ.૫૦ કરવા અને સિનિયર સિટીઝન માટેનો દર રૂ.૧૦થી વધારી રૂ.૨૦ કરવા જ્યારે પરદેશી વ્યક્તિ માટેનો હયાત દર રૂ.૧૦૦ થી વધારી રૂ.૩૦૦ કરવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. જેને નામંજૂર કરાય છે. લાયન સફારી પાર્કનું 30% થી વધુ કામ હજુ કામ છે. લોકાર્પણના આડે હજુ મહિનાઓ બાકી છે. છતા અધિકારીઓ દ્વારા સફારી પાર્કની એન્ટ્રી ટિકિટના દર નક્કી કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. લાયન સફારી પાર્કના લોકાર્પણ બાદ ટિકિટના દર નક્કી કરવામાં આવશે તેવો નિર્ણય ખડી સમિતિ દ્વારા લેવામાં આવ્યો હોય તેવું જાણવા મળી રહ્યું છે.




### અમિન માર્ગ પરના પ્લોટ વેંચાણની દરખાસ્ત સ્ટેન્ડિંગે જ અટકાવી

અલગ-અલગ ટીપી સ્કિમ અંતર્ગત કોર્પોરેશનને મળેલા ટીપીના પ્લોટનું સમયાંતરે વેંચાણ કરવામાં આવતું હોય છે. ગત મહિને અલગ-અલગ વિસ્તારોમાં ટીપીના ૭ પ્લોટ વેચવા માટે ઈ-ઓક્શન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. દરમિયાન કેટલાક જમીનધારકોએ આ પ્રક્રિયા સામે વાંધો ઉઠાવ્યો હતો. ઈ-ઓક્શન દરમિયાન એકમાત્ર અમિન માર્ગ - ૧૫૦ ફૂટ રીંગ રોડના ખૂણે આવેલો ૪૬૬૯ ચોરસ મીટરનો પ્લોટ જ વેચાયો હતો. જેને મંજૂરી આપવા માટે સ્ટેન્ડિંગમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. ટીપીના પ્લોટ સામે વાંધા ઉભા કરી ખોટી અડચણ નાખનારા લોકોને પાઠ ભણાવવા માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા દરખાસ્તને અટકાવી દેવામાં આવી છે. હાલ પૂરતી આ દરખાસ્તને પેન્ડિંગ રાખવામાં આવી છે. આવતી સ્ટેન્ડિંગમાં આ અંગે નિર્ણય લઈ લેવામાં આવશે.

### નવી વોર્ડ ઓફિસ સામે લત્તાવાસીઓનો જ વિરોધઃ દરખાસ્ત પેન્ડિંગ

**સ્થાનિક કોર્પોરેટરોની સમજાવટ બાદ વોર્ડ નં.૧૦ની વોર્ડ ઓફિસ અંગે નિર્ણય લેવાશે**

શહેરના વોર્ડ નં.૧૦માં નવી વોર્ડ ઓફિસ અને રોશની શાખાના ઉપયોગ માટે સ્ટોર બનાવવાના કામ માટે રૂ.૧.૬૭ કરોડનો ખર્ચ મંજૂર કરવા સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. પરંતુ અહિં ન્યૂ ગાંધી સોસાયટી સહિતના લત્તાઓના લોકોએ નવી વોર્ડ ઓફિસ સામે સ્થાનિક કોર્પોરેટરો સમક્ષ વિરોધ નોંધાવ્યો હતો. જેને ધ્યાનમાં રાખી આજે આ દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી હતી. સ્થાનિક કોર્પોરેટરોને સોસાયટીઓના લોકોને સમજાવવા અને વોર્ડ ઓફિસ બનાવવાના કામ માટે રાજી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. સહમતી બન્યા બાદ નિર્ણય લેવામાં આવશે.









### મહારાણા પ્રતાપ કોમ્યુનિટી હોલ રૂ.૧૨.૮૧ કરોડના ખર્ચે નવા રંગરૂપ ધારણ કરશે

શહેરના વોર્ડ નં.૬માં આવેલો મહારાણા પ્રતાપ કોમ્યુનિટી હોલના નવીનીકરણ માટે રૂ.૧૨.૮૧ કરોડનો ખર્ચ સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર કરવામાં આવ્યો છે. જેમાં ૩૨૩૧૬ ચોરસ મીટરમાં બાંધકામ કરવામાં આવશે. ગ્રાઉન્ડ ફ્લોર પર હોલ, કિચન, સ્ટેજ, ઓફિસ, સ્ટોરરૂમ, વોશિંગ એરિયા, ટોયલેટ અને કાર પાર્કિંગ જેવી સુવિધા રહેશે. ફર્સ્ટ ફ્લોર પર હોલ, કિચન, સ્ટેજ, સ્ટોરરૂમ બનાવવામાં આવશે. બેઝમેન્ટ પાર્કિંગમાં ૨૬ કાર અને ૩૨ ટુ-વ્હીલર પાર્ક કરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવાશે. બે લીફ્ટ અને એક ગુડ્ઝ લીફ્ટ ઉપરાંત સીસીટીવી કેમેરા, ફાયર ફાઈટીંગ સિસ્ટમ, સોલાર સિસ્ટમ જેવી સુવિધાઓ પણ રિનોવેશન દરમિયાન ઉભી કરવામાં આવશે.

# રેલવે, કુરીયર અને હવાઈ માર્ગે ડ્રગ્સની હેરાફેરી કરતા પેડલરોની હવે ખેર નહીંઃ સઘન ચેકીંગ ઝુંબેશ

## પોલીસ વિભાગની સાથે ખેતીવાડી, આરોગ્ય, શિક્ષણ વિભાગની સક્રિય ભુમિકાથી નશામુક્ત ભારત અભિયાનને સાર્થક બનાવીએઃ મહેન્દ્ર બગડીયા





**અબતક, રાજકોટ**

અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાની અધ્યક્ષતામાં રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. જેમાં અધિક પોલીસ કમિશનરએ માત્ર પોલીસ વિભાગ જ નહીં તમામ વિભાગ સંયુક્ત રીતે જોડાઈ 'નશામુક્ત ભારત અભિયાન'ને સાર્થક બનાવે તેવી અપીલ કરી હતી. બગડિયાએ ખેતીવાડી વિભાગ દ્વારા ગાંજાનું ઉત્પાદનકર્તા વિરુદ્ધ, મેડિકલ વિભાગ દ્વારા ગેરકાયદે સિરપના વેચાણકર્તા વિરુદ્ધ સઘન કામગીરી કરવા સૂચના આપી હતી, સાથોસાથ તેમણે 'નશામુક્ત ભારત અભિયાન'ને સાર્થક બનાવવા યુવાવર્ગને માદક દ્રવ્યોના વ્યસનથી બચાવવા તથા શાળા, કોલેજ, યુનિવર્સિટીમાં ડ્રગ્સ અવેરનેસ કેમ્પેઈન ચલાવી યુવાઓમાં જાગૃતિ લાવવા સૂચન કર્યું હતું. વધુમાં રેલવે, એર અને કુરિયર દ્વારા થતી નાર્કોટિક્સ ડ્રગ્સની હેરાફેરીને ધ્યાને લઈ પોલીસ વિભાગને સઘન ચેકીંગ ઝુંબેશ ચલાવવા અધિક પોલીસ કમિશનરશ્રીએ સૂચના આપી હતી.

એસ.ઓ.જીના પી.આઈ. એસ.એમ.જાડેજાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી. જેમાં શાળા, કોલેજમાં જનજાગૃતિ કાર્યક્રમ, એસ.ઓ.જી. અને પોલીસ વિભાગ દ્વારા ગાંજા અને એમ.ડી. ડ્રગ્સના વેચાણ કરતા ૪ કેસમાં આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ.ના કેસ, શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ ૩૨૩ કેસમાં રૂ. ૬૪,૬૦૦નો દંડ કરાયાનું જણાવ્યું હતું.

આ બેઠકમાં ડી.સી.પી. ઝોન - ૨ રાકેશ દેસાઈ સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કસ્ટમ, સમાજ સુરક્ષા, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક, સિવિલ, મનોચિકિત્સક, રિહેબિલિટેશન, કૃષિ અને વન વિભાગ, તોલમાપ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, મહાનગર તેમજ સિવિલના આરોગ્ય અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સિટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

**નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠકમાં નશાના વેપલા સામે અસરકારક કામગીરી કરવા એડી. સીપીની સુચના**

# અરિહંત ઇન્વેસ્ટમેન્ટ આયોજિત મેગા ઈવેન્ટ 'પૈસાથી પ્રગતિ સુધી'ને ઐતિહાસિક પ્રતિસાદ

## હેમુ ગઢવી હોલ હાઉસફુલ, રોકાણકારો બહોળી સંખ્યામાં ઉમટ્યાં: 'આજે નહીં તો ક્યારેય નહીં' નાટકને લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યુ



**અબતક, રાજકોટ**

પૈસા કમાવા એ માત્ર શરૂઆત છે, પરંતુ પૈસાથી પ્રગતિ કરવી એ સાચી સફળતા છે. જ્યારે કમાણી સમજદારીથી બચત, રોકાણ અને આયોજનમાં ફેરવાય છે, ત્યારે પૈસા માત્ર ખર્ચ થવાનું સાધન નહીં રહે-પરિવારની સુરક્ષા, સપનાઓ અને ભવિષ્યની ચાવી બની જાય છે. એટલે સફર પૈસાથી શરૂ થાય છે, પરંતુ પ્રગતિ ત્યાં થાય છે જ્યાં પૈસા બુદ્ધિપૂર્વક કામ કરે છે. ત્યારે રાજકોટના હેમુ ગઢવી ઓડિટોરિયમ ખાતે અરિહંત ઈન્વેસ્ટમેન્ટ, આઈસીઆઈસીઆઈ મ્યુચ્યુઅલ ફંડ અને શ્રી મેહુલભાઈ રવાણી દ્વારા યોજાયેલ પૈસા થી પ્રગતિ સુધી સેમિનાર અને આજે નહીં તો ક્યારેય નહીં નાટક યોજાયુ હતું. જેને શહેરવાસીઓ તરફથી ઉત્સાહભેર પ્રતિસાદ મળ્યો હતો. હેમુગઢવી ઓડિટોરિયમ હાઉસફૂલ થઈ ગયું અને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિતોમાં નાણાકીય જાગૃતિ અને જીવનમૂલ્યો અંગે નવી દ્રષ્ટિ વિકસતી જોવા મળી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનો હેતુ માત્ર રોકાણની માહિતી આપવાનો નથી, પરંતુ દરેક પરિવાર નાણાકીય રીતે સુરક્ષિત અને નિશ્ચિંત બને એવી સમજ આપવાનો છે. જીવનમાં આપણે બધા મહેનત કરીને કમાઈએ છીએ, પરંતુ ઘણીવાર પૈસાને સાચી દિશામાં વાળવાની સમજ પાછળ રહી જાય છે. પૈસા કમાવા અને પૈસાથી પ્રગતિ કરવી - બે અલગ બાબતો છે. સાચી પ્રગતિ ત્યારે થાય છે, જ્યારે નાની બચતને નિયમિત બનાવવામાં આવે, જઈંડ જેવી શિસ્ત અપનાવવામાં આવે અને લાંબા ગાળાનો દ્રષ્ટિકોણ રાખવામાં આવે. યોગ્ય આયોજન સાથે આજની નાની બચત આવતીકાલે તમારા પરિવારના સુખ, સુરક્ષા અને સપનાઓની મજબૂત આધારશિલા બની શકે છે.

પ્રગતિનો સાચો માપદંડ બેંક ખાતામાં કેટલી રકમ છે તે નથી, પરંતુ ઘરમાં કેટલી શાંતિ છે, બાળકોનું ભવિષ્ય કેટલું સુરક્ષિત છે

(અનુ. આઠમા પાને)

### SIP નાણાકીય સુરક્ષાનો વિશ્વસનીય સાથી છે: મેહુલ રવાણી



સમગ્ર આયોજન અંગે કાર્યક્રમના પ્રારંભે જૈન અગ્રણી,લેખક, વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર એન્કર, વક્તા, સિંગર, જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ-વેસ્ટના ઉપપ્રમુખ, સ્વ. કીર્તિકુમાર કેશવલાલ રવાણી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અને અરિહંત ઇન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર શ્રી મેહુલભાઈ મહેન્દ્રભાઈ રવાણીએ મોટીવેશન સ્ટોરીથી પોતાનું વક્તવ્ય શરૂ કરતા જણાવ્યું હતું કે, "SIP તમારા પરિવારનો સભ્ય છે કારણ કે SIP માત્ર રોકાણની યોજના નથી, પરંતુ તમારા પરિવારની નાણાકીય સુરક્ષાનો એક વિશ્વસનીય સાથી છે. જેમ પરિવારનો સભ્ય તમારી સાથે જીવનભર રહે છે, તમારી જરૂરિયાતોમાં સાથ આપે છે અને ભવિષ્ય માટે આધાર બને છે, તેમ SIP પણ નિયમિત રીતે તમારી બચતને વધારતી રહે છે અને તમારા સપનાઓ પૂરાં કરવામાં મદદરૂપ બને છે. સમય સાથે તે ધીમે ધીમે વૃદ્ધિ પામે છે, જેથી બાળકોનું ભણતર, ઘર ખરીદી, નિવૃત્તિ જેવી મહત્વની જરૂરિયાતો નિશ્ચિત અને સુરક્ષિત બની શકે. તેથી જઈંડ ને પરિવારના સભ્ય જેવો વિશ્વાસપાત્ર સાથી માનવામાં આવે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સફળ લોકો સમય બનાવે છે બહાના

(અનુ. આઠમા પાને)

# શ્રીનાથધામ હવેલીમાં ભક્તિમય માહોલ વચ્ચે વૈષ્ણવોએ બ્રહ્મસંબંધ દીક્ષા કરી ગ્રહણ

## વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજીની મંગલ ઉપસ્થિતિમાં ૧૦૦થી વધુ વૈષ્ણવોએ લીધા બ્રહ્મસંબંધ: હવેલી પરિસરમાં છવાયો આધ્યાત્મિક ઉલ્લાસ





**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલી વીવાયઓ શ્રીનાથ ધામ હવેલી ખાતે તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ ભવ્ય અને ભક્તિમય વાતાવરણ વચ્ચે વિશેષ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિએ સમગ્ર હવેલી પરિસરને પાવન અને ઉર્જાસભર બનાવી દીધું હતું.

કાર્યક્રમ દરમિયાન વૈષ્ણવ ભક્તોએ શ્રી ઠાકોરજીના પાવન દર્શન કરી આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો. વ્રજરાજકુમારજી સાથે મુલાકાત લઈ આશીર્વાદ મેળવવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા. હવેલી પરિસરમાં ભજન-કીર્તન અને વૈષ્ણવ પરંપરાનુરૂપ વિધિઓ સાથે શ્રદ્ધાભાવનો માહોલ સર્જાયો હતો. આ અવસરે ૧૦૦થી પણ વધુ વૈષ્ણવોએ પૂજ્ય વ્રજરાજકુમારજી મહોદય પાસેથી બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરી પોતાની આધ્યાત્મિક યાત્રાને નવીન પ્રારંભ કર્યો. બ્રહ્મસંબંધ દીક્ષા વૈષ્ણવ પરંપરામાં

(અનુ. આઠમા પાને)

## ઘણણણણ ડુંગરા ડોલે માતા જીજા બાઈ ઝુલાવે

# છત્રપતિ શિવાજીના રંગરૂપ ધારણ કરતા સરસ્વત્તી શિશુ મંદિરના ભૂલકાઓ



**અબતક, રાજકોટ**

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત સરસ્વતી શિશુમંદિર રણછોડનગર ખાતે છત્રપતિ શિવાજી જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય ઈતિહાસના મહાન પરાક્રમી રાજા અને હિન્દવી સ્વરાજયના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતી નિમિત્તે વિદ્યાર્થીઓએ શિવાજી મહારાજના જીવનના મહત્વના પ્રસંગો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓ શિવાજી મહારાજ, જીજાબાઈ અને માવળાઓના વેશમાં સજ્જ થઈને આવ્યા હતા, જે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. અંતે 'જય ભવાની જય શિવાજી'ના ગગનભેદી નારાઓ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆર અને ટ્રસ્ટી ખંતિલભાઈ મહેતાએ વીર છત્રપતિ શિવાજી મહારાજના પ્રેરણાદાયી પ્રસંગોનું સ્મરણ કર્યું હતું.

# પી.એચ.ડી. કરવા સંશોધન પત્ર કેમ તૈયાર કરશો ? ધર્મેન્દ્રસિંહ કોલેજના યોજાયો 'સેમિનાર'

## અર્થશાસ્ત્ર સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા રાઈટીંગ વર્કશોપમાં નિષ્ણાંતોએ ભાવિ ડોકટરોને ભણાવ્યા પાઠ





**અબતક, રાજકોટ**

વિદ્યાર્થીથી લઈ અધ્યાપકો સુધી દરેકની ઈચ્છા હોય છે કે તેમના નામ આગળ ડોકટરની પદવી લાગે પી.એચ.ડી. થવા માટે શોધ પત્રો તૈયાર કરવા ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોમર્સ કોલેજના અર્થશાસ્ત્રી - સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

નોલેજ કન્સોર્ડીયમ ઓફ ગુજરાત, સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા રીચર્સ ઈનોવેશન એસ્ટેન્સન ગ્રાન્ટ ટુ ગર્વન કોલેજ યોજના અંતર્ગત ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજનાં અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિભાગનાં સંયુકત ઉપક્રમે સંશોધન પેપર અને સંશોધન પ્રપોઝલ રાઈટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. ૧૮મી ફેબ્રુઆરી ૨૬ નાં રોજ કોલેજના સેમીનાર હોલમાં યોજાયેલ આ વર્કશોપમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતની વિવિધ કોલેજનાં અધ્યાપકો, વિવિધ યુનીવર્સીટીનાં રીસર્ચ સ્કોલર્સ, સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ મળી કુલ ૧૦૨ લોકા સહભાગી થયા હતા.

સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધીના આ વર્કશોપનું ઉદઘાટન કોલેજના આચાર્ય ડો. પરેશ રાવલના હસ્તે થયું હતું. તેમણે ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા સરકારી કોલેજોમાં સંશોધનને વેગ અને પ્રોત્સાહન માટે સરકારની પહેલને બિરદાવી હતી. મુખ્ય વક્તા તરીકે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજના અર્થશાસ્ત્રનાં પ્રોફેસર ડો. આત્માન શાહ હાજર રહ્યા હતા

(અનુ. આઠમા પાને)

# ડિસ્ટ્રિક્ટ ચેસ સિલેકશનમાં બાલભવનના બાલસભ્યો ચમક્યા

## પ્રાકૃત સોની પ્રથમ, મૌલિક પરમાર તૃતીય સ્થાન પર: સ્ટેટ લેવલ માટે પસંદગી



**અબતક, રાજકોટ**

રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા શહેરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે રાજકોટ ડિસ્ટ્રિક્ટ ચેસ સિલેક્શન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં શહેરભરના યુવા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બાલભવન રાજકોટ ના પ્રતિભાશાળી સભ્ય પ્રાકૃત સોનીએ ૭ રાઉન્ડના અંતે ૬.૫ પોઈન્ટ મેળવી પ્રથમ સ્થાન હાંસલ કરી વિજેતા બન્યા હતા. તેમની ઉત્કૃષ્ટ રમત અને ધીરજપૂર્ણ ચાલોએ જજમંડળ અને ઉપસ્થિતોને પ્રભાવિત કર્યા હતા.

તે જ રીતે બાલભવનના અન્ય સભ્ય મૌલિક પરમારે ૫.૫ પોઈન્ટ મેળવી તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. બંને બાલસભ્યોએ નોંધપાત્ર સિદ્ધિ મેળવી બાલભવન રાજકોટનું ગૌરવ વધાર્યું છે.

બંને ખેલાડીઓએ ચેસ કોચ મહેશભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી હતી. વિજેતાઓને બાલભવનના ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી અને યજ્ઞેશભાઈ જોષીએ અભિનંદન પાઠવી તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રાકૃત સોની હવે સ્ટેટ લેવલની ટુર્નામેન્ટમાં ભાગ લેશે, જેના માટે તેમને વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# અમેરિકા ખાતે બિઝનેસ કોન્કલેવમાં નિકાસકારો માટે સર્જાશે વિપુલ તકો

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ અને ફેડરેશન ઓફ ગુજરાત એસોસિયન યુએસએના સંયુક્ત ઉપક્રમે વેપાર-ઉદ્યોગ પ્રોત્સાહન આપવા બેઠક યોજાઈ





**અબતક, રાજકોટ**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશન-યુએસએના સંયુક્ત ઉપક્રમે અમેરિકા ખાતે ગુજરાતીઓના વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવા, સંગઠન મજબૂત બનાવવા તેમજ ભારતીય અમૂલ્ય સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર અંગે ચર્ચા-વિચારણા કરવા વિશેષ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મિટીંગમાં વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ અને અગ્રણી ઉદ્યોગકારોએ હાજરી આપી હતી.

મિટીંગની શરૂઆત રાજકોટ ચેમ્બરના ખજાનચી વિનોદભાઈ કાછડિયાના સ્વાગત પ્રવચનથી થઈ. ત્યારબાદ ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશન-યુએસએના પ્રમુખ ડો. વસુદેવભાઈ પટેલે સંસ્થાની રચના અને હેતુ અંગે માહિતી આપતા જણાવ્યું કે, અમેરિકા ખાતે વિવિધ સમાજો અને સંસ્થાઓને એકત્રિત કરી કુલ ૧૧૦ સંસ્થાઓને જોડીને ફેડરેશનની સ્થાપના કરવામાં આવી છે. સંસ્થાનો મુખ્ય હેતુ ગુજરાતીઓનું સંગઠન મજબૂત બનાવવું, સામૂહિક શક્તિ વધારવી, સમાજના પ્રશ્નોનું સરળ નિરાકરણ લાવવું તથા વેપાર-ઉદ્યોગ અને અન્ય વ્યવસાયિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે મે ૨૦૨૬માં અમેરિકા ખાતે "બિઝનેસ કોન્કલેવ"નું આયોજન થનાર છે. આ કોન્કલેવમાં ગુજરાતીઓના વેપાર-ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે વિસ્તરણ માટે માર્ગદર્શન આપવામાં આવશે અને નિષ્ણાતો દ્વારા વ્યવસાય વિકાસ સંબંધિત માહિતી આપવામાં આવશે. ભારત સરકારના વિદેશ મંત્રાલયની વિશેષ મંજૂરી સાથે વધુમાં વધુ ઉદ્યોગકારો જોડાય તેવા પ્રયત્નો હાથ ધરાયા છે.

રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવે જણાવ્યું કે, ગુજરાતીઓ માટે આ એક અમૂલ્ય તક છે. અમેરિકા ખાતે યોજાનાર બિઝનેસ કોન્કલેવનો વધુમાં વધુ લાભ લેવા અને તેમાં સક્રિય ભાગ લેવા ઉદ્યોગકારોને અપીલ કરવામાં આવી. તેમણે ઉમેર્યું કે રાજકોટ ચેમ્બર મધ્યસ્થી તરીકે કાર્ય કરી જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવા હંમેશા તૈયાર રહેશે.

મિટીંગનું સંચાલન ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશન -યુએસએના સભ્ય ડો. પ્રદીપ કણસાગરાએ કર્યું હતું. આ અંગેની માહિતી રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં આપવામાં આવી છે.

# મવડીમાં નવનિર્મિત મકાનના સ્ટોર રૂમમાંથી ૮૩ હજારના વાયરની ચોરી: તસ્કર સકંજામાં

## સિક્યુરિટી ગાર્ડ સૂતો રહ્યો અને તસ્કર રૂમની બારીમાંથી પ્રવેશી અલગ અલગ વાયરના બંડલ ઉઠાવી ગયો'તો

**અબતક, રાજકોટ**

મવડી વિસ્તારમાં આનંદ બંગલા ચોક નજીક નવા બનતા મકાનના સ્ટોરરૂમમાંથી તસ્કર રૂ. ૮૩ હજારની કિંમતના વાયર ચોરી નાસી ગયો હતો. જે મામલે માલવિયાનગર પોલિસે ગુનો નોંધી તસ્કરને સકંજામાં લઈ મુદ્દામાલ રિકવર કરવા તજવીજ આદરી હતી.

ચોરીના બનાવ અંગે કોઠારીયા રોડ પર મેહુલનગર મેઈન રોડ પર રહેતા ૩૬ વર્ષીય ફેબ્રીકેશનના ધંધાર્થી ગૌરવભાઈ કિરીટભાઈ મકવાણાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મવડી પ્લોટ શેરી નં.-૪ ખાતે નવજાગૃતી ફેબ્રીકેશન નામનુ કારખાનુ ધરાવું છું તેમજ હું મવડી મેઈન રોડ પર ભગવાનજીભાઈના દવાખાનાની સામે સ્વાશ્રય સોસાયટી શેરી નં.-૪ ખાતે નવુ મકાન બનાવુ છુ.

કારખાનેદારે જણાવ્યું હતું કે, ગત તા. ૧૯-૦૨-૨૦૨૬ ના રોજ સવારે નવ વાગ્યે હુ મારા કારખાને હતો. ત્યારે મારુ નવુ મકાન બનતુ હોય તેના કોન્ટ્રાક્ટર મનોજભાઈ પરમારનો ફોન આવેલ કે, ઈલેક્ટ્રીકનુ કામ કરવાવાળા માણસો આવેલ છે પરંતુ ઈલેક્ટ્રીકનો સામાન મળતો નથી. જેથી હુ તુરંત જ ત્યાં દોડી ગયેલ હતો. મે ઈલેક્ટ્રીકનો માલસામાન મકાનના પહેલા માળે સ્ટોર રૂમમા રાખેલ હોય ત્યાં ગયેલ હતો. સ્ટોર રૂમના દરવાજાને તાળુ મારેલ હતુ જેથી અમારા મકાનના પગી કેશુભાઈને બોલાવી તેની પાસેથી ચાવી મેળવી રૂમનો દરવાજો ખોલી ચેક કરતા સ્ટોર રૂમમાં રાખેલ હતા અને તેમની પાસેથી તાળાની ચાવી લઈ સ્ટોર રૂમ ખોલી તેમા ચેક કરતા હેવલ્સ ૨.૫ એમ.એમ. વાયર બંડલ નંગ ૪ જેની કીમત રૂ. ૧૭,૧૨૦, હેવલ્સ ૧.૫ એમ.એમ. વાયર બંડલ નંગ ૫ જેની કિંમત રૂ. ૧૩૪૦૦, હેવલ્સ ૧ એમ. એમ. વાયર બંડલ નંગ ૧૭ જેની કીમત રૂ. ૩૧,૧૧૦, આર.આર. ૦.૭૫ એમ.એમ. સ્પીકર વાયર બંડલ નંગ ૩ જેની કીમત રુ. ૯૨૨૫, આર.આર. ૦.૫૦ એમ.એમ. સ્પીકર વાયર બંડલ નંગ ૬ જેની કીમત રૂ. ૧૨,૯૩૦ મળી કુલ રૂ.૮૩,૭૮૫ નો માલ સામાન મળી આવ્યો ન હતો.

જે મામલે કારખાનેદારે સિક્યુરિટી ગાર્ડને પૂછતાં તેણે જણાવ્યું હતું કે, ગઈ તા.૧૮/૦૨/૨૦૨૬ના રાત્રીના અગ્યારેક વાગ્યાની આસપાસ મકાનમાં બધુ ચેક કરીને સુતો હતો, ત્યારે તમામ મુદ્દામાલ સહિ સલામત હતો જેથી હુ સુઈ ગયા પછી કોઈ ચોર આવીને સ્ટોર રૂમમાં રહેલ ખુલ્લી બારીમાંથી સામાનની ચોરી કરી લઈ ગયેલ છે.

જેથી કારખાનેદારએ ફરિયાદ નોંધાવતા માલવિયાનગર પોલિસ મથકના પીઆઈ જે આર દેસાઈ અને પીએસઆઈ કે ડી મારૂની ટીમે ગણતરીની જ કલાકોમાં તસ્કરને સકંજામાં લઈ મુદ્દામાલ રિકવર કરવા તજવીજ હાથ ધરી હતી.

# માતાએ કામે જવાનું કહેતા પુત્રએ ઉંદર મારવાની દવા ગટગટાવી

## માતાના વેણથી માઠું લાગતા યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો

**અબતક રાજકોટ**

સાપર વેરાવળની સર્વોદય સોસાયટીમાં રહેતા એક ૨૮ વર્ષીય યુવાને માતાએ કામ પર જવાનું કહેતા મનમાં લાગી આવતા ઝેરી દવા (ઉંદર મારવાનું બિસ્કિટ) ખાઈ લેતા તેને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, સાપર વેરાવળમાં આવેલી સર્વોદય સોસાયટીમાં રહેતા ચિરાગભાઈ જયંતીભાઈ રાઠોડ (ઉં.વ. ૨૮)ને ગઈકાલે તેમના માતાએ કામ કરવાનુ કહ્યું હતું. માતાની આ વાતનું ચિરાગભાઈને માઠું લાગ્યું હતું. ત્યારબાદ, જ્યારે તેઓ સાપર આનંદ ગેઈટ પાસે હતા, ત્યારે આવેશમાં આવી જઈને તેમણે ઉંદર મારવાનું ઝેરી બિસ્કિટ ખાઈ લીધું હતું. યુવાનની તબિયત લથડતા તેને તાત્કાલિક રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ, ચિરાગભાઈના પિતા હયાત નથી અને તેમના માતા મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ચિરાગભાઈ પોતે પરણિત છે અને પરિવારમાં એક ભાઈ તથા પાંચ બહેનોમાં સૌથી નાના છે. સાપર પોલીસે આ અંગે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# પોપટપરામાં પિતા-પુત્રનો ભાઈ-બહેન પર હુમલો : ખૂનની ધમકી

## અગાઉ મારામારીના ગુનામાં થયેલો ખર્ચ માંગી લાફા ઝીંક્યા : પ્ર.નગર પોલિસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

પોપટપરામાં પિતા-પુત્રએ ભાઈ-બહેનને જાનથી મારી નાખવાની ધમકી આપી માર મારતા પ્ર. નગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રૈયા રોડ પર વિમાનગર શેરી નં.૦૨, ન્યુ એરા સ્કુલ સામે રહેતાં આબેદાબેન હારુનભાઈ અલાણા (ઉ.વ.૫૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વાજીદ અનવર દારૂવાલા અને અનવર અબ્દુલ કાદર દારૂવાલા (રહે. બંને પોપટપરા શેરી નં.૧૭) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ભાઈ મહમદસાજીદ ઉર્ફે હાજીભાઈ સાથે રહે છે અને અપરણીત છે.

વર્ષ ૨૦૨૦ મા તેમના ભાઈ મહમદસાજીદ ઉપર મારામારીનો ગુનો દાખલ થયેલ જેમા સહ આરોપી તરીકે વાજીદ દારુવાલા પણ હતો, બાદ આ ગુનો નવેમ્બર ૨૦૨૫ કોર્ટમા પુરો થતા આ વાજીદ તથા તેમના પિતા અનવર દારુવાલા અવાર નવાર તેણીને તથા તેમના ભાઈને ફોન કરી ભાઈ ઉપર થયેલ કેસમા થયેલ ખર્ચો આપવાનુ કહીં ગાળો આપતા હતાં. ગઈ તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ અનવર દારુવાલાના ઘરેથી ફોન આવેલ અને તેણીને અને તેમના ભાઈને તેના ઘરે બોલાવેલ બાદ રાત્રીના અગીયારેક વાગ્યે ભાઈ-બહેન તેના પોપટપરા શેરી નં.૧૭ માં આવેલ ઘરે ગયેલ હતાં.

ત્યા તેમના ઘરે અનવર દારુવાલાના ફોનમા તેના દીકરા વાજીદ ફોન આવેલ અને ફોન તેણીને આપેલ અને વાત કરતી હતી ત્યારે વાજીદે કહેલ કે, કોર્ટ કેસમા થયેલ ખર્ચા બાબતે વાત કરી ગમે તેમ બોલી તમને બન્નેને જાનથી મારી નાખવાના છે અને ગાળો આપવા લાગેલ તેવામા આ અનવર દારુવાલા પણ ગાળો આપી અચાનક જ ભાઈ મહમદસાને ફડાકા ઝીંકો ઢીકા પાટુનો માર મારવા લાગેલ અને કહેલ કે, આજ તમને બન્નેને જાનથી મારી નાખવા છે. બાદ તેણી હાથ જોડીને તેને માફી માંગવા લાગેલ અને ભાઈને વધુ માર મારવાથી છોડાવી ત્યાથી ઘરે જતા રહેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ધરમનગર-૧માં પુત્રીને પાણી ભરવાનું કહેતા પત્નીએ પતિને ઢીબી નાખ્યો

## દીકરીને કામ કહેતાં ઉશ્કેરાયેલી પત્નીએ ધોકા વડે માર માર્યો

**અબતક રાજકોટ**

શહેરના ધરમનગર-૧ વિસ્તારમાં ઘરેલુ ઝઘડાની ઘટના સામે આવી છે. માત્ર દીકરીને પાણી ભરવાનું કહેવા જેવી સામાન્ય બાબતે પત્નીએ ઉશ્કેરાઈ જઈ પોતાના જ પતિ પર ધોકા વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ઈજાગ્રસ્ત પતિને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, મવડી પ્લોટ વિસ્તારમાં ધરમનગર-૧, ૩, રાજપૂત છાત્રાલય સામે રહેતા જયેશભાઈ નથુભાઈ જાદવ (ઉં.વ. ૪૦) બપોરના ૧૨:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. આ સમયે જયેશભાઈએ પોતાની દીકરીને પીવાનું પાણી ભરી આપવા માટે જણાવ્યું હતું. પિતાએ દીકરીને કામ ચીંધતા જ પત્ની લક્ષ્મીબેન ઉશ્કેરાઈ ગયા હતા અને દીકરીને પાણી ભરવાની ના પાડી દીધી હતી. વાત આટલેથી ન અટકતા, પત્નીએ ઉગ્ર બોલાચાલી કરી અને હાથમાં રહેલા ધોકા વડે પતિ જયેશભાઈને માર માર્યો હતો. પત્નીના હુમલામાં જયેશભાઈને શરીરના ભાગે ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સરકારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે. ઈજાગ્રસ્ત જયેશભાઈ વ્યવસાએ કડિયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં ૩ દીકરીઓ છે અને તેઓ ત્રણ ભાઈઓમાં સૌથી નાના છે.

# રાજમોતી મીલ પાસે યુવકે મચ્છર મારવાનું ઝેરી પ્રવાહી પી લીધું


## અગમ્ય કારણોસર યુવકે જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો

**અબતક રાજકોટ**

શહેરના ચુનારવાડ વિસ્તારમાં રહેતા અને ધૂળ ધોયાનું કામ કરતા યુવાને રાજમોતી મીલ પાસે અગમ્ય કારણોસર મચ્છર મારવાની અગરબત્તીનું પાણી પી જઈ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ શહેરના લાખાજીરાજ ઉદ્યોગ નગર-૩/૪ ના ખૂણે, ચુનારવાડમાં રહેતા પ્રતાપભાઈ કરમશીભાઈ સુરેલા (ઉ.વ. ૨૫) નામના યુવકે ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં રાજમોતી મીલ પાસે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. પ્રતાપભાઈએ મચ્છર મારવાની અગરબત્તી પલાળીને તે પાણી પી લેતા તેમની હાલત લથડી હતી. ઘટનાની જાણ થતા જ તેમને તાત્કાલિક સરકારી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, પ્રતાપભાઈ વ્યવસાયે ધૂળ ધોયાનું કામ કરે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનોમાં વચેટ છે. તેમને સંતાનમાં એક પુત્ર છે. કયા કારણોસર તેમણે આ આત્યંતિક પગલું ભર્યું તે હજુ જાણી શકાયું નથી. હાલ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આ અંગે નોંધ કરી છે અને પોલીસે આપઘાતના પ્રયાસ પાછળના કારણો શોધવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.


## પટેલ કેળવણી મંડળ, જુનાગઢ

# પટેલ સમાજના આગેવાનો અને વાલીઓ જોગ સંદેશ






પટેલ કેળવણી મંડળ, જુનાગઢ છેલ્લા ૫૭ વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે અવિરત સેવા આપી રહ્યું છે. સમાજના અગ્રણીઓની દૂરંદેશી વિચારધારા, દાતાશ્રીઓનો આર્થિક સહયોગ અને અનેક કાર્યકર્તાઓની નિસ્વાર્થ મહેનતના પરિણામે આજે આ સંસ્થા એક વટવૃક્ષ સમાન બની છે. વર્ષોથી સંસ્થા માત્ર શિક્ષણ પૂરું પાડતી સંસ્થા નથી રહી, પરંતુ સંસ્કાર, શિસ્ત અને નૈતિક મૂલ્યોનું સિંચન કરતી એક જીવનદાયિ સંસ્થા તરીકે વિકસિત થઈ છે.

આ સંસ્થા સંચાલિત વિવિધ ૮ યુનિટ ગુણવત્તાસભર શિક્ષણ પ્રદાન કરી રહ્યા છે. શિક્ષણ સાથે સંસ્કારનો સમન્વય એ સંસ્થાની ઓળખ છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ બૌદ્ધિક, શારીરિક અને સાંસ્કૃતિક માટે સતત પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. આધુનિક શિક્ષણ પદ્ધતિઓ, અનુભવી શિક્ષકો અને સુવ્યવસ્થિત માળખાકીય સુવિધાઓના કારણે સંસ્થા પર સમાજનો વિશ્વાસ વર્ષોથી અડગ રહ્યો છે.

વિશેષરૂપે, ગર્લ્સ હોસ્ટેલ સંસ્થાનું હૃદય સમાન છે. અહીં રહેનારી દિકરીઓ માત્ર વિદ્યાર્થીનીઓ નથી, પરંતુ સમગ્ર સમાજની આશા અને ભવિષ્ય છે. હોસ્ટેલની વ્યવસ્થા સુચારુ રીતે ચાલે તે માટે હોસ્ટેલ ઈન્ચાર્જ અને કમિટિ દ્વારા કડક શિસ્ત અને પારદર્શક વહીવટ અપનાવવામાં આવે છે. સુરક્ષા, સ્વચ્છતા, પોષણયુક્ત ભોજન, અભ્યાસ માટે અનુકૂળ વાતાવરણ અને નિયમિત દેખરેખ આ તમામ બાબતોને પ્રાથમિકતા આપવામાં આવે છે.

હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી દિકરીઓ તથા તેમના વાલીઓ તરફથી કોઈ પણ પ્રકારની સત્તાવાર ફરીયાદ પ્રાપ્ત થયેલ નથી. સંસ્થાના સંચાલકો દિકરીઓને પોતાની દિકરીઓ સમજીને જ વહીવટ ચલાવે છે. દિકરીઓનું ભવિષ્ય ઘડવું એ જ અમારું મુખ્ય ધ્યેય છે. વાલીઓ સાથે સંવાદ અને સહકાર જળવાઈ રહે તે માટે સમયાંતરે બેઠક યોજવામાં આવે છે. ચાલુ વર્ષ દરમિયાન પણ બે જુદા જુદા ગૃપ સાથે મિટિંગ યોજાઈ ચૂકી છે, જેમાં કોઈ વાલીએ કોઈ નકારાત્મક મુદ્દો રજૂ કર્યો નથી.

છતાં, દુઃખ સાથે જણાવવું પડે છે કે છેલ્લા કેટલાક સમયથી સંસ્થાની પ્રતિષ્ઠા ખરડાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે. કેટલાક સમાચારો અને પ્રવૃત્તિઓ દ્વારા સંસ્થાને વિવાદમાં ખેંચવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ખાસ કરીને "૨૪ કલાક છોકરો હોસ્ટેલના બાથરૂમમાં રોકાયો" એવી વાત સદંતર ખોટી, આધારવિહિન અને ઉપજાવી કાઢેલી છે. આ પ્રકારના આક્ષેપો પાછળ કોઈ તથ્ય નથી. સંસ્થા હંમેશા નિયમોનું કડક પાલન કરતી આવી છે અને હોસ્ટેલની સુરક્ષા વ્યવસ્થા મજબૂત છે.

અંતમાં, ફરી એક વાર સમાજના તમામ આગેવાનો અને વાલીઓને વિશ્વાસ આપીએ છીએ કે સંસ્થા સંપૂર્ણ પારદર્શિતા, શિસ્ત અને જવાબદારી સાથે કાર્યરત છે. દિકરીઓની સુરક્ષા અને વિકાસ માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે અને લેવામાં આવશે.

આપ સૌનો વિશ્વાસ, સહકાર અને માર્ગદર્શન અમારે માટે અમૂલ્ય છે. ચાલો, મળીને સંસ્થાની પ્રતિષ્ઠા જાળવીએ અને આપણા સમાજની દિકરીઓને ઉત્તમ ભવિષ્ય આપી શકીએ. એકતા, વિશ્વાસ અને સંવાદ દ્વારા જ કોઈપણ ગેરસમજ દૂર કરી શકાય છે.

પટેલ કેળવણી મંડળ, જુનાગઢ, આપ સૌનો વિશ્વાસ જાળવવા પ્રતિબદ્ધ છે અને રહેશે.


## જામનગર મહાનગરપાલિકા

:: ટેન્ડર નિવિદા ::

(સને ૨૦૨૫-૨૬)

જામનગર મહાનગરપાલિકાની લાઈટ શાખા (ફોન નં. ૨૫૫૦૧૩૧, એક્સ. ૫૪૩) દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની વધુ વિગત જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://jmctender.nprocure.com પરથી મળી શકશે. આ ટેન્ડર તા.૨૧/૦૨/૨૦૨૬ થી ઓનલાઈન મૂકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજિત ખર્ચ રકમ (રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (રૂ.) |
|---|---|---|---|
| 1. | LIGHTING WORK AT POLYTECHNIC COLLEGE RAILWAY CROSSING TO BEDI PORT JUNCTION UNDER SJMMSVY | 25.91 Lacs | 26,000/- |

કંટ્રોલિંગ અધિકારી (લાઈટ)
જામનગર મહાનગરપાલિકા

કમિશનર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/પી.આર.ઓ./ ૦૩ /૧૩૪/૨૦૨૫-૨૬, તા. ૧૯/ ૦૨ /૨૦૨૬

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫

**જાહેર નોટીસ**

અમો અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ આ જાહેર નોટીસ ધ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારોએ તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખા માંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારો લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓના ખાતા એન. પી. એ. થતાં તેઓને તેમજ તેમના જામીનોને ' ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ અસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને **૬૦ દિવસની** મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ ઉપરોકત લોન ખાતેદારો/તેમના જામીનો લોન લેતી વખતે તેઓએ આપેલ સરનામાં વાળી જગ્યા છોડી અન્યત્ર જતાં રહેલ હોય કે અન્ય કોઈપણ કારણસર ઉપરોકત નોટીસ તેઓને બજતી ન હોય આથી આ જાહેર નોટીસ ધ્વારા તેઓને જાણ કરવાની કે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ ૬૦ની** મુદતમાં તેમના ખાતે નિકળતી બેંકની બાકી લેણી રકમ ચડત વ્યાજ વિગેરે સાથે ભરપાઈ કરી જવી. જો આમ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો ઉપરોકત કાયદાની જોગવાઈ પ્રમાણે બેંક પોતાનું લેણુ વસુલ કરવા તેઓની મિલ્કતો જપ્ત કરવા સહિતની આગળની કાર્યવાહી કરશે. જેની આ ખાતેદારોએ તેમજ તેમના જામીનોએ નોંધ લેવી.

| ક્રમ નં. | શાખાનું નામ | ધિરાણનો પ્રકાર તથા ખાતા નંબર | ખાતેદારોના નામ તથા સરનામા | જામીનના નામ તથા સરનામા | ખાતુ એન.પી.એ. થયા તારીખ અને વ્યાજદર | બાકી રકમ | તારણમાં આપેલ મિલ્કતોનું ટુંકુ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **ડો. યાજ્ઞિક રોડ** | ઈન્ડસ્ટ્રીયલ લોન (લેન્ડ–બિલ્ડીંગ) ૧૫/૧૬૩/૧/૧૨૩ (SEC-5279) | **વખારીયા સૌરભ વિજયભાઈ** ફ્લેટ નં. ૩૦૨, સી–૧૨, રવિરત્ન પાર્ક–૨, યુર્નિવસીટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫.<br>**વખારીયા સૌરભ વિજયભાઈ** ઓફિસ નં. ૩૨૭, ત્રીજો માળ, "ખોડિયાર કોમ્પલેક્ષ", રજપુતપરા મેઈન રોડ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, રજપુતપરા, રાજકોટ–૩૬૦૦૦૧.<br>**વખારીયા સૌરભ વિજયભાઈ** ફ્લેટ નં. ડી–૧૦૨, મંગલદીપ એપાર્ટમેન્ટ, પોસ્ટ ઓફિસ પાસે, માધાપર, રાજકોટ–૩૬૦૦૦૬. | **(૧) વખારીયા વિજય હરીભાઈ** ફ્લેટ નં. ૩૦૨, સી–૧૨, રવિરત્ન પાર્ક–૨, યુર્નિવસીટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫.<br>**વખારીયા વિજય હરીભાઈ,** ઓફિસ નં. ૩૨૭, ત્રીજો માળ, "ખોડિયાર કોમ્પલેક્ષ", રજપુતપરા મેઈન રોડ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, રજપુતપરા, રાજકોટ–૩૬૦૦૦૧.<br>**વખારીયા વિજય હરીભાઈ,** ફ્લેટ નં. ડી–૧૦૨, મંગલદીપ એપાર્ટમેન્ટ, પોસ્ટ ઓફિસ પાસે, માધાપર, રાજકોટ–૩૬૦૦૦૬.<br>**(૨) ધ્રુવ અમિતકુમાર રમણિકલાલ,** "નિધિ", શ્રદ્ધાનગર–૨, શેરી નં.૪, નેહરૂનગર, ૮૦ ફુટ રોડ, અટીકા થી આહિર ચોક, રાજકોટ–૩૬૦૦૦૨. | **૩૧/૧૨/૨૦૨૫ (PLR-3.75) ૧૦.૦૦%** | **(૩૧/૧૨/૨૦૨૫)**<br>**મુદલ રકમ :** ૩,૭૨,૮૪૭=૯૪<br>**વ્યાજ :** ૧૪,૭૧૩=૦૦<br>**અન્ય ખર્ચ :** ૩૯=૦૦<br>**કુલ રૂા.** ૩,૮૭,૫૯૯=૯૪ | રાજકોટ શહેરમાં રજપુતપરા મેઈન રોડ અઘાટ લેખવાળી જમીન પૈકીની જમીન ઉપર આવેલ "ખોડિયાર કોમ્પલેક્ષ" ના નામથી ઓળખાતા કોમર્શીયલ બિલ્ડીંગ માં ત્રીજા માળે આવેલ ઓફિસ નં. ૩૨૭ જેનો કારપેટ એરીયા ચો.ફુ.આ. ૧૬૦–૦૦ જેના ચો.મી.આ. ૧૪–૮૬ છે. જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૬૩૨ તા.૧૭/૦૪/૨૦૧૩ થી સૌરભ વિજયભાઈ વખારીયા ના નામે છે તે મિલ્કત.<br>**સીટી સર્વે વોર્ડ નં.૬, સીટી સર્વે નં.૬૧૩, ૬૧૪, ૬૧૫ અને ૬૧૬ પૈકી** |
| ૨ | **રૈયારોડ** | નાગરિક લઘુ ઉદ્યોગ વેપાર લોન ૨૧/૭૧૭/૨/૨૪૯૮ (SEC-5280) | **વોરા જીજ્ઞેશ નારણશંકર** ફ્લેટ નં.–૨૦૧, બીજો માળ, વીંગ–એલ, સિદ્ધી–૫, શેઠ નગર પાછળ, નાગેશ્વર સામે, જામનગર રોડ, રાજકોટ–૩૬૦૦૦૮. | **(૧) શેઠ જયશ્રીબેન હરેન્દ્રભાઈ,** ક્રિસ્ટલ–એ– ૧૦૫, રાધા પાર્ક–૧, ૧૫૦ ફુટ રીંગ રોડ, માધાપર સર્કલ પાસે, રાજકોટ–૩૬૦૦૦૬.<br>**(૨) શેઠ અમિત હરેન્દ્રભાઈ,** ક્રિસ્ટલ–એ–૧૦૫, રાધા પાર્ક–૧, ૧૫૦ ફુટ રીંગ રોડ, માધાપર સર્કલ પાસે, રાજકોટ–૩૬૦૦૦૬.<br>**શેઠ અમિત હરેન્દ્રભાઈ,** ઈમ્પોર્ટ એક્ષપોર્ટ, ઓફિસ નં.૨૦૨, સૈલેજા સંકુલ, આમ્રપાલી રેલવે ક્રોસીંગ પાસે, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૫. | **૩૧/૧૨/૨૦૨૫ (PLR-1.25) ૧૨.૫૦%** | (૩૧/૧૨/૨૦૨૫)<br>**મુદલ રકમ :** ૫,૪૩,૫૦૮=૦૦<br>**વ્યાજ :** ૪૧,૭૩૩=૦૪<br>**અન્ય ખર્ચ :** ૮૬=૦૦<br>**કુલ રૂા.** ૫,૮૫,૩૨૭=૦૪ | (૧) ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ માધાપર ના રેવન્યુ સર્વે નં. ૧૦ પૈકીની બીનખેડવાણ ની મંજુરીવાળી જમીન ના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧ થી ૪, ૯ થી ૧૩ તથા ૧૫ થી ૨૩ ની જમીન ઉપર આવેલ "સીધ્ધી–૫" માહેથી પ્લોટ નં. ૧૩, ૧૬, ૧૯, ૨૦, તથા ૨૩ ની કુલ જમીન ચો.મી.આ. ૨૩૬૬–૮૧ ઉપર આવેલ ઈમારતો પૈકી "વિગ–એલ" માહેથી સેકન્ડ ફલોરમાં આવેલ ફલેટ નં. ૨૦૧ જેના બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૩૬–૯૧, ચો.ફુ.આ. ૩૯૭–૧૩ (હાલે આ જમીનમાં રાજકોટ શહેરી વિકાસ સતા મંડળ ના બાંધકામ વિકાસ પરવાનગી નં. રૂડા/ટેક/ડેવ/માધાપર/૯૧૨/૧૦/૪૫૮૩, તા.૦૮/૧૨/૨૦૧૦ થી બાંધકામ પરવાનગી મેળવેલ છે. તથા વપરાશ અંગેનું પ્રમાણપત્ર નં. રૂડા/ટેક/ડેવ/માધાપર/૯૧૨/૧૦ /૩૧૦૬, તા.૨૫/૦૬/૨૦૧૨ થી મેળવેલ છે.) જે રજી. વેચાણ દસ્તાવેજ નં.૬૩૭૦, તા.૨૨/૦૯/૨૦૧૫ નાં રોજ થી જીજ્ઞેશભાઈ નારણશંકર વોરાના નામે છે તે મિલ્કત.<br>(૨) બાકીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે.ક્ષ |
| ૩ | **પરાબજાર** | લેન્ડ એન્ડ બિલ્ડીંગ લોન સી.એમ.–આવાસ યોજના ૧૦/૭૨૦/૬/૩૪૫ (SEC-5282) | **અંસારી ઝૈબફાતમા ફિરોઝભાઈ** ફલેટ નં.૬૦૩, છઠો માળ, બિલ્ડીંગ નં. બી–૧૬, શ્રી વિનોબા ભાવે ટાઉનશીપ, જય પ્રકાશ નગર પાસે, ભગવતીપરા મેઈન રોડ, રાજકોટ–૩૬૦૦૦૩.<br>**અંસારી ઝૈબફાતમા ફિરોઝભાઈ** નારાયણ નિવાસ, બોધાણી શેરી, સોની બજાર, રાજકોટ–૩૬૦૦૦૧.<br>**અંસારી ઝૈબફાતમા ફિરોઝભાઈ** સ્લમ કવાટર નં. ૨૦૪, સીતારામ, જીલ્લા ગાર્ડન પાસે, બાપુનગર, રાજકોટ–૩૬૦૦૦૧. | **(૧) અંસારી ફિરોઝભાઈ જશમુનભાઈ,** ફલેટ નં. ૬૦૩, છઠો માળ, બિલ્ડીંગ નં. બી–૧૬, શ્રી વિનોબા ભાવે ટાઉનશીપ, જય પ્રકાશ નગર પાસે, ભગવતીપરા મેઈન રોડ, રાજકોટ–૩૬૦૦૦૩.<br>**અંસારી ફિરોઝભાઈ જશમુનભાઈ** નારાયણ નિવાસ, બોધાણી શેરી, સોની બજાર, રાજકોટ–૩૬૦૦૦૧.<br>**અંસારી ફિરોઝભાઈ જશમુનભાઈ** સ્લમ કવાટર નં.૨૦૪, સીતારામ, જીલ્લા ગાર્ડન પાસે, બાપુનગર, રાજકોટ–૩૬૦૦૦૧.<br>**(૨) સોની ઉમેશકુમાર નાનચંદ,** પ્લોટ નં. ૮૩, સાગર કો–ઓપ. હાઉ. લી., શેરી નં. ૨, કોઠારીયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૨.<br>**સોની ઉમેશકુમાર નાનચંદ** ગોલ્ડ વર્ક, દુકાન નં. ૨૦૮, રામેશ્વર કોમ્પલેક્ષ, સોની બજાર, રાજકોટ–૩૬૦૦૦૧. | **૩૧/૧૨/૨૦૨૫ (PLR-5.95) ૭.૮૦%** | **(૩૧/૧૨/૨૦૨૫)**<br>**મુદલ રકમ :** ૨,૪૦,૧૦૦=૭૮<br>**વ્યાજ :** ૪,૭૫૨=૩૨<br>**અન્ય ખર્ચ :** ૧૭૭=૦૦<br>**કુલ રૂા.** ૨,૪૫,૦૨૯=૭૮ | ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ તાલુકાના રાજકોટના રેવન્યુ સર્વે નં. ૨૨/P પૈકી રાજય સરકારશ્રી ધ્વારા મંજુર અંતિમ ટી.પી. સ્કીમ નં. ૩૧ (રાજકોટ) ના અનામત પ્લોટના એફ.પી. નં. ૩૧/૩, ૩૧/૪, તથા ૩૧/એ પૈકી (સ્માર્ટ ઘર–૫ તથા ૬ પાર્ટ "શ્રી વિનોબા ભાવે ટાઉનશીપ) SEWS અનામત પ્લોટની જમીન ચો.મી.આ. ૯૨૨૫–૦૦ ઉપર ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : એ એચ એમ/૧૦૨૦૧૫/૪૫૩/થ–૧, તા.૧૫/૨/૨૦૧૬ ના ઠરાવથી શહેરી વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અંતર્ગત ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે EWS-I આવાસ યોજના હેઠળ આવાસોનું રાજકોટ મહાનગર પાલીકા, રાજકોટ દ્વારા નિર્માણ કરવામાં આવેલ યોજના માંહેથી બીલ્ડીંગ નં. B16 ના સીકસ્થ ફલોર ઉપર આવેલ ફલેટ નં.૬૦૩ જેનો કારપેટ એરીયા ચો.મી.આ. ૩૦–૦૦ છે તે ફલેટ જે રજીસ્ટર્ડ કન્વેયન્સ ડીડ અનુક્રમ નં. ૩૩૬૭ તા.૦૬/૦૩/૨૦૨૫ થી ઝૈબફાતમા ફિરોઝભાઈ અંસારીના નામે છે તે મિલ્કત. |

તા. ૧૯-૦૨-૨૦૨૬, રાજકોટ

**અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ., હેડ ઓફીસ, રિકવરી વિભાગ, રાજકોટ.**

## તંત્રી લેખ

# સંસ્કૃતિના રખોપાં માટે સંસ્કૃત અતિ આવશ્યક

સંસ્કૃત માત્ર એક ભાષા નથી પરંતુ આપણી સંસ્કૃતિનો જીવંત વારસો છે.માધ્યમિક સ્તરે સંસ્કૃત ભાષાના શિક્ષણને વધુ વેગ આપવા માટે સામુહિક પ્રયાસો કરવા જોઈએ. સંસ્કૃતના રખોપાં કરતા શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષકોને સતત પ્રોત્સાહિત કરતા રહેવા જોઈએ. ભારતના ભવ્ય વરસાસમી સંસ્કૃત ભાષા સાથે નવી પેઢી આ વારસા સાથે જોડાય તે માટે આચાર્યો અને શિક્ષકોની ભૂમિકા મહત્વની છે. રાજ્ય સરકાર દ્વારા સંસ્કૃત ભાષાના જતન અને પ્રચાર-પ્રસાર માટે લેવાયેલા આ પ્રયાસને સંસ્કૃતપ્રેમી મહાનુભાવોએ સ્તુત્ય ગણાવ્યો હતો. સંસ્કૃત જ ભારતની મૂળભૂત ઓળખ છે.સંસ્કૃતિના રખોપા કરવા માટે સંસ્કૃત ભાષાને અપનાવી અને તેની જાળવણી કરવી ખૂબ જ જરૂરી છે. પશ્ચિમી સંસ્કૃતિના આક્રમણના કારણે ભારતની મૂળભૂત સંસ્કૃતિ વિસરાય રહી છે. હવે જો નવી પેઢીને ભારતની મૂળ પરંપરાગત સંસ્કૃતિ તરફ વાળવા હશે તો ફરજિયાત પડે સંસ્કૃત તરફ ભાર મૂકવો પડશે આજની યુવા પેઢી જે અંગ્રેજી ભાષા તરફ ગાંડી દોટ મૂકી રહી છે તેને અટકવવા માટે સંસ્કૃત જ સૌથી મોટું બ્રહ્માસ્ત્ર છે. સંસ્કૃત ભાષાએ ભારતે વિશ્વને આપેલી અણમોલ ભેટ છે પરંતુ અફસોસએ વાતનું છે કે આ ખુદ ભારતવાસીઓ જ આ ભાષાનું મહત્વ સમજી શક્યા નથી. જેના કારણે આજે સંસ્કૃત અને સંસ્કૃતિ બંનેના રખોપા કરવાની સાથે જરૂરિયાત ઊભી થઈ છે.

# ડો.તરૂબાઈના આત્મીય સંવાદથી આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું

## ૬૮મી સંયમ જયંતિ નિમિત્તે પૂ.મહાસતીજીને અભિવંદન, અગ્રણીઓ સાથે ગહન ગોષ્ઠી



**અબતક, રાજકોટ**

દેવલાલી બિરાજમાન પ્રાણ પરિવારના ડો. પૂજ્ય તરુબાઈ મ.સ. રાજકોટ જૈન સમાજના અગ્રણીઓને સદ્દબોધ ફરમાવતા એક આત્મીય અને આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું. આ પ્રસંગે રાજકોટ જૈન સમાજના અગ્રણીઓ અને શ્રેષ્ઠીઓ સાથે મૂલ્યનિષ્ઠ જીવન, સંયમ અને સમાજસેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન સાહિત્યકાર મનોજભાઈ ડેલીવાલા, શૈલેષભાઈ માઉં, જગદીશભાઈ કોઠારી અને જગદીપભાઈ દોશી સહિતના આગેવાનો પૂ. મહાસતીજી સાથે ગહનતાપૂર્વક ગોષ્ઠી કરી આધ્યાત્મિક વિષયો પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. આ અવસરે રાજકોટ જૈન સમાજ તરફથી પૂ. મહાસતીજીને ૬૮મી સંયમ જયંતિ નિમિત્તે ભાવભીની અભિવંદના પાઠવવામાં આવી. સમાજના આગેવાનોએ મહાસતીજીના સંયમમય જીવન અને આધ્યાત્મિક સેવાઓને વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. કાર્યક્રમ દરમિયાન ધાર્મિક એકતા, સંસ્કાર અને સમાજઉન્નતિના સંદેશો પ્રસર્યા, જે ઉપસ્થિત સૌ માટે પ્રેરણારૂપ સાબિત થયા.

# હરિપર (પાળ) ગામે જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજ રાઠોડ હસ્તે પેવર બ્લોકના કામનું ખાતમુહુર્ત

**અબતક, રાજકોટ**

લોધિકા તાલુકાના હરીપર (પાળ) ગામે ધાર વિસ્તારમાં પેવર બ્લોકનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ રાઠોડ, મુનાભાઈ સરપંચ, ભીખુભાઈ ડાંગર (ઉપસરપંચ) તેમજ ગ્રામ પંચાયતના સભ્ય માંડણભાઈ લોખીલ, લાખાભાઈ રાઠોડ, જીણાભાઈ સીતાપરા, સુખાભાઈ રાઠોડ, હકાભાઈ છાસિયા, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# પી એન્ડ ટીવી શેઠ હાઈસ્કુલમાં વાલી સંમેલન યોજાયું



**અબતક, રાજકોટ**

પી.એન્ડ ટી.વી.શેઠ હાઈસ્કૂલ એ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલીત શાળા છે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દરેક વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ શાળાનાં તમામ વિદ્યાર્થીઓને બે જોડી જીન્સ ટી-શર્ટ, બુટ- મોજા,સ્કૂલ બેગ નો ગણવેશ આપવામાં આવે છે. આ વર્ષથી દરેક વિદ્યાર્થીઓને એક જોડી સ્પોર્ટ્સ ડ્રેસ તથા સ્પોર્ટ્સ માટે બુટ-મોજા(૧ જોડી) આપવાનું શરૂ થયેલ છે. શાળા માં અભ્યાસ કરતા ધોરણ -૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓના વાલીઓનું એક વાલી સંમેલન રાખવામાં આવ્યું હતું આ વાલી સંમેલન નું દીપપ્રાગટ્ય વાલીઓના હસ્તે કરવામાં આવ્યું હતું.

# રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ-કારોબારી ચેરમેનનો જન્મદિવસ રકતદાન કેમ્પ થકી ઉજવાશે


## રાજુભાઈ પોબારૂ-ડો.નિશાંતભાઈ ચોટાઈની માનવ સેવાના અભીગમની સરાહના

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં જ્ઞાતિ ઉત્કર્ષ અને માનવ સેવાના કાર્ય માટે જાણીતી સંસ્થા રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ અને કારોબારી ચેરમેનના જન્મદિવસે બે દિવસીય રકતદાન કેમ્પનું અનુકરણીય આયોજન કરવામાં આવ્યું હતુ.

લોહાણા મહાજન પ્રમુખ રાજુભાઈ પોબારૂ કારોબારી ચેરમેન ડો.નિશાંત ચોટાઈના જન્મદિને સેવા કાર્યને લઈ ૨૦ અને ૨૧ના રોજ થેલેસેમીયા દર્દીના લાભાર્થે

૦ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૦૭ વાગ્યા સુધી ગેસ્ફોર્ડ સિનેમા સામે, એચડીએફસી બેંકની બાજુમાં ડો.યાજ્ઞિક રોડ, ખાતે રાજકોટ લોહાણા મહાજનના તમામ ટ્રસ્ટીઓ રક્તદાન એજ મહાદાન સુત્રને સાર્થક કરતા રાજકોટ લોહાણા મહાજન દ્વારા કાલથી બે દિવસ માટે સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા દરમ્યાન સર્વસમાજના થેલેસિમિયાગ્રસ્ત બાળકોનાં હિતાર્થે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે.



'રાજકોટ લોહાણા મહાજન' દ્વારા તા. ૨૦ અને ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ શુક્રવાર અને શનિવારના રોજ જુના ગેસ્ફોર્ડ, સિનેમા સામે, એચ. ડી. એફ. સી. બેન્કની -બાજૂમાં, માલવિયા ચોક પાસે, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું સમાજોપયોગી આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં એકઠું થયેલું તમામ બ્લડ શ્રી સદ્દગુરુ લોક કલ્યાણ ફાઉન્ડેશન સંચાલિત થેલેસેમિયા ડે કેર સેન્ટર, કરણપરા કેશરીયા, લોહાણા મહાજનવાડી, રાજકોટ ખાતે સર્વ સમાજના થેલેસિમિયાગ્રસ્ત બાળકો માટે ઉપયોગમાં લેવામાં આવશે. થેલેસેમિયા ડે કેર સેન્ટર, કરણપરા, રાજકોટ ખાતે હાલમાં સર્વ સમાજના સો જેટલા થેલેસિમિયાગ્રસ્ત બાળકો રજીસ્ટર્ડ થયેલા છે, જેઓને અદ્યતન મેડીકલ ફેસેલિટીઝ સાથે થેલેસેમિયાની સારવાર મળી રહી છે. રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પોબારૂ (મો. ૯૮૨૪૦ ૪૦૫૫૯) કે જેઓ તા, ૨૧ -- ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ પોતાના જીવનના ૬૧ વર્ષ પૂર્ણ કરી - રહ્યા છે અને લોહાણા મહાજનના કારોબારી પ્રમુખ ડો. નિશાંતભાઈ ચોટાઈ - (મો. ૯૮૯૮૧ ૨૪૧૨૮) કે જેઓ તા. * ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પોતાના જીવનના ૪૭ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. બંનેના જન્મ દિવસ નિમિતે - બ્લડ ડોનેશનરૂપી સેવાકીય કાર્યનું આયોજન કરવામાં આવ્યું છે.

# ધીરગુરૂદેવની પ્રેરણાથી મહારાષ્ટ્રમાં ચાર દંત યજ્ઞ અને બત્રીસી કેમ્પમાં ૫૧ દર્દીને બત્રીસી અપાઈ




**અબતક, રાજકોટ**

શ્રીવર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધીરગુરુદેવની પ્રેરણાથી નિઃશુલ્ક દંત યજ્ઞ દાંત ની બત્રીસી ના કેમ્પનું ભવ્ય આયોજન દીક્ષા જયંતિ ના ઉપલક્ષ માં મહારાષ્ટ્ર ના દેવલાલી,નાસિક,સીડકો અને ધુલિયા ખાતે કરવામાં આવેલ આ સેવા કેમ્પ માટે સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી જૈન ભોજનાલય - મુંબઈ નો સહયોગ સાંજેલી આ સેવા કેમ્પમાં દંત વિશેષજ્ઞ ડો.જયસુખભાઈ મકવાણા,ડો. સંજય અગ્રાવત અને લીમ મોનિકા ભટ્ટ,જાગૃતિ ચૌહાણ, મકવાણા,રાજુ ભાઈ ભૂટક રાજુભાઈવરિયા સેવા પ્રદાન કરેલ. દાંતના રોગીની તપાસ કરી જરૂરીયાત મુજબ તેમના દાંત જાલંધર બંધ વડે ઈન્જેકશન વગર સ્થળ પર જ કાઢી આપેલ. એક દર્દી ના પાંચ દાંત જાલંધર બંધ વડે કાઢી આપેલ. ૫૧ વૃદ્ધ દર્દીઓને દાંત ની બત્રીસી વિનામૂલ્યે દાતા ના સહયોગથી બનાવી આપવા માપ લેવામાં આવેલ.દેવાલાલી ખાતે ભારતભરમાંથી આવેલ જૈન અગ્રણીઓએ સેવા નિહાળી હર્ષ વ્યક્ત કરેલ.નાસિક માં ગાયત્રી પરિવાર ના જેન્તી ભાઈ, વાઘભાઈ, અમૃતભાઈ ના સહયોગ થી વ્યવસ્થા થયેલ,ધુલિયા માં જૈન સોસીઅલ ગ્રુપ દ્વારા કેમ્પ ની વ્યવસ્થા કરેલ ચત્રભુજ નાનજી ખીલોસિયા પરિવારે લાભ લીધેલ આ તકે જાણીબા આયુર્વેદ તબીબ રાષ્ટ્રીય આયુર્વેદ વિદ્યાપીઠ ના C.R.A.V. ગુરુ મિનસિ ડો.પ્રવીણચંદ્ર જોશી સૂજેબ તેમના શિષ્યો સાથે ખાસ ઉપસ્તિથ રહેલ. તેમજ અણીતા ડેન્ટલ સર્જન ડો.વર્ધમાન જૈન પણ સેવા માટે હાજરી આપેલ.ડો.જયસુખભાઈ મકવાણા નું તેમના આયુર્વેદ ડોક્ટર માટે જાલંધર બંધ વિષે વ્યાખ્યાન પણ યોજાયેલ સચિન,કાપડિયા,દીપેશ ખીલોસિયા,સુરજ ખીલોસિયા, નીલેશભાઈ અને જૈન સમુદાય ના અગ્રણી બહેનોએ કેમ્પ માટે જહેમત ઉઠાવી હતી.

# જળ સંરક્ષણની દિશામાં નિરંકારી મિશનનું સશક્ત પગલું 'પ્રોજેક્ટ અમૃત'નો ચોથો તબક્કોનો પ્રારંભ

## રાજકોટ સહિત દેશભરમાં જળસ્ત્રોતની સફાઈ માટે કાર્યકરો સજજ

**અબતક, રાજકોટ**

સેવા જ્યારે સાધના બને અને પ્રકૃતિ પ્રત્યે સંવેદના જીવનનું મૂળ મંત્ર બને, ત્યારે પવિત્ર સંકલ્પો જન્મ લે છે. માનવ સેવા અને લોક કલ્યાણની આ જ દિવ્ય ચેતનાને સાકાર કરવા માટે સંત નિરંકારી મિશન દ્વારા 'પ્રોજેક્ટ અમૃત' હેઠળ 'સ્વચ્છ જળ, સ્વચ્છ મન' અભિયાનના ચોથા તબક્કાનો ભવ્ય શુભારંભ રવિવાર, ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સવારે પરમ શ્રદ્ધેય સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજના નિર્દેશાનુસાર સમગ્ર ભારતમાં ભવ્ય રીતે આયોજિત કરવામાં આવી રહ્યો છે.

રાજકોટ માં રાંદરડા તળાવ પ્રદ્યુમ્ન પાર્ક પર જળસ્રોત ની સફાઈ નું અભિયાન સવારે ૭ વાગ્યા થી ૧૦ વાગ્યા સુધી આ પ્રોજેક્ટ અંતર્ગત ચલાવવામાં આવી રહ્યું છે.

સંત નિરંકારી મંડળના સચિવ જોગિંદર સુખીજા જણાવ્યું કે આ વિશાળ અભિયાન દેશભરમાં ૧૫૦૦થી વધુ સ્થળોએ એકસાથે આયોજિત થશે. આ વ્યાપક વિસ્તારને કારણે આ પ્રયાસ ઐતિહાસિક સ્વરૂપ ધારણ કરશે, જે જળ સંરક્ષણ તથા સ્વચ્છતાના સંદેશને સમાજના દરેક વર્ગ સુધી અસરકારક રીતે પહોંચાડશે.



આ પહેલનો મુખ્ય ઉદ્દેશ સમાજને આ અનુભૂતિ કરાવવાનો છે કે જળ માત્ર સંસાધન નથી, પરંતુ જીવનનો આધાર અને ઈશ્વરની અમૂલ્ય દેન છે, જેની રક્ષા કરવી દરેક માનવનો નૈતિક કર્તવ્ય છે. સંત નિરંકારી મિશને બાબા હરદેવ સિંહ જીની પ્રેરણાદાયી શિક્ષાઓને આત્મસાત કરીને વર્ષ ૨૦૨૩માં સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારના સહયોગથી 'પ્રોજેક્ટ અમૃત'નો પ્રારંભ કર્યો હતો.

નદીઓ, તળાવો, કૂવા તથા ઝરણાં જેવા કુદરતી જળ સ્ત્રોતોના સંરક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત આ જનઆંદોલને પોતાના પ્રથમ ત્રણ તબક્કાઓમાં સેવા, સમર્પણ અને સહભાગિતાનું અદભૂત ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

સત્ગુરુ માતા જીનો સંદેશ હંમેશાં આ જ રહ્યો છે કે આપણે આ ધરતીને આવનારી પેઢીઓ માટે પહેલાં કરતાં વધુ સુંદર, સ્વચ્છ અને સંતુલિત રૂપમાં સંભાળી રાખીએ. 'સ્વચ્છ જળ, સ્વચ્છ મન' અભિયાન તે જ પવિત્ર સંકલ્પનું જીવંત પ્રતીક છે, જે માનવને પ્રકૃતિ, સમાજ અને આત્મા સાથે જોડીને કરુણા, સંતુલન અને સૌહાર્દથી પરિપૂર્ણ ભવિષ્ય તરફ દીશા નિર્દેશ કરે છે.

# ઓશો રજનીશના લઘુબંધુ ડો. શેલેન્દ્ર સરસ્વતી રાજકોટના બન્યા મહેમાન: રવિવારે અભિવાદન સમારોહ યોજાશે

## ઓશો ગીતા નિવોદિતા ધ્યાન મંદિરે અનેકવિધ કાર્યક્રમની ધુમ

**અબતક, રાજકોટ**

રાજકોટના કિસાન પરા ચોકમાં આવેલ ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિરે તા. ૨૨-૨ ને રવિવારના રોજ સાંજે ૪ થી ૮.૩૦ દરમિયાન ઓશોના નાનાભાઈ ડો. સ્વામી શૈલેન્દ્ર સરસ્વતીજી તથા મો. અમૃત પ્રિયાજીનો સ્વાગત સન્માન સમારોહ સત્સંગ તથા પ્રશ્નોતરીનું આયોજન કરવામાં આવ્યું છે.

સત્કાર સમારોહ તથા હૃદયાંજલી પુષ્પાંજલી ના કાર્યક્રમ બાદ રાત્રે ૮.૩૦ કલાકે ડો. સ્વામી શૈલેન્દ્ર સરસ્વજી તથા માં અમૃત પ્રિયાજી સાથે મહાપ્રસાદનો ભાવિકોને લાભ અપાશે.

વિશેષ માહીતી માટે અથવા નામ નોંધણી કરાવવા માટે સ્વામી સત્ય પ્રકાશ મો. નં. ૯૪૨૭૨ ૫૪૨૭૬ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# વિનોબા ભાવે પ્રાથમિક શાળામાં કાલે માતૃ ભાષા દિવસે ગ્રંથ પુજન કાવ્ય પઠનની થશે જમાવટ

## વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા સાહિત્યના દિગ્ગજોનો કરાવાશે પરિચય

**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃતિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા શિક્ષણ સમીતી સંચાલીત વિનોબા ભાવે પ્રાથમિક શાળાના સહયોગથી ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતા તેમજ બહુભાષીયતાને પ્રોત્સાહન આપવા ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસે તરીકે ઉજવાય છે. જે અંતર્ગત ખારા નમકને શનિવારના રોજ સવારના ૯ થી ૧૧ વાગ્યા સુધી નાના મવા રોડ પર મોકાજી સર્કલ પાસે આવેલ શિક્ષણ સમીતી સંચાલીત વિનોબા ભાવે પ્રાથમિક શાળા નં. ૯૩ માં માતૃભાષા મહોત્સવ ઉજવાશે.

સાહિત્ય સેતુના સંયોજક અનુપમ દોશી અને વિનોદા ભાવે પ્રાથમિક શાળાના આચાર્ય ડો. વનિતા રાઠોડે જણાવેલ કે માતૃભાષા મહોત્સવ કાર્યક્રમમાં સત્યના પ્રયોગો, ભગવદ ગીતા, પ્રવીણ સાગર સરસ્વતિચંદ્ર સહિતના ગ્રંથો પુસ્તકોનું ગ્રંથ પુજન કરાશે. શાળાના છાત્રો જનનીની જોડ રાખી જડે રેલોલ, ચૌદ વર્ષની ચારણ કન્યા સહિતની કવિતાનું પઠન કરશે તેમજ કવિ નર્મદ, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી સહિતના સર્જકોનો પરિચય આપશે. જાણીતા કવિ લેખક ઉદઘોષક નટવર આહલપરા માતૃભાષાનો મહિમા વિશે વકતવ્ય આપશે. કવીઝ યોજવામાં આવશે. સાહિત્ય સેતુના પ્રમુખ વસંતભાઈ ગાદેશા અને મંત્રી મુકેશ દોશીએ શહેરના સર્જકો, સાહિત્યપ્રેમીઓ તેમજ માતૃભાષા પ્રેમીઓને માતૃભાષા મહોત્સવની ઉજવણીમાં સહભાગી થવાનું નિમંત્રણ પાઠવેલ છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અનુપમ દોશી, વનિતા રાઠોડ, જનાર્દન આચાર્ય, પંકજ રુપારેલીયા, હસુભાઈ શાહ, જયેન્દ્રભાઈ મહેતા, દિનેશભાઈ ગોવાણી, નૈસધભાઈ વોરા, પરિમલભાઈ જોશી ઉપમન્યુભાઈ રાવલ, વિપુલભાઈ ભટ્ટ, મહેશ જીવરાજાની, રમેશ શિશાંગીયા દક્ષીણભાઈ જોશી જહેમત ઉઠાવી રહ્યા છે.

# પ્રોજેકટ લાઈફ દ્વારા સ્વસ્થ મગજ મજબુત કરોડરજજુ વિષયે કાલે યોજાશે પ્રવચન

**અબતક, રાજકોટ**

રાજકોટની લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેકટ લાઈફ રેસકોર્સ રીંગ રોડ દ્વારા આયોજીત આરોગ્ય લક્ષી પ્રવચન શ્રેણી શું કરીએ તો સદાય સાજા રહીએ અંતર્ગત ૩૩૨માં પ્રવચનનું આગામી રવિવાર ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સવારે ૧૦ થી ૧૧ સુધી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો. કાર્તિક મોઢા M.Ch. DNB (Neurosurgery)દ્વારા સ્વસ્થ મગજ મજબુત કરોડરથથુ, વ્યસ્ત જીવન માટે આરોગ્ય મંત્ર પર મહત્વની માહીતી આપવામાં આવશે.

ઊંડાણપૂર્વક માહીતી મેળવવા માટે ડિજીટલી પ્રસારિત થનાર આ ટોક આપના માટે ખુબ જ ઉપયોગી બની શકે છે. તો અચુક લાભ વધુ માહીતી માટે મો. નં. ૮૫૧૧૩ ૩૧૧૩૩ - ૦૨૮૧-૨૪૭૯૧૩૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# શ્રી રોયલપાર્ક ઉપાશ્રય આંગણે પાંચ દિવસીય શિબિરનું આયોજન

**અબતક, રાજકોટ**

રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ -ઓમાનવાળા ઉપાશ્રય - સી. એમ. શેઠ પૌષધશાળાના આંગણે બરવાળા સંપ્રદાયના પૂ. સરદાર ગુરુભગવંતના સુશિષ્ય શાસ્વતમુનિજી આદિ ઠાણા-૨ તથા ગોંડલ સંપ્રદાયના પૂ. મુક્ત-લીલમ ગુરુણીના સુશિષ્યા પૂ. સુમતીબાઈ મ. સ., હસ્મિતાબાઈ મ. સ. આદિ ઠાણા-૧૯ ના સુમંગલ સાંનિધ્યે તાતા.૨૨-૨-૨૬ ને રવિવારે, સવારે ૯:૧૫ થી ૧૧:૩૦, વિષય:-અહંની અકળામણ, શકિતનું પ્રદર્શન છોડાવે આત્મદર્શન અનેઆલોચનાની અદભૂત આરાધના. ખાસ નોંધ:- જે શ્રાવક-શ્રાવિકા આ આલોચના સાંભળવાના ભાવ હોય તે ભાવિકોએ કોઈપણ પ્રકારની તપ આરાધના કરવી જરૂરી છે તે માટે રોયલપાર્ક ઉપાશ્રયમાં આયંબિલ તપ નું આયોજન કરવામાં આવેલ છે. અનુમોદક દાતા એક સુશ્રાવક તરફથીછે. આયંબિલ તપ ના નામ તા.૨૧-૨-૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં શાંતિભાઈ પાસે મો. ૯૯૦૪૧ ૧૧૪૧૧૫ર નામ નોંધાવવાના રહેશે. તેમજ આગમ શિબિર તા.૨૩-૨-૨૬ થી ૨૭-૨-૨૬ (પાંચ દિવસ)સવારે-૮:૩૦ થી ૯:૩૦ વિષય: ઉપાસક દશાંગ સૂત્ર માંથી ૧) Social Management ૨) Finacial Management, ૩)Spiritual Management, ૪) Free From Negative Thoughts Or Many More જેવા અનેક પ્રકારના આયોજન આ શિબિરમાં કરવામાં આવશે. આ શિબિર સ્પે. યંગસ્ટર અને સકલસંઘને ભાવભર્યું આમંત્રણ છે.શિબિર માટેના નામ રોયલપાર્ક ઉપાશ્રયમાં રૂબરૂ આવી અથવા શાંતિભાઈ મો. ૯૯૦૪૧ ૧૧૪૧૧ પર મેસેજ કરવાનો રહેશે.

# ૐ દાદાના ૩૮માં જન્મોત્સવનો દિવ્ય અવસર

## સંતો અને મહંતોની ઉપસ્થિતમાં અધ્યાત્મિક ઉલ્લાસ પરમ કૃપાનો મહામહોત્સવ

**અબતક, રાજકોટ**

શ્રી ૐદાદાના ૩૮મા પાવન જન્મોત્સવ નિમિત્તે તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૭:૦૦ વાગ્યાથી ''નવદુર્ગા હોલ'', જી.કે. ધોળકિયા સ્કૂલ સામે, પંચાયતનગર બસ સ્ટોપ નજીક, બોમ્બે હાઉસિંગ મેઈન રોડ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે ભવ્ય આધ્યાત્મિક મહોત્સવનું અતિસુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગે ભક્તિ, સેવા, સમર્પણ અને આધ્યાત્મિક ઊર્જાનો અદ્વિતીય મહાસંગમ સર્જાવાનો છે.

પરમ પૂજ્ય શ્રી ૐદાદા સર્વધર્મ સમભાવના પ્રણેતા, જીવદયા અને જીવકલ્યાણના અખંડ સાધક તરીકે ઓળખાય છે. તેમની કરૂણામય દૃષ્ટિ, સહજતા અને નિઃસ્વાર્થ સેવા દ્વારા અસંખ્ય જીવનોમાં આધ્યાત્મિક જાગૃતિ અને સકારાત્મક પરિવર્તન આવ્યું છે. તેમના જન્મોત્સવને માત્ર ઉજવણી નહીં પરંતુ સંસ્કાર, શ્રદ્ધા અને આધ્યાત્મિક ચેતનાનો મહોત્સવ બનાવવામાં આવ્યો છે.

કાર્યક્રમના મંગલમય પ્રારંભ સાથે પાવન પૂજનવિધિ,મહાપ્રસાદ આરંભ,નિષ્ઠાવાન સેવકોનું ગૌરવ સન્માન, સંતોના આશીર્વચન સાથે પરમ પૂજ્ય શ્રી ૐદાદાના દિવ્ય આશીર્વચન આપશે. આ પ્રસંગે વિશેષ આધ્યાત્મિક આયોજન રૂપે લક્ષ્મી સિદ્ધિ સિક્કો પ્રસાદી સ્વરૂપે આપવામાં આવશે. તેમજ મનોકામના સિદ્ધિ પેટી જેમાં ભક્તો પોતાની ભાવભીની પ્રાર્થનાઓ અર્પણ કરી શકશે, જેના માટે વિશેષ પ્રાર્થના કરવામાં આવશે.

આ પ્રસંગે કાલ ભૈરવ પીઠાધીશ્વર આચાર્ય શ્રી રમેશભાઈ શુકલ - કાલભૈરવ પીઠ પાલિતાણા, મહામંડલેશ્વર ૧૦૦૮ મહંત સુખરામદાસ બાપુ - ખાખી મઢી મેંદરડા,અવધૂત સંત સિદ્ધ યોગી દશરથ બાપુ - વાયટલ ફોર્સ રિસર્ચ સેન્ટર ,પરમ પૂજ્ય ચંદ્રપ્રકાશદાસજી સ્વામી - સહજાનંદ ગુરુકુળ મવડી રાજકોટ અને ડો. મહાદેવ પ્રસાદ મહેતા - પ્રખ્યાત કથાકાર ઉપસ્થિતિ રહી મહોત્સવને આધ્યાત્મિક તેજ અને આશીર્વચનોથી ઓતપ્રોત બનાવશે. શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે. આયોજનકર્તાઓ દ્વારા સૌને કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં ઓછામાં ઓછા ૧૫ મિનિટ વહેલા પધારવા વિનંતી કરવામાં આવે છે. ભવ્ય મહોત્સવનું આયોજન ૐદાદા ફાઉન્ડેશન, ૐકારા ફાઉન્ડેશન તથા ૐકારા આર્મી દ્વારા કરવામાં આવ્યું છે.

ઝઘડાઓમાં પણ ડિજિટલાઈઝેશન!

# પતિ સાથે કજિયો થતાં પત્નીએ કાનમાંથી કીડા ખરે તેવી ગાળો સાથે ઈમેઈલ મોકલ્યો

## બાળકોને શિક્ષાના પાઠ ભણાવતી શિક્ષિકાએ શિક્ષક પતિને અભદ્ર ભાષામાં કરેલો મેઈલ ટોક ઓફ ધ ટાઉન બન્યો

## દંપતીને મનમેળ નહિ આવતા થોડો સમય પૂર્વે જ અલગ પડ્યા'તા : પત્નીએ ભરણ પોષણનો કેસ પણ કર્યો

## સાયબર ક્રાઈમ પોલિસે તપાસ આદરતા શિક્ષકને મેઈલ મોકલનાર આઈડી ધારક પત્ની જ નીકળી : ધરપકડ કરવા તજવીજ

**અબતક, રાજકોટ**

હવે ઝગડાઓમાં પણ ડિજિટલાઈઝેશન થયું હોય તેમ શિક્ષક દંપતી વચ્ચે થયેલો ઝગડો અને ત્યારબાદ પત્નીએ પતિને મોકલેલો ગાળોથી ભરપૂર ઈમેઈલ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.થોડા સમય પહેલાં દંપતીને મનમેળ ન રહેતાં બંને અલગ પડ્યા બાદ પત્નીએ ભરણ પોષણનો પણ કેસ કર્યો હતો. જે બાદ પત્નીએ કાનમાંથી કીડા ખરે તેવી ગાળો સાથે અજાણ્યા આઈડી પરથી પતિને મેઈલ કર્યો હતો. જે અંગે સાયબર ક્રાઈમે તપાસ કરતાં ભાંડો ફૂટ્યો હતો.

મામલામાં કેન્દ્રીય વિદ્યાલય ક્વાર્ટરમાં રહેતાં સરકારી શિક્ષક તરીકે ફરજ બજાવતા ૩૫ વર્ષીય શિક્ષકે નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યા ઈમેઈલ આઈડી ધારકનું નામ આપતાં સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ સરકારી ક્વાર્ટર્સમાં ઓક્ટોમ્બર ૨૦૨૧ થી રહે છે, અને સરકારી પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરે છે. તેઓના લગ્ન વર્ષ ૨૦૨૦ માં રાજકોટમાં રહેતી યુવતી સાથે થયેલ હતાં. હાલ બન્ને વચ્ચે મન દુઃખ થતા તેણી તેમના માતા-પિતાના ઘરે રહે છે.

ગત તા. ૦૬/૧૦/૨૦૨૫ ના તેઓ ઘરે હતાં ત્યારે તેમના જી-મેઈલ આઈડી પર કોઈ અજાણ્યા જી-મેઈલ આઈડી પરથી એક અત્યંત ભયાનક અને વાંધાજનક લખાણ વાળો ઈ-મેઈલ મળ્યો હતો. જેમા મેઈલ કરનાર વ્યક્તિએ પોતાને અંતે અનામી તરીકે દર્શાવી તેમને અને પરિવારને સ્પષ્ટ શબ્દોમાં હાથ કાપી પગ તોડી નાખવાની જેવી ગંભીર શારીરિક ઈજા પહોંચાડવાની ધમકીઓ આપી છે.


આ સિવાય મેઈલ કરનારે પોતાની વિકૃત માનસિકતાનું પ્રદર્શન કરતા ઘરની સન્માનનીય મહિલાઓ એટલે કે વૃદ્ધ માતા, બહેનો, મોટાભાઈની પત્નિ, મોટાભાઈ તેમજ પરિવારની અન્ય મહિલાઓ વિશે અત્યંત બિભત્સ અશ્લીલ અને અભદ્ર ભાષાનો (ગાળો) પ્રયોગ કર્યો છે. આ લખાણની સામગ્રી એટલી હલકી કક્ષાની છે કે જે મહિલાઓની ગરિમા અને મર્યાદાનો ભંગ કરે છે. તેવા મેઈલથી પરિવારની મહિલાઓની ગરીમાને ઠેસ પહોંચાડતા લખાણથી તેઓ અને પરિવારના તમામ સદસ્યો સતત માનસિક આઘાત, તણાવ અને ભય અનુભવતા જે અંગે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફોન કરીને અરજી કરેલ હતી.

જે અંગેની ફરીયાદ પરથી સાયબર ક્રાઈમે ગુનો નોંધી પીઆઈ બી.બી.જાડેજા અને ટીમે તપાસ આદરી હતી. જે તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો હતો અને શિક્ષકને ખરાબ મેઈલ મોકલનાર અન્ય કોઈ નહીં પણ તેની શિક્ષિકા પત્ની જ હતી. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે બંને દંપતિ વચ્ચે મનમેળ ન રહેતા બંને અલગ થયા હતા અને બાદમાં પત્નીએ ભરણપોષણનો કેસ પણ કરેલ હતો, હાલ પોલીસે તેની અટક કરવા તજવિજ આદરી હતી.

# રૂડા દ્વારા પાળમાં નવી બે ટીપી સ્કિમ બનાવાશે: બોર્ડ-બેઠકમાં ઈરાદો જાહેર

## ટીપી સ્કિમ નં.૪૩ (વાજડી વડ)ને કામ ચલાઉ મૂલ્યાંકન પરામર્શ આપવાની દરખાસ્તને પણ મંજૂરી

**અબતક, રાજકોટ**



રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની આજે ૧૮૦મી બોર્ડ બેઠક ચેરમેન તુષાર સુમેરાની અધ્યક્ષતામાં મળી છે.

જેમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૧) હેઠળ સત્તામંડળની બે સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવા અંગે મંજૂરી આપી હતી. સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૪ (પાળ) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૭ (પાળ) બનશે.

તૃતીય પુનરાવર્તીત વિકાસ યોજના બનાવવાના કામે જીઆઈએસ સોફ્ટવેરની ખરીદી કરવા બહાલી આપવામાં આવી હતી. તૃતીય પુનરાવર્તીત વિકાસ યોજના-૨૦૪૭ રૂડાના અનુરૂપ Livable Ruda, Resilience Ruda, Sustainable Ruda, Productive Rudaના રિપોર્ટ તૈયાર કરવા માટે એજન્સીની નિમણુંક કરવા તેમજ તેને આનુષાંગિક કામગીરી સોંપવાનું સર્વાનુ મતે ઠરાવવામાં આવ્યું હતું. આખરી નગર રચના યોજના નં.૪૩ (વાજડી વડ)ને કામચલાઉ મૂલ્યાંકન પરામર્શ આપવા બહાલી આપવામાં આવી હતી. રૂડાના નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના વાર્ષિક હિસાબોને બહાલી આપવામાં આવી.ચેરમેન તથા મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા, રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલીટી મહેશ જાની, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રૂડાના સી.ઈ.એ. જી.વી. મીયાણી, મુખ્ય નગર નિયોજકના પ્રતિનિધિ તરીકે આર.ડી. પરમાર તથા કોર્પોરેશનના સીટી એન્જી. કે.કે. મહેતા હાજર રહેલ હતા.

# ઉત્તર-દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ 'માવઠું': પાકને નુકશાનીની ભીતિ

## સુરત, વડોદરા, પંચમહાલ, છોટાઉદેપુર, દાહોદ સહિતના વિસ્તારોમાં મધરાતે કમોસમી વરસાદ પડ્યોઃ જગતાતમાં ચિંતાનું મોજુ

**અબતક,રાજકોટ**

શિયાળાની સિઝન હવે વિદાય લેવા તરફ આગળ વધી રહી છે. ઉનાળાના પગરવ થઈ રહ્યા છે. ત્યારે પાડોશી રાજય રાજસ્થાનમાં સર્જાયેલા સાયકલોનીક સરકયુલેશનની અસરના કારણે વધુ એકવખત ગુજરાતના અનેક વિસ્તારોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં ગત મધરાતે કેટલીક જગ્યાએ કમોસમી વરસાદ પડયો હતો. ખેતરોમાં તૈયાર થઈને ઉભેલા પાકને પારાવાર નુકશાની થવાની પણ ભીતિ ઉભી થવા પામી છે. આગામી એકથી બે દિવસ હજી વાદળછાયું વાતાવરણ રહેશે રાજયમાં કેટલાક વિસ્તારોમા કમોસમી વરસાદ પડો તેવી આગાહી આપવામાં આવી છે. આવતા સપ્તાહથી રાજયમાં મહતમ તાપમાનનો પારો બે થી ત્રણ ડિગ્રી સુધી ઉંચકાશે.રાજયમાં એક સાથે ત્રણ ત્રણ સિસ્ટમ સક્રિય થવાના કારણે ફરી એકવાર વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ગત મધરાત્રે દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, ગોધરા, વડોદરા, હાંસોટ પંથકમાં માવઠા વરસી રહ્યા છે.જેના કારણે મકાઈ, તુવેર અને ઘઉં સહિતના પાકને નુકશાની થવાની ભીતિ રહેલી છે. માવઠાથી વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી જવા પામી છે.એક તરફ લગ્નસરાની સિઝન ચાલી રહી છે. ત્યારે કમોસમી વરસાદથી લગ્ન પ્રસંગવાળા પરિવારમાં ચિંતા પ્રસરી જવા પામી છે. ભરૂચમાં પણ વાતાવરણમાં પલ્ટો આવ્યો છે.આગામી બે દિવસ સુધી વાતાવરણ પલટાયેલું રહેશે આજે લઘુતમ તાપમાનનો પારો થોડો નીચો પટકાયો હતો. થોડી ઠંડકનો અનુભવ થતો હતો. આજે અમદાવાદનું લઘુતમ તાપમાન ૨૦.૫ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૧૭.૨ ડિગ્રી, બરોડાનું તાપમાન ૨૧.૪ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૨૨.૪ ડિગ્રી, ભુજનું તાપમાન ૧૮.૨ ડિગ્રી, દમણનું તાપમાન ૧૮.૨ ડિગ્રી, દિવનું તાપમાન ૧૬.૮ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૧૯.૬ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૧૯.૪ ડિગ્રી, કંડલાનું તાપમાન ૧૯ ડિગ્રી, નલીયાનું તાપમાન ૧૫.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૧.૨ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૧૬.૪ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૧૯.૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૨૦.૨ ડિગ્રી અને વેરાવળનું તાપમાન ૨૦.૪ ડિગ્રી નોંધાયું હતુ.વાતાવરણમાં આવેલા પલટાથી જગતતાતમા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ખેતરોમાં ઉભા પાકને પારાવાર નુકશાન થવા પામ્યું છે. વારંવાર ત્રાટકતા કમોસમી વરસાદના કારણે ખેડુતોએ હાલાકીનો સામનો કરવો પડે છે.

# બેડી ચોકડી નજીકથી ૫૭૬ બોટલ દારૂ ભરેલી કાર ઝડપાઈ

## દારૂ, કાર, મોબાઈલ સહીત રૂ. ૩.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે : વિંછીયાનો બુટલેગર હસમુખની ધરપકડ

**અબતક,રાજકોટ**

શહેરના બેડી ચોકડી નજીકથી દારૂ ભરેલી કાર સાથે ક્રાઈમ બ્રાન્ચે બુટલેગરની ધરપકડ કરી હતી. દારૂનું કટીંગ કરી છૂટકમાં વેંપલો કરે તે પૂર્વે જ વિંછીયાના હસમુખને દબોચી શરાબની ૫૭૬ બોટલ, કાર, મોબાઈલ મળી કુલ રૂ. ૩.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી લેવાયો હતો. જયારે રાજસ્થાનીથી દારૂ ભરી કાર ચોટીલા ખાતે દઆપી જનાર શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## કટીંગ કરી શરાબનો વેંપલો કરે તે પૂર્વે જ ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો : રાજસ્થાનથી દારૂ ભરેલી કાર ચોટીલા ખાતે આપી જનાર શખ્સની શોધખોળ

દારૂના દરોડાની મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈ અનિલભાઈ સોનારા, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી અને કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા અને રાજેશભાઈ ચાવડા માધાપર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, જીજે-૦૩-ડીએન-૯૦૦૮ નંબરની સિલ્વર કલરની વેગેનઆર કાર અમદાવાદ - જામનગર બાયપાસ સોખડા ચોકડીથી બેડી ચોકડી તરફ આવે છે, જેમાં વિદેશી દારૂનો જથ્થો છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ બેડી ચોકડી નજીક વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન બાતમી મળેલી કાર ત્યાંથી પસાર થતાં રોડ પર આડશ ઉભી કરી કારને અટકાવી તલાસી લેતા તેમાંથી રૂ. ૨ લાખનો વિદેશી દારૂની ૫૭૬ બોટલ મળી આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમે વિદેશી દારૂ, કાર, મોબાઈલ મળી રૂ.૩.૧૨ લાખના મુદ્દામાલ સાથે વિછીયા તાલુકાના મોટા હડમતીયા ગામે રહેતો અને ખેતી કરતો હસમુખ નારણભાઈ સકોરીયા નામના બુટલેગરની ધરપકડ કરી છે. ઝડપાયેલા શખ્સની દારૂ અંગે પૂછપરછ કરતા તેને વિદેશી દારૂ રાજસ્થાનનો મારવાડી શખ્સ ચોટીલા સુધી પહોંચાડી ગયો હતો અને ત્યાંથી તે પોતાની કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈ કટીંગ કરવાં મોટા હડમતિયા ગામ તરફ જઈ રહ્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળેલી માહિતી મુજબ હસમુખ સકોરીયા અગાઉ બાબરા ,જસદણ અને વિછીયા પોલીસના ચોપડે દારૂના ગુનામાં ચડી ચૂક્યો છે. જેથી પોલિસે હવે રાજસ્થાનના મારવાડી સપ્લાયર વિરુદ્ધ ગુનો નોંધી શોધ ખોળ હાથ ધરી છે.

# કોંગ્રેસમાં ભડકોઃ મંત્રી પદેથી પિયુષ ખાત્રાણીનું રાજીનામું

## અંગત કારણોસર પક્ષના તમામ હોદ્દાઓ છોડ્યા

**અબતક, રાજકોટ**



કોર્પોરેશનની ચૂંટણી પૂર્વે શહેર કોંગ્રેસમાં ભડકો થયો છે. તાજેતરમાં પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજા દ્વારા સંગઠનના હોદ્દેદારો જાહેર કરવામાં આવ્યા હતા. હજુ ટીમ એકાબીજાને પૂરી રીતે ઓળખે તે પૂર્વે જ રાજીનામા પડવાનું શરૂ થઈ ગયું છે. મંત્રી સહિતના તમામ પદો પરથી પિયુષ ખાત્રાણી (પટેલ)એ રાજીનામું આપી દીધું છે. તેઓએ રાજીનામા પત્રમાં લખ્યું છે કે હાલ તેઓ કોંગ્રેસના મંત્રી તરીકે ફરજ બજાવે છે. અંગત કારણોસર તેઓ મંત્રી સહિતના કોંગ્રેસના તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપી રહ્યા છે. તેઓને કોઈને સામે કોઈ જ પ્રકારનો વ્યક્તિગત વાંધો નથી. અગાઉ તેઓ વોર્ડ નં.૧૭ના મહામંત્રી તરીકે અને વિધાનસભા-૭૦ના મહામંત્રી તરીકે પણ ફરજ બજાવતા હતા.

# ન્યારા ગામના પાટિયા પાસે આર્થિક ભીંસથી કંટાળી પ્રૌઢએ એસિડ પીધું

## વોરા સોસાયટીમાના આધેડે કર્યો આપઘાતનો પ્રયાસ

**અબતક રાજકોટ**

શહેરના માધાપર ચોકડી પાસે આવેલી વોરા સોસાયટીમાં રહેતા અને સોની કામ કરતા પ્રૌઢે આજે સવારે જામનગર રોડ પર ન્યારા ગામના પાટીયા પાસે એસિડ પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. ધંધો બરાબર ન ચાલતો હોવાથી આર્થિક ભીંસમાં આવી તેમણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ, વોરા સોસાયટીમાં રહેતા હિરેનભાઈ જગજીવનભાઈ ધકાણ (ઉં.વ. ૪૯) આજે સવારે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ જામનગર રોડ પર ન્યારા ગામના પાટીયા પાસે હતા, ત્યારે તેમણે અચાનક એસિડ ગટગટાવી લીધું હતું. આસપાસના લોકોના ધ્યાને આવતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે હિરેનભાઈ સોની કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. કઈ કામ ધંધો ન હોવાથી છેલ્લા બે મહિનાથી તે ઘરે જે છે, સંતાનમાં તેમને એક દીકરી છે. બનાવની જાણ થતા પડધરી પોલીસે હોસ્પિટલ પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાથમિક દ્રષ્ટિએ આર્થિક ભીંસના કારણે આ પગલું ભર્યું હોવાનું મનાય છે, પરંતુ વાસ્તવિક કારણ શું છે અથવા અન્ય કોઈ દબાણ હતું કે કેમ તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વિવિધ કેસોની સુનાવણી:ગુરૂવારે લેન્ડ ગ્રેબિંગ કમિટીની બેઠક

## સમિતિ દ્વારા કેસોના સંદર્ભમા પાંચ અરજદારોને રૂબરૂ બોલાવી સાંભળવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને લેન્ડ ગ્રેબિંગ સમિતિની બેઠક ગુરૂવારે મળશે. આ બેઠકમાં સમિતિ દ્વારા કુલ ૩૦ જેટલા કેસો પર ગહન ચર્ચા કરવામા આવશે અને પાંચ લોકોને રૂબરૂ બોલાવવામાં આવ્યા છે.

વધુમાં, સમિતિ દ્વારા આ કેસોના સંદર્ભમાં ૫ જેટલા અરજદારોને રૂબરૂ સાંભળવામાં આવશે. અરજદારોને તેમની રજૂઆત કરવાનો અને પુરાવા રજૂ કરવાનો મોકો મળશે, જેના આધારે સમિતિ તટસ્થ મૂલ્યાંકન કરી શકશે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જમીન પચાવી પાડવાના કેસોનો ઝડપી અને યોગ્ય નિકાલ લાવવાનો છે, જિલ્લા કલેક્ટર દ્વારા તમામ સંબંધિત અધિકારીઓને બેઠકમાં હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. આ



બેઠક જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશના અધ્યક્ષ સ્થાને મળશે.બેઠકમાં જિલ્લા કલેકટર ઉપરાંત પોલીસ વિભાગના અધિકારીઓ પણ હાજર રહેશે.

ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ ૨૦૨૦ રાજ્યની કેબિનેટ બેઠકમાં ભૂમાફિયાઓ પર અંકુશ મેળવવા માટે સરકારે નિર્ણય કર્યો હતો. આ માટે લાવવામાં આવેલાં લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટને કેબિનેટે મંજૂરી આપી દીધી હતી. આ કાયદામાં જમીન હડપનારને ૧૦થી ૧૪ વર્ષની સજાની જોગવાઈ છે. કોર્ટમાં લેન્ડગ્રેબિંગ કેસનો ચુકાદો ૬ માસમાં આવશે. આ કાયદા હેઠળ ગેરકાયદેસર કબ્જો લેનાર, આ જમીન ઉપર બાંધકામ માટે નાણાકિય સહાય કરનાર, તેમજ ભોગવટેદારો પાસેથી ધાક-ધમકીથી ભાડુ, વળતર કે અન્ય વસૂલાત કરનાર અને તેમાં મદદગારી કરનાર એવા તમામને જમીન પચાવી પાડનારની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

# ધુળેટીએ ગીતા મંદિરથી રતનપર રામચરિત માનસ મંદિરે પદયાત્રાઃ નામ નોંધણી પ્રારંભ

**અબતક,રાજકોટ**

મોરબીરોડ પર રતનપર ખાતે દર્શનીય યાત્રાધામ શ્રીરામચરિતમાનસ મંદિરમાં દર વર્ષે ભવ્ય ફૂલડોલ મહોત્સવ ઉજવાય છે. જેમાં ભાવિકો ઉમટી પડે છે. અગાઉ ફૂલડોલ પ્રસંગે બ્રહ્મલીન ભાગવતાચાર્ય મનહરલાલજી મહારાજની નિશ્રામાં સેંકડો ભાવિકો રાજકોટથી રતનપર સુધીની પદયાત્રામાં જોડાતા હતા,જેમાં ૭૦ વર્ષની જૈફ વયે મનહરલાલજી મહારાજ સ્વયં ચાલીને પદયાત્રા કરતાં હતા. તે પરંપરા મુજબ પૂ. હરિચરણદાસજી મહારાજના શુભાશિષથી આ વર્ષે ધૂળેટી તા.૪ માર્ચને બુધવારે રાજકોટથી રામચરિતમાનસ મંદિરની પદયાત્રાનું આયોજન કરેલ છે.જેનો પ્રારંભ ગીતા વિદ્યાલય ટ્રસ્ટ-ગીતા મંદિર જંકશન પ્લોટથી સવારે ૭-૦૦ કલાકે થશે.સિયારામ મંડળી આયોજિત શ્રમ,આરોગ્ય, શિક્ષણ અને અધ્યાત્મનો સંદેશો ફેલાવતી આ પદયાત્રામાં સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ,સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો,શાળા-કોલેજના વિદ્યાર્થીઓ,સદ્દગુરુભક્તો,દાણાપીઠ, માર્કેટયાર્ડના વ્યાપારીશ્રેષ્ઠીઓ, વિવિધ મહિલા મંડળના બહેનો,ભાવિકો,દર્શનાર્થીઓ જોડાશે.

# ભુજ નજીક દારૂના કટીંગ વેળાએ મોનિટરિંગ સેલે દરોડો પાડી ૪ કરોડનો શરાબ સાથે બે ઝડપાયા

## નવજયોત ઉર્ફે નવઘણ મહારાજ, અનોપસિંહ રાઠોડ, દેવેન્દ્ર ઉર્ફે દેવો કાપડી સહિત લિસ્ટેડ બુટલેગરો સહિત ૨૩ની શોધખોળ

**અબતક,રાજકોટ**

પૂર્વ કચ્છ ના ભુજ તાલુકાના વડવાળા ગામે વિદેશી દારૂના કટીંગ મોનિટરિંગ સેલે દરોડો પાડી રૂપિયા ૪ કરોડની કિંમતનો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. બે શખસની ધરપકડ કરી ૫૬૦૦૦ શરાબની બોટલ બે ટ્રક સહિત ચાર વાહનો બે મોબાઈલ મળી રૂપિયા પાંચ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.દરોડાને પગલે નાશ ભાગ મચી જવા પામ્યો છે. પોલીસે ત્રણ લીસ્ટેડ બુટલેગર સહિત ૨૧ શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવે છે. એસ એમ સી ના દરોડા ને પગલે સ્થાનિક પોલીસ અને મહત્વની બ્રાન્ચમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. વધુ વિગત મુજબ ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં શરાબની રેલમ સેલ થતી હોવાની રાજ્યના પોલીસવાળા કે એલ એન રાવ ને ધ્યાન આવતા બુટલેગરો સામે કડક હાથે કામગીરી કરવા આપેલી સૂચનાને પગલે સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિલિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ એસ.પી મયુરસિંહ રાઠોડ સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ભુજ તાલુકાના વડવાળા ગામની સીમમાં વિદેશી દારૂનું કટીંગ થતું હોવાની પીએસઆઈ એસવી ગળચર સહિતના ટાપને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડયો હતો. નરોડા દરમિયાન થર્ડ પરથી રૂપિયા ૪ કરોડની કિંમતનો ૫૬૦૦૦ વિદેશી દારૂની બોટલ સાથે રાપરનો જશરામ જગા ભરવાડ મેઘપર બોરીચી નો વિશાલ બીરેન ની ધરપકડ કરી હતી પોલીસે દારૂ બે ટ્રક એક મિનિટ ટ્રક વન બે મોબાઈલ મળી ૫ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે. ધરોડા દરમિયાન નાશ ભાગ મચી ગયો હતો. પોલીસે ભુજ નો નવ જ્યોત ઉલ્ફે નવઘણ રાજગોર મહારાજ અનોપસિંહ અભેસિંહ રાઠોડ દેવેન્દ્ર ઉર્ફે દેવો ખોડીદાસ કાપડી સહિત ત્રણે લિસ્ટેડ બુટલેગરોએ આ દારૂનો જથ્થો મંગાવ્યો હતો જ્યારે શિવરાજ વિરમ ગઢવી રાહુલ મહારાજ ગોપાલ કેસાજી રાજગોર જેકી બાવાજી કરણ ભાઈઓ ગોપાલસિંહ બનેસિંહ વાઘેલા હાર્દિક મહારાજ કલ્પેશ મહારાજ અને મુસ્તુફા ઉર્ફે રાહુલ પઠાણ તેમજ સાત અજાણ્યા મળી ૨૩ શખ્સો ને ઝડપી લેવા પોલીસે દોડધામ હાજરી છે

# માલિયાસણ નજીક માનવ કંકાલ મળતા ખળભળાટ

## આઈઓસી પ્લાન્ટ નજીકથી કંકાલ મળતા પોલિસ દોડી ગઈ : ફોરેન્સિક પીએમ કરાવવા તજવીજ

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ માલિયાસણ પાસેથી માનવ કાંકલ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી જઈ તપાસનો ધમધમાટ આદર્યો હતો. હાલ પોલીસે કંકાલને ફોરેન્સિક પીએમ માટે હોસ્પિટલમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આજે સવારે માલિયાસણ નજીક આવેલ આઈઓસી પ્લાન્ટ પાસે જાહેરમાં એક માનવ કંકાલ હોવાની જાણ કુવાડવા રોડ પોલીસ મથકને થતા જ પીઆઈ બીપી રજિયા સહિતનો મોટો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને હાલ જરૂરી કાર્યવાહી કરી પોલીસે તે માનવ કંકાલને ફોરેન્સિક પીએમ અર્થે હોસ્પિટલે ખસેડ્યું હતું.હાલ પોલીસે અકસ્માત મોતની નોંધ કરી હતી. તબીબના રિપોર્ટ આવ્યા બાદ જ જાણ થશે કે આ માનવ કંકાલ કોનું છે, ઉપરાંત પોલીસે આસપાસના વિસ્તારમાં ગુમ થયેલ વ્યક્તિઓની પણ તપાસ આદરી હતી.

# ૨૪ કલાકમાં મહાપાલિકાના કર્મચારી સહિત ત્રણ લોકોના હાર્ટ એટેકથી મોત

## રણછોડનગર, માયાણીનગર અને તિરુપતિ નગરમાં અલગ-અલગ વિસ્તારોમાં ત્રણ વ્યક્તિના હૃદય થંભી ગયા

અબતક,રાજકોટ

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી હાર્ટ એટેકના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. ગત ૨૪ કલાકમાં અલગ-અલગ વિસ્તારોમાં ત્રણ વ્યક્તિઓના હાર્ટ એટેકથી મોત થયા છે. શહેરના રણછોડનગર વિસ્તારમાં નારાયણનગર-૪ પાસે રહેતા મુકેશભાઈ પોલાભાઈ મેમાક્યિા (ઉં.વ. ૫૪) પોતાના ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ ગયા હતા. તેમને તુરંત સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક મુકેશભાઈ ઈન્વિટેશન કાર્ડનું કામ કરતા હતા. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. પાંચ ભાઈ-બહેનોમાં તેઓ સૌથી નાના હતા. બીજા બનાવમાં માયાણીનગર ક્વાર્ટર નંબર ૭૬, રાજનગર ચોક પાસે રહેતા રાજેશભાઈ નરશીભાઈ ભડોલિયા (ઉં.વ. ૫૦) પોતાના ઘરે એકાએક બેભાન થઈ ઢળી પડ્યા હતા. સિવિલ હોસ્પિટલ પહોંચાડતા ડોક્ટરોએ તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા.ત્રીજા બનાવમાં તિરૂપતિ નગર-૭, હનુમાન મઢી પાસે રહેતા કશ્યપભાઈ નરેન્દ્રભાઈ ઠાકર (ઉં.વ. ૪૪) સવારે સાત વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે અચાનક તબિયત લથડતા બેભાન થઈ ગયા હતા. સિવિલ હોસ્પિટલ ખાતે ડો. મિતાલી ગોસાઈએ તેમને હાર્ટ એટેકને કારણે મૃત જાહેર કર્યા હતા. મૃતક કશ્યપભાઈ આરએમસી વર્કશોપ અમૂલમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા અને તેમને સંતાનમાં બે દીકરાઓ છે.

(પહેલા પાનાનું ચાલુ)

### લગ્નની નોંધણી...

નાથદ્વા જેવા ગામોમાં, જ્યાં એક પણ મુસ્લિમ પરિવાર નથી, ત્યાં તલાટી-કમ-મંત્રી દ્વારા સેંકડો 'નિકાહ' સર્ટિફિકેટ ઇશ્યુ કરવામાં આવ્યા છે. જે ઊંડાણપૂર્વક તપાસ કરીને કડક કાર્યવાહી કરવામાં આવી છે.

નવા સૂચિત નિયમોની મુખ્ય વિશેષતાઓ અંગે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર દીકરીઓના સુરક્ષા કવચ સમાન જે ફેરફારો લાવી રહી છે તેમાં મુખ્યત્વે માતા-પિતાની સામેલગીરી છે. લગ્નની નોંધણી વખતે હવે માતા-પિતાને જાણ કરવામાં આવશે અને તે માટે એક અલગથી પોર્ટલ પણ બનાવવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, આ નવા નિયમો અંગે રાજ્યના નાગરિકો પાસેથી ૩૦ દિવસ સુધી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા છે. એક કમિટીની રચના કરવામાં આવશે જે બંધારણીય મર્યાદામાં રહીને યોગ્ય સૂચનો ધ્યાને લઈ તેનો અમલ કરવામાં આવશે.

હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દીકરી જ્યારે જન્મે છે ત્યારે પિતાના આંગણામાં તુલસીનો ક્યારો બનીને ઉછરે છે. લવ-મેરેજનો વિરોધ નથી, પણ 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે આ સરકાર ચોક્કસપણે સખત પગલા લેશે. આ સરકાર દરેક દીકરીના સન્માનની અને આપણી સનાતન પરંપરાની રક્ષક છે.

હર્ષ સંઘવીએ 'લવ જેહાદ' અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, ઓળખ છુપાવીને થતા લગ્નો એ આપણી સંસ્કૃતિ પરનું આક્રમણ છે. સનાતન પરંપરા અને ભારતની લગ્ન વ્યવસ્થાને બચાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર કટિબદ્ધ છે. તેમણે કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે, ''કોઈ સલીમ સુરેશ બનીને રાજ્યની દીકરીને ફસાવશે તો આ સરકાર એવા હાલ કરશે કે તે ભવિષ્યમાં કોઈ દીકરી સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ નહીં કરે.''

રાજ્યની અનેક સામાજિક સંસ્થાઓ સાથે છેલ્લા ત્રણ મહિનામાં કાયદા અને ન્યાય વિભાગના રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાએ પણ ૩૦ જેટલી બેઠકો યોજીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### ટ્રમ્પ...

પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને યુએઈ સહિતના ૨૭ દેશો જોડાયા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના અનેક વૈશ્વિક નેતાઓને આ બોર્ડમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું હતું. નોંધનીય છે કે, અગાઉ ૨૨ જાન્યુઆરીના રોજ દાવોસમાં જ્યારે ટ્રમ્પે આ પીસ બોર્ડની સત્તાવાર જાહેરાત કરી હતી, ત્યારે ભારત તે સમારોહમાં ગેરહાજર રહ્યું હતું.

છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા હમાસ અને ઈઝરાયેલ વચ્ચેના વિનાશક યુદ્ધને કારણે ગાઝા પટ્ટી સંપૂર્ણપણે ખંડેરમાં ફેરવાઈ ગઈ છે. આ 'બોર્ડ ઓફ પીસ' ની રચના વાસ્તવમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે થયેલા યુદ્ધવિરામ કરારના બીજા તબક્કા અંતર્ગત કરવામાં આવી છે. ગાઝામાં આવાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે અમેરિકાએ પ્રારંભિક ૧ અબજ ડોલરના પેકેજની રૂપરેખા આપી દીધી છે. જોકે, આ ભંડોળનો ઉપયોગ કડક સુરક્ષા શરતો અને નિયમોને આધીન રહેશે, જેથી ખાતરી કરી શકાય કે નાણાંનો ઉપયોગ માત્ર શાંતિ અને વિકાસ માટે જ થાય.

આ 'બોર્ડ ઓફ પીસ' ને આંતરરાષ્ટ્રીય સ્તરે સંયુક્ત રાષ્ટ્રના એક સીધા હરીફ સંગઠન તરીકે જોવામાં આવી રહ્યું છે. ટ્રમ્પે અગાઉ ખુલ્લેઆમ નિવેદન આપ્યું હતું કે યુએન ક્યારેય તેની ક્ષમતા મુજબ કામ કરી શક્યું નથી, અને તેથી આ નવું બોર્ડ ભવિષ્યમાં કદાચ યુએનનું સ્થાન લઈ શકે છે. આ બોર્ડનો હેતુ માત્ર ગાઝામાં શાંતિ લાવવાનો જ નથી, પરંતુ ભવિષ્યમાં અન્ય વૈશ્વિક સંઘર્ષોને પણ ઉકેલવાનો છે.

આ સંગઠનના સત્તાવાર સંચાલન માટે ૧૭ જાન્યુઆરીએ એક્ઝિક્યુટિવ બોર્ડને આખરી ઓપ આપવામાં આવ્યો હતો, જેમાં ટોચના મુત્સદ્દીઓ અને નાણાકીય નિષ્ણાતોની પસંદગી કરવામાં આવી છે. આ બોર્ડમાં અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનરનો સમાવેશ થાય છે. સૌથી નોંધનીય બાબત એ છે કે આ બોર્ડમાં ભારતીય મૂળના અને વર્લ્ડ બેંકના વર્તમાન પ્રમુખ અજય બંગા (જેમને પદ્મશ્રી પણ એનાયત થયેલ છે) ને પણ સામેલ કરવામાં આવ્યા છે. તેમની નાણાકીય નિપુણતા ગાઝાના પુનર્નિર્માણ માટેના ફંડના સંચાલનમાં મહત્વની ભૂમિકા ભજવશે.

### સબમરિન...

એશિયાને કવર કરી શકે છે. આ સબમરીન પાણીની અંદર એટલી શાંતિથી ચાલે છે કે દુશ્મન તેને પકડી શકશે નહીં.

ભારતની નીતિ છે કે આપણે પહેલા પરમાણુ હુમલો નહીં કરીએ, પણ જો કોઈ આપણા પર કરે, તો આ સબમરીન સમુદ્રના પેટાળમાં છુપાઈને ગમે ત્યાંથી વળતો પરમાણુ હુમલો કરી દુશ્મનને નેસ્તનાબૂદ કરી શકે છે. પાકિસ્તાન ચીન પાસેથી ૮ નવી સબમરીન લઈ રહ્યું છે, ત્યારે ભારતનું આ પગલું સંતુલન જાળવવા જરૂરી છે. હવે ભારત પાસે દરિયામાં ૩૬૫ દિવસ, ૨૪ કલાક કોઈને કોઈ પરમાણુ સબમરીન તૈનાત રહેશે. આ સબમરીન સંપૂર્ણપણે ભારતમાં બનેલી છે, જે રક્ષણ ક્ષેત્રે ભારતની વધતી ક્ષમતા દર્શાવે છે.

### દવા...

જારી કરાઈ છે. નિષ્ણાતોના મતે, આ દવાથી 'એગ્રાન્યુલોસાયટોસિસ' નામનો દુર્લભ પણ જીવલેણ રક્ત વિકાર થઈ શકે છે, જેમાં શરીરમાં શ્વેત કણોનું પ્રમાણ એકાએક ઘટી જાય છે. આ સ્થિતિમાં દર્દી ગંભીર ચેપનો શિકાર બની શકે છે. જો આ દવા લેતા દર્દીને અચાનક તાવ આવે, ગળામાં દુખાવો થાય કે વારંવાર ચેપ લાગે, તો તેણે તરત જ ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, આ દવાઓ અસરકારક અને સુરક્ષિત છે, પરંતુ આ નવી ચેતવણીઓનો હેતુ ડોક્ટરો અને દર્દીઓને જાગૃત કરવાનો છે. મેક્સ હોસ્પિટલના ડાયરેક્ટર ડો. રોમિલ ટીકુના જણાવ્યા મુજબ, આવી પ્રોએક્ટિવ સિસ્ટમથી દર્દીઓની સુરક્ષા વધે છે અને જો સમયસર લક્ષણો ઓળખી લેવામાં આવે તો મોટી હોનારત ટાળી શકાય છે. સરકારે તમામ રાજ્યોના લાયસન્સિંગ સત્તાધિકારીઓને આદેશ આપ્યો છે કે તેઓ સુનિશ્ચિત કરે કે તમામ દવા ઉત્પાદકો તેમની પ્રિસ્ક્રિપ્શન માહિતી તાત્કાલિક અપડેટ કરે.

(ચોથા પાનાનું ચાલુ)

### અરિહંત ઈન્વેસ્ટમેન્ટ...

અને નિવૃત્તિ પછી જીવન કેટલું નિશ્ચિંત છે તે છે. ઘણા લોકો કહે છે કે હજુ સમય છે, પછી શરૂ કરીશું, પરંતુ જીવનનો અનુભવ કહે છે કે યોગ્ય સમય ક્યારેય પોતે આવીને દરવાજો ખખડાવતો નથી-સમય બનાવવો પડે છે, નિર્ણય લેવો પડે છે. તેથી આજનો સંદેશ બહુ સરળ છે: આજે નહીં તો ક્યારેય નહીં. આજનો નાનો નિર્ણય, આજની નાની બચત, આવતીકાલે તમારા પરિવાર માટે મોટી સુરક્ષા અને મજબૂત ભવિષ્યનો આધાર બની શકે છે.

મોબાઈલ ખરીદતા પહેલાં આપણે પૂરી રિસર્ચ કરીએ છીએ, ગાડી લેતા પહેલાં યોગ્ય પ્લાનિંગ કરીએ છીએ, પરંતુ રોકાણની બાબતમાં ઘણા લોકો પ્લાનિંગ કરવાથી ડરે છે. પૈસાની દુનિયા જટિલ લાગતી હોવાથી અથવા ખોટું નિર્ણય લેવાઈ જશે તેવી ભીતિથી લોકો નિર્ણય લેતા અટકી જાય છે. આ ડર દૂર કરવા અને લોકોને સાચી, સરળ અને વિશ્વસનીય નાણાકીય સમજ આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં તમને રોકાણની સાચી દિશા, સરળ સમજ અને ભવિષ્યને સુરક્ષિત બનાવવા માટે જરૂરી માર્ગદર્શન મળશે, જેથી તમે નિર્ભય બનીને તમારા પૈસાને કામ પર લગાવી શકો

શ્રી સોલંકીએ વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આર્થિક સ્વતંત્રતા એટલે શું? આર્થિક સ્વતંત્રતા એટલે એવી સ્થિતિ જ્યાં તમારી આવક અને બચત એટલી મજબૂત હોય કે જીવનના ખર્ચ માટે તમારે કોઈ પર આધાર રાખવો ન પડે અને પૈસાની ચિંતા વિના તમે તમારા જીવનના નિર્ણયો લઈ શકો. જો તમારી પાસે એટલી બચત અને રોકાણ છે કે તેના વ્યાજ/રિટર્નથી તમારો માસિક ખર્ચ નીકળી જાય, તો તમે આર્થિક રીતે સ્વતંત્ર છો.

આપણે કામ કરીએ, પણ પૈસા આરામ કરે છે - આ આપણા નાણાકીય જીવનની સૌથી મોટી વિસંગતતા છે. આપણે રોજ મહેનત કરીએ છીએ, સમય આપીએ છીએ, ઊર્જા ખર્ચીએ છીએ, પરંતુ આપણા પૈસા ઘણીવાર બેંક ખાતામાં નિષ્ક્રિય પડ્યા રહે છે. સાચી સમજદારી ત્યારે છે, જ્યારે આપણે કામ કરીએ અને આપણાં પૈસાને પણ કામ પર લગાડીએ. રોકાણ, જ્ઞાન અને યોગ્ય આયોજન દ્વારા પૈસા તમારા માટે કમાવા લાગે છે. ત્યારે જ સાચી પ્રગતિ થાય છે-જ્યારે માણસ કામ કરે અને પૈસા પણ સાથે સાથે કામ કરે.

સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, બજાર ખરાબ નથી, આપણો સ્વભાવ ખરાબ છે. ઘણા લોકો બજારને દોષ આપે છે કે મ્યુચ્યુઅલ ફંડ કામ નથી કરતું, પૈસા ડૂબી જાય છે. પરંતુ હકીકત એ છે કે સમસ્યા બજારમાં નથી, સમસ્યા આપણી ધીરજમાં, આપણા ડરમાં અને આપણા અશિસ્તભર્યા સ્વભાવમાં છે. બજાર લાંબા ગાળે સંપત્તિ બનાવે છે, પરંતુ આપણે ટૂંકા ગાળાના લાલચ અને ભયમાં ખોટા નિર્ણય લઈ લઈએ છીએ. જો સ્વભાવમાં શિસ્ત, ધીરજ અને સમજદારી આવે, તો બજાર નહીં-આપણી જિંદગી બદલાઈ શકે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, તમારું વળતર મોંઘવારી કરતા વધારે હોવું જોઈએ. કારણ કે જો તમારા પૈસાનો વૃદ્ધિ દર મોંઘવારી કરતા ઓછો હોય, તો વાસ્તવમાં તમારી સંપત્તિ વધતી નથી-ઘટે છે. આજે જે રૂપિયા તમને શક્તિ આપે છે, તે જ રૂપિયા આવતીકાલે ઓછું ખરીદી શકશે. તેથી માત્ર બચત પૂરતી નથી, બચતને યોગ્ય જગ્યાએ રોકવી જરૂરી છે, જેથી તમારા રોકાણમાંથી મળતું વળતર મોંઘવારીને પછાડી શકે. સાચી સમજદારી એ છે કે પૈસા સુરક્ષિત રહે તે સાથે વધે પણ-ત્યારે જ ભવિષ્ય સાચે સુરક્ષિત બને છે.

ઉલ્લેખનીય છે કે ૨૬ વર્ષથી વધુ સમયના અનુભવ સાથે અરિહંત ઈન્વેસ્ટમેન્ટ રોકાણ ક્ષેત્રે વિશ્વાસનું પ્રતિબિંબ બની રહ્યું છે. શરૂઆતમાં માત્ર ૫૦ ગ્રાહકો સાથે શરૂ થયેલી આ યાત્રા આજે ૩,૦૦૦થી વધુ રોકાણકારોના વિશ્વાસ સુધી પહોંચેલી છે. મેહુલભાઈ દ્વારા દરેક રોકાણકારને યોગ્ય અને દીર્ઘકાલીન નાણાકીય આયોજન અંગે ચોક્કસ માર્ગદર્શન આપવામાં આવે છે. અહીં દરેક ગ્રાહકના અભિપ્રાય, સૂચન અને પ્રતિસાદને વિશેષ મહત્વ આપવામાં આવે છે, જેથી સેવાઓ સતત વધુ અસરકારક અને ગ્રાહકકેન્દ્રિત બને.

રોકાણકારોના અભિપ્રાય અને પ્રતિસાદને અરિહંત ઈન્વેસ્ટમેન્ટ દ્વારા વિશેષ મહત્વ આપવામાં આવે છે, જેથી સેવાઓ સતત વધુ ગુણવત્તાસભર અને અસરકારક બને. અરિહંત ઈન્વેસ્ટમેન્ટની કાર્યાલય ઓફિસ નં. ૩૦૧, ત્રીજો માળ, સાધના ડાઉન ટાઉન બિલ્ડિંગ, જ્યુબેલી ચોક, પંજાબ નેશનલ બેંકની બાજુમાં તથા ગાંધી મ્યુઝિયમની સામે, રાજકોટ ખાતે સ્થિત છે. આપના નાણાકીય આયોજનને મજબૂત અને સુરક્ષિત બનાવવા માટે એકવાર અમારી મુલાકાત અવશ્ય લેશો.

### મેહુલ રવાણી...

નથી બનાવતા. સપના મોટા હોય તો વિચાર પણ મોટા રાખવા પડે. ભવિષ્યના સપનાઓ માત્ર વિચારવાથી પૂરાં થતા નથી, તેને સાચી દિશામાં ફેરવવા પડે. સમયને પકડી લો, નહીં તો સમય તમને પાછળ રાખી દેશે-અને નાણાકીય જીવનમાં આ વાત સૌથી વધુ સાચી છે. આજથી જ્ઞાન શરૂ કરવી એટલે સમયને તમારા પક્ષમાં વાળવો. જ્ઞાન તમને શિસ્તબદ્ધ બચતની આદત પાડે છે અને ધીમે ધીમે તમારા મોટા સપનાઓને હકીકતમાં ફેરવે છે. આજે લીધેલું નાનું પગલું આવતીકાલે તમારી મોટી સફળતાનું પાયાનું પથ્થર બની શકે છે.

### શ્રીનાથધામ હવેલી...

વિશેષ મહત્વ ધરાવે છે અને જીવનને શ્રીકૃષ્ણ ભક્તિ સાથે સંકળાવતી પવિત્ર સંસ્કારરૂપ વિધિ માનવામાં આવે છે.

હવેલીમાં ઉપસ્થિત ભક્તોએ આ દિવ્ય પ્રસંગને જીવનનો સ્મરણિય ક્ષણ ગણાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને ભવ્ય રીતે સંપન્ન થયો હતો, જેમાં રાજકોટ સહિત આસપાસના વિસ્તારોમાંથી વૈષ્ણવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ધર્મેન્દ્રસિંહ કોલેજ...

પ્રથમ સત્રમાં ડો. આત્માન શાહે સંશોધન પેપર લખવા માટેનું માળખું, સંશોધન પત્રને શીર્ષક કેમ નક્કી કરવું તેના પર ભાર મુકેલ. તેમણે પોતાના સંશોધન પ્રોજેક્ટસનાં વિવિધ ઉદાહરણો રજુ કરી સંશોધન પત્ર તૈયાર કરવાના દરેક તબક્કે અઢળક ઉદાહરણો સાથે વિસ્તૃત જ્ઞાન પ્રદાન કર્યું હતું. બીજા સત્રમાં તેમણે સંશોધન પેપરની ડીઝાઇન, સંશોધન હેતુઓ અને ઉત્કલ્પનાં અને તેની ચકાસણી વિષે વાત કરી હતી.

સત્ર માટે મુખ્ય વક્તા તરીકે એમ.જે. કુંડલીયા ઈંગ્લીશ મીડીયમ મહિલા કોલેજના પ્રોફેસર ડો. મનીષ રાવલ હાજર રહ્યા હતા. સ્વાગત કોલેજના આચાર્ય ડો. પરેશ રાવલે કર્યું હતું. સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. નિરવ ઠાકરે વક્તાનો પરિચય કરાવી આગળના વ્યાખ્યાન સત્ર શરુ કરાવ્યા હતા.

ત્રીજા સત્રમાં ડો. મનીષ રાવલે સંશોધન દરખાસ્ત કેવી રીતે તૈયાર કરવી તેની વિસ્તૃત સમજ આપી હતી. ફંડિંગ પ્રોજેક્ટ આપતી રાજ્ય અને રાષ્ટ્રીય સંસ્થાઓની જાણકારી આપી, એજન્સીઓ પાસે આવતી સંશોધન દરખાસ્તની અરજીઓની પસંદગીની બાબતમાં કયા મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવે છે તેની વાત કરી હતી.

આભારવિધિ વર્કશોપ કો-ઓર્ડિનેટર ડો. રણછોડ ગાગલે અને સફળ સંચાલન ડો. હંસા ગુજરીયાએ કર્યું હતું. વર્કશોપને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડો. પરેશ રાવલના માર્ગદર્શન હેઠળ કો- કોઓર્ડિનેટરો ડો. નિરવ ઠાકર, ડો. મહેશ્વરી રવિયા, ડો. હર્ષિદા જગોદડીયા અને ડો. ભરત સોલંકી સાથે કોલેજના તમામ અધ્યાપકોએ જહેમત ઉઠાવી હતી.

(૧૨માં પાનાનું ચાલુ)

### ''ચક્રવર્તી''

તેઓને આઈપીએલમાં પંજાબે ખરીદાયા અને ૨૦૨૦માં કોલકતાસાથે જોડાયા, જ્યાં તેઓ મિસ્ટરી સ્પિનર તરીકે પ્રખ્યાત થયા. આજે તેઓ વિશ્વના નંબર ૧ ટી૨૦ બોલર છે.

નેહા મુંબઈની રહેવાસી છે અને હાલમાં તેઓ હોમમેકર તરીકે જીવન જીવે છે, પરંતુ તેઓ વરુણ સાથે મુસાફરી અને ફોટોગ્રાફીનો શોખ શેર કરે છે.

આ પ્રેમકથા બતાવે છે કે સાચો સાથી કેટલો મહત્વનો હોય છે. વરુણે પોતે કહ્યું છે કે, તેણીએ મને વિશ્વાસ આપ્યો જ્યારે મારી પાસે કંઈ નહોતું.આજે વરુણની સફળતાની પાછળ નેહાનો અદશ્ય હાથ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ...

બપોરે ૩.૩૦ વાગ્યે નીતિન નવીન અમદાવાદમાં નારણપુરા સ્થિત જીએસસી બેંક ખાતે ગુજરાતના સંસદસભ્યો અને ધારાસભ્યો સાથે સંવાદ કરશે. સાંજે ૫.૩૦ વાગ્યે તેઓ ગાંધીનગર ઈન્ફોસિટી ખાતે ઈન્ડસ્ટ્રીયાલીસ્ટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ઉધોગકારો, ડોક્ટર્સ, વિવિધ એસોસિયેશનના પદાધિકારીઓ સાથે 'બજેટ મીટ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સંવાદ કરશે.

એક સમયે અમદાવાદમાં સાબરમતી નદીમા કચરા અને ગંદકીનું સામ્રાજ્ય રહેતું, ઝુંપડપટ્ટીઓ હતી. સૂકી ભટ્ટ નદી હતી, સર્કસ યોજાતા તે જ સ્થાને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી બનેલો દેશનો સૌ પ્રથમ રિવરફ્રન્ટ આજે વિશ્વસ્તરે ગુજરાત અને દેશની ઓળખ બન્યો છે અને રિવરફ્રન્ટ પર બનેલા આઈકોનિક અટલ બ્રીજ પણ અમદાવાદની નવી ઓળખ બની ગયો છે ત્યારે ગુજરાત પ્રવાસના બીજા દિવસે નીતિન નવીન કાલે શનિવારે સવારે ૬.૦૦ વાગ્યે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોર્નિંગ વોક કરશે. સવારે ૮.૪૫ વાગ્યે તેઓ અમદાવાદના પ્રાચીન, પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા નગરદેવી ભદ્રકાળી માતાના મંદિરે દર્શન કરશે.

કાલે શનિવારે સવારે સવારે ૧૧.૦૦ વાગ્યે રાષ્ટ્રીય અધ્યક્ષ અધ્યક્ષ નીતિન નવીનજી ગુજરાત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ગાંધીનગર ખાતે પ્રદેશ પદાધિકારીઓ, ગુજરાતભરમાંથી પધારેલા સંગઠનના હોદ્દેદારો, સિનિયર આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે. બપોરે ૨.૦૦ કલાકે પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ગાંધીનગર ખાતે જ તેઓ સોશીયલ મીડિયા ટીમ સાથે પણ બેઠક કરી માર્ગદર્શન આપશે. બપોરે ૪.૦૦ વાગ્યે તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ, દેશનું સૌ પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી, જ્યાં હાલ ૪૦૦થી વધુ કંપનીઓ કાર્યરત છે, એવા ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી ખાતે યંગ વોઈસ સમિટમાં યુવા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ ફાઉંડર્સને સંબોધિત કરશે. અને સાંજે સાંજે ૫.૩૦ વાગ્યે તેઓ અમદાવાદના જીએમડીસી હોલ ખાતે બુથ કાર્યકર્તા સંમેલનને સંબોધિત કરશે.

અમદાવાદને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સિટી તરીકેનું બિરુદ મળ્યું છે. પોળ સંસ્કૃતિ એ અમદાવાદની આગવી ઓળખ બની છે ત્યારે, ગુજરાત પ્રવાસના ત્રીજા દિવસે ૨૨ રવિવારે નીતિન નવીન અમદાવાદના ખાડિયા ખાતે સવારે ૧૦.૪૫ કલાકે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમને નિહાળશે. ૨૨ ફેબ્રુઆરીએ બપોરે સાડા બાર વાગ્યે તેઓ અમદાવાદ એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે.

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી મળ્યા બાદ નીતિન નવીનનો આ પ્રથમ ગુજરાત પ્રવાસે આવ્યા છે. ગુજરાત ભાજપાના કાર્યકર્તાઓ તેઓને ઉત્સાહપૂર્ણ આવકાર આપ્યો હતો.

### ગુજરાતના માછીમારોને...

પાલન અને સલામતીમાં સુધારો કરશે, સાથે સાથે મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં આવકમાં વધારો કરશે. તે ભારતના સીફૂડ નિકાસને પણ મજબૂત બનાવવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવશે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ₹૬૨,૪૦૮ કરોડની દેશની સીફૂડ નિકાસ સાથે ભારત વિશ્વના બીજા ક્રમનો સૌથી મોટો મત્સ્યઉદ્યોગ અને જળચરઉછેર ઉત્પાદક દેશ બન્યો હતો.

ગુજરાતમાં વેરાવળ એક મુખ્ય ફિશરીઝ પ્રોસેસિંગ (મત્સ્યઉદ્યોગ પ્રક્રિયા) અને નિકાસ કેન્દ્ર છે અને તેના વ્યૂહાત્મક સ્થાનના કારણે તેને એક્સેસ પાસના લોન્ચ માટે પસંદ કરવામાં આવ્યું છે. ભારત સરકારનો ઉદ્દેશ દેશભરમાં ૩૪ મત્સ્યઉદ્યોગ ઉત્પાદન અને પ્રોસેસિંગ ક્લસ્ટરોનો વિકાસ કરવાનો છે, જેમાં વેરાવળ સીફૂડ નિકાસ, મૂલ્યવર્ધન અને પ્રોસેસિંગ માટેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ પહેલ સરકારના બ્લુ ઈકોનોમી વિઝન સાથે સુસંગત છે, જે સુનિશ્ચિત કરે છે કે ભારતના સીફૂડ નિકાસના લાભો સીધા માછીમારો અને દરિયાકાંઠાના સમુદાયોને મળે, સાથે સાથે પ્રીમિયમ વૈશ્વિક બજારોમાં પણ પ્રવેશ સુનિશ્ચિત થાય.

૧૯૮૨ના યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઑફ ધ સી હેઠળ વ્યાખ્યાયિત કરાયેલ એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન એ દેશના દરિયાકાંઠાથી ૨૦૦ નોટિકલ માઈલ સુધી વિસ્તરેલું દરિયાઈ ક્ષેત્ર છે. આ ઝોનમાં, દેશને દરિયાઈ સંસાધનોનું અન્વેષણ, સંરક્ષણ અને ઉપયોગ કરવાના વિશિષ્ટ અધિકારો મળે છે - જેમાં માછીમારી, ઊર્જા ઉત્પાદન અને ખનિજ નિષ્કર્ષણનો સમાવેશ થાય છે. આશરે ૨૪ લાખ ચોરસ કિમીમાં ફેલાયેલા સાથે ભારત વિશ્વના સૌથી મોટા દરિયાઈ ક્ષેત્રો ધરાવતા દેશો પૈકીનો એક છે. આ ક્ષેત્ર ટકાઉ માછીમારી વિકાસ, આજીવિકા ઉત્પાદન, ખાદ્ય સુરક્ષા અને નિકાસ વૃદ્ધિ માટે અપાર તકો પ્રદાન કરે છે.

વેરાવળ ખાતે વિશેષ આર્થિક ક્ષેત્રમાં માછીમારી માટે એક્સેસ પાસની સુવિધા લોન્ચ થવાથી આ પ્રદેશ મત્સ્યઉદ્યોગ વિકાસ માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવશે.

### બજેટમાં જાહેર કરાયેલી નવી યોજના...

ઓબીસી, ખેડૂતો સહિત તમામ વર્ગોને આવરી લેતું સર્વસ્પર્શી બજેટ છે.

મુખ્યમંત્રીએ એક મહત્વપૂર્ણ વહીવટી સુધારણા સૂચવતા બેઠકમાં મુખ્ય સચિવને સૂચના આપી છે કે, બજેટ વિધાનસભામાં પસાર થાય તેની રાહ જોયા વગર અત્યારથી જ વર્તમાન અને નવી બાબતોનું અમલીકરણ કરવાની પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ.

મુખ્યમંત્રીએ તમામ વિભાગોને સૂચના આપી છે કે, બજેટમાં રજૂ થયેલી વર્તમાન અને નવી યોજનાઓ માટેના ડ્રાફ્ટ જીઆર, ડ્રાફ્ટ ટેન્ડર અને અન્ય વહીવટી પ્રક્રિયાની અત્યારથી જ શરૂ કરી દેવી, જેથી બજેટ મંજૂર થતાની સાથે જ દરેક યોજનાનું ત્વરિત અમલીકરણ થાય અને જનતાને પણ વિવિધ યોજનાઓનો લાભ ખૂબ ઝડપથી આપી શકાય.

આ ઉપરાંત ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓની તુલના અને સમીક્ષા કરવી અને તેમાં જો કોઈ ત્રુટી હોય તો તેને ઝડપથી દૂર કરવા મુખ્યમંત્રીએ દરેક વિભાગના સચિવોને આદેશ આપ્યા છે, જેથી વધુમાં વધુ નાગરિકોને યોજનાકીય લાભ આપી શકાય, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

### બોર્ડ-નિગમોને જમીન...

સ્થળોએ આશરે ૧,૩૬,૨૯૧ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. જ્યારે, જેટકોને રાજ્યમાં વીજ માળખું મજબૂત કરવા માટે કુલ ૭ સ્થળોએ અંદાજે ૩૧,૦૧૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી છે. આ ઉપરાંત, ગુજરાત મેરીટાઈમ બોર્ડને પણ મહુવાના કતપર ખાતે બંદર વિકાસ માટે ૨૫,૭૯૫ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી છે,

પાણી પુરવઠા બોર્ડને તાપી, મોરબી, ગીર સોમનાથ, છોટા ઉદેપુર, કચ્છ, વલસાડ, અમદાવાદ, રાજકોટ અને બોટાદમાં જ્યારે, જેટકોને ગીર સોમનાથ, છોટા ઉદેપુર, પોરબંદર, વલસાડ, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં જમીનની ફાળવણી કરવામાં આવી છે.

આ જમીન ફાળવણીથી રાજ્યમાં પીવાના પાણીની સુવિધા તેમજ વીજ પુરવઠાની ક્ષમતા વધશે. તદુપરાંત, રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે પણ ગુજરાત નવી ઊંચાઈઓ સર કરશે. આ નિર્ણય રાજ્યના પાયાના માળખાને વધુ મજબૂત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે,

### યુવકે આપઘાત...

તુ તેની વાડી બાજુ આવ તેમ જણાવ્યું હતું. જેથી હું મોટર સાયકલ લઈને વાડીએ જવા નિકળેલ હતો. દરમિયાન વનરાજભાઈનો ફરીથી ફોન આવેલ કે, તુ તારી વાડીથી આગળ ભાદરના કાંઠે આવેલ હનુમાન બાપાના ઓટા બાજુ આવજે. જેથી હું ત્યા જતા વનરાજભાઈ તથા સુભાષભાઈ ભીખાભાઈ ડવ બંને ત્યા ઉભેલ હતા. જયા ભાદર નદીના કાંઠે રણજીતભાઈનું મોટર સાયકલ પડેલ હતુ. ત્યારે વનરાજભાઈએ મને જણાવેલ કે, રણજીતભાઈએ અહીં ગળેફાંસો ખાઈ લીધેલ છે. બાદ મેં જોતા ભાદર નદીના કાંઠે બાવળના ઝાડ સાથે દોરડુ બાંધી રણજિતભાઈએ ગળાફાસો ખાઈ લીધેલ હાલતમાં જોવા મળ્યા હતા.

જેથી બનાવ અંગે પરિજનો અને પોલિસને જાણ કરી હતી. બાદ પોલિસે ઘટનાસ્થળે દોડી જઈ પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, જે તે સમયે રણજીતભાઈના ખીસ્સામાંથી તેનો મોબાઈલ ફોન મળેલ હતો. જે મોબાઈલ ચેક કરતા રણજિતભાઈએ તા. ૧૮/૦૨/૨૦૨૬ના રોજ સાંજે પોણા સાત વાગ્યે એક વિડીયો બનાવ્યાનું ધ્યાને આવ્યું હતું. જે વિડીયોમાં મૃતકે જણાવ્યું હતું કે, 'મારી ખોટી આઈડી બનાવી, બ્લેકમેલ કરી, પૈસાની માંગણી કરીને મને બહુ હેરાન કર્યો છે, તને મારી નાખીશું એવુ મને કીધુ છે અને આજ સાંજ સુધીમાં મને ઘરેથી ઉપાડી મારી નાખવાની ધમકી આપી છે એટલે હું આવુ કરૂ છે, બીજુ કોઈ કાંઈ કરતા નહી, જે થાય ઈ ભેગા રહેજો, બધાને સાચવજો એવી મારી વિનંતી છે.'

જે બાદ મૃતકનું ઈન્સ્ટાગ્રામ આઈડી તપાસમાં તેમાં 'પૂજારાની૬૦૪૦' નામની આઈડીમાંથી તા.૧૮/૦૨/૨૦૨૬ના રોજ બપોરે ૪૧૮ થી ૪૪૮ સુધી તદ્દન ગંદી ભાષામાં 'તને ગમે ત્યાથી ગોતી લેવો છે, સાંજે તુ ઘર બહાર નિકળ, તારા ટાટીયા ભાંગી નાખવા છે, તારૂ કુલેકુ કાઢવું છે, તારા ગામમાં વિડીયો વાયરલ કરવો છે, તારી આખી હિસ્ટ્રી નિકળી ગયેલ છે, અમે રાજકોટ વાળા' સહિતના ધમકી ભર્યા મેસેજ આવ્યાનું ધ્યાને આવ્યું હતું.

જેથી મૃતકના પિતરાઈએ ફરિયાદ આપતાં આટકોટ પોલિસે ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક વિરુદ્ધ ગુનો નોંધી ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

### જંગલેશ્વરમાં ૬૪ જેસીબી

કોઈ દબાણ વિના સ્વખર્ચે જાતે જ ગેરકાયદેસર દબાણો દૂર કર્યા છે. જંગલેશ્વર વિસ્તારમાં સમગ્ર કામગીરીને સુવ્યવસ્થિત રીતે પાર પાડવા વિસ્તારને ૭ (સાત) ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. દરેક ઝોનમાં વર્ગ-૧ સહિતના અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, તકનીકી સ્ટાફ, સુપરવાઈઝર અને ફીલ્ડ કર્મચારીઓની ટીમ ઝોનવાઈઝ જવાબદારી અને કામગીરીનું મોનિટરીંગ કરવામાં આવશે. આ રીતે કાર્ય વહેંચાણ થવાથી કામગીરી ઝડપી અને અસરકારક રીતે પૂર્ણ કરી શકાશે.

ડીમોલેશન દરમિયાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિશેષ કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવશે. તમામ સાત ઝોનમાંથી માહિતી પ્રાપ્ત કરાશે અને અધિકારીઓ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવશે અને જરૂરી માર્ગદર્શન અને તાત્કાલિક નિર્ણય પ્રક્રિયા તેમજ જાહેર સલામતી અને સંકલન માટે કેન્દ્રિય નિયંત્રણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકાએ વિશાળ સ્તરે માઈક્રો પ્લાનિંગ કર્યું છે. ૬૪થી વધુ જેસીબી મશીનો, ૮૪ ટ્રેક્ટર, ૭ હિટાચી મશીન, ૫૦ ટ્રેક્ટર બ્રેકર, ૪૨ ગેસ કટર, ૧૪ ડમ્પર અને મોટી સંખ્યામાં મજૂરો, ટેકનિકલ સ્ટાફ અને સુપરવિઝન ટીમની વ્યવસ્થા કરવામાં આવી છે.

કાર્યવાહી દરમિયાન નાગરિકોની સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે. મેડિકલ ટીમ સ્ટેન્ડબાય રહેશે. ફાયર ફાઈટર ટીમ તૈનાત રહેશે, એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ રહેશે, પોલીસ બંદોબસ્ત સાથે કાયદો અને વ્યવસ્થા જાળવાશે. ડીમોલેશન પૂર્ણ થયા બાદ ૧૫ મીટર પહોળાઈ ધરાવતા ટી.પી. રોડને સંપૂર્ણપણે ખુલ્લો કરી સમગ્ર જંગલેશ્વર વિસ્તારમાં માર્ગ નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે. મજબૂત માર્ગ વ્યવસ્થા, ટ્રાફિક સમસ્યામાં રાહત, સુવ્યવસ્થિત શહેરી વિકાસ નિર્માણ પામશે.

આજી નદીના પટ્ટા પરના દબાણો દૂર થતા - નદીમાં પાણીના પ્રવાહમાં અવરોધ દૂર થશે. ચોમાસા દરમ્યાન પાણી ભરાવાની સમસ્યા ઓછી થશે. આસપાસના વિસ્તારોમાં પૂર જેવી પરિસ્થિતિથી રાહત મળશે.પર્યાવરણ અને જાહેર સુરક્ષા મજબૂત બનશે.

### યુવકે ઝેરી દવા પીધી

તેવા ડર અને સતત માનસિક તણાવમાં રહેતા ચિરાગભાઈએ ગઈકાલે સાંજે ૫ વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે જ ઉંદર મારવાની બિસ્કીટ ખાઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો.

બનાવની જાણ થતા જ પરિવારજનો દોડી આવ્યા હતા અને બેભાન અવસ્થામાં યુવકને સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, ચિરાગભાઈ ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ બે ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટા છે. તેમને સંતાનમાં બે દીકરાઓ છે. ઘરના મોભીએ જ આર્થિક અને માનસિક મુશ્કેલીમાં આવી આ પગલું ભરતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. હાલ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** સ્વ. જયેશભાઈ ભાસ્કરભાઈ ભટ્ટ તે સ્વ.નીતાબેન, સ્વ. ભાસ્કર ભાઈ ભટ્ટ ના પુત્ર, સ્વ. ભાવનાબેન ના પતિ, સિદ્ધાર્થ, પાર્થ ભટ્ટ ના પિતા, કિંજલ પાર્થ ભટ્ટ ના સસરા, કુમારી રુદ્રાશીના દાદા, ગીતાબેન, ભાવેશ ભાઈ ભટ્ટ ના ભાઈનું તા. ૧૮ ને બુધવાર ના રોજ અવસાન થયેલ છે. સદગત નું બેસણું તા. ૨૧ ને શનિવાર, સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાન પર રાખેલ છે.

**ધુડશીયાઃ** સ્વ. ધરમશીભાઈ ડાયાભાઈ સોનછાત્રાના પત્ની, મુકતાબેન ધરમશીભાઈ સોનછાત્રા તે કિશોરભાઈ, મનસુખભાઈ, દીનેશભાઈ, ચંદુભાઈ, હિતેશભાઈ, સરોજબેન, સ્વ. રમાબેન, મધુબેનના માતા, ખેરડી નિવાસી ભીખાલાલ ઘેલાભાઈ બુધ્ધદેવ, નાનુભાઈ ઘેલાભાઈ બુધ્ધદેવના બહેનનું તા. ૧૯ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૨૧ ને શનિવારે સાંજે ૪ થી ૫ દરમિયાન કુલેશ્વર મહાદેવ મંદિર, ધુડશીયા ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. બાબુભાઈ લખુભાઈ ડોડીયા (કાલાવડ વાળા)ના પત્ની તે સુરેશભાઈ તેમજ નીતીનભાઈના માતા સવિતાબેન બાબુલાલ ડોડીયા (ઉ.વ.૭૩) નું તા. ૧૯ ને ગુરુવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૧ ને શનિવારના રોજ બપોરે ૪.૩૦ થી ૬.૩૦ શ્રી રામેશ્વર મહાદેવ મંદિર, રામેશ્વર ચોક, એરપોર્ટ ફાટક પછી, રાજકોટ ખાતે રાખેલ છે.


**રાજકોટઃ** મુળ ગામ ખાંભા ગીર હાલ રાજકોટ સ્વ. સંતોકબેન નાથાભાઈ મોરધ્રા (ઉ.વ.૯૫)નું તા. ૧૮ બુધવારના રોજ અવસાન થયેલ છે. તે ચુનીભાઈ નાથાભાઈ મોરધ્રા (મો. નં. ૯૯૧૩૨ ૬૨૨૬૫), દિનેશભાઈ નાથાભાઈ મોરધ્રા (મો. નં. ૯૯૧૩૩ ૨૨૮૦૫), ધનજીભાઈ નાથાભાઈ મોરધ્રા(મો. નં. ૯૯૧૩૦ ૮૫૭૫૩) ના માતૃશ્રી થાય.

**રાજકોટઃ** સ્વ. લતાબેન હરેશભાઈ સાંગાણીના પુત્ર હરેશભાઈના પત્ની, સ્વ. શાંતિભાઈ શાહ (કલકતા)ના પુત્રી, વિક્રમ, કશ્યપના માતા, શય કશ્યપના દાદી, ઈલાબેન, રશ્મિબેન, સ્વ. મહેશભાઈ, વિજયભાઈ, અનિલભાઈના ભાભીનું તા. ૨૦ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું ઉઠમણું તા. ૨૧ ને શનિવાર સાંજે ૫ કલાકે ફ્લેટ નંબર ૩૦૧, એટલાન્ટિક એપાર્ટમેન્ટ, ગુંજન પાર્ક મેઈન રોડ, પ્રેમ મંદિર પાસે સ્ટાર બિલ્ડીંગની સામે, કાલાવડ રોડ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ભાજપના નવનિયુક્ત પદાધિકારીઓએ સાંસદ રૂપાલા સાથે મુલાકાત કરી કર્યો સંવાદ

## નવનિયુક્ત આગેવાનોએ જાહેર જીવન સેવા અને ફરજ અંગે પરસોતમભાઈ પાસેથી લીધુ માર્ગદર્શન



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર ભારતીય જનતા પાર્ટી સંગઠનની ટીમ અને વિવિધ મોરચાના સૌ હોદ્દેદારશ્રીઓએ રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, નવનિયુકત મહામંત્રીશ્રીઓ વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજા તેમજ ઉપપ્રમુખઓ મેહુલભાઈ નથવાણી, મહેશભાઈ પીપળીયા, ભાર્ગવભાઈ મિયાત્રા, દીપાબેન કાચા, કેતનભાઈ વાછાણી, કૌશિકભાઈ ચાવડા, સોમાભાઈ ભાલીયા અને મેઘાબેન વૈશ્નવ, મંત્રીઓ કિશનભાઈ ટીલવા, ગેલાભાઈ રબારી, સુનીલભાઈ ગોહેલ, ધર્મિષ્ઠાબેન વાઘેલા, કિન્નરીબેન ચૌહાણ, ચાંદનીબેન ગોંડલીયા, નિશાબેન રાણપરા અને અરુણાબેન પરમાર, કોષાધ્યક્ષ મયુરભાઈ શાહ, કાર્યાલયમંત્રી હિતેશભાઈ ઢોલરીયા, રાજકોટ મહાનગર સોશીયલ મીડીયાના શ્યામ ડાભી, આઈ.ટી.વિભાગના નિખીલ રાઠોડ, મીડીયાના હાર્દિક બોરડ તથા યુવા મોરચા પ્રમુખમીલનભાઈ લીંબાસીયા, મહામંત્રીજયકિશનભાઈ ઝાલા અને હિમાંશુ રાજયગુરુ, મહિલા મોરચા પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રીકિરણબેન હરસોડા, માધવીબેન જોગીયા, કિશાન મોરચા પ્રમુખયોગેશ ભુવા, મહામંત્રી રાજેશભાઈ ડાંગરિયા, અનિલસિંહ પરમાર, બક્ષીપંચ મોરચા પ્રમુખ બાબુભાઈ માટીયા, મહામંત્રી મહેશભાઈ મિયાત્રા, રાજેશભાઈ સવનીયા, અનુસુચિત જાતિ મોરચા પ્રમુખદિનેશભાઈ ગોહેલ, મહામંત્રી સંજય બગડા, અભિષેક ગોરી, અનુસુચિત જન જાતિ મોરચા પ્રમુખ મનોજ દુબલ, મહામંત્રી વિજય રાઠોડ, જીતેન્દ્રભાઈ વાઘેલા, લઘુમતિ મોરચા પ્રમુખ ઈબ્રાહીમ સોની, ફિરોજભાઈ ડેલા, અમીનભાઈ સમા ને સન્માનીત કરવામાં આવેલ હતા રાજકોટ શહેર સંગઠન અને મોરચામાં જવાબદારી સોંપવામાં આવતા તમો વિશ્વની સૌથી મોટી રાજકીય લોકશાહીની પાર્ટી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડી તેની ઈમેજ ને લોકોના માનસમાં વધુને વધુ કામ કરતી પાર્ટી, પ્રામણિક, સ્વચ્છ, નિષ્ઠાવંત હોદ્દેદારો, કાર્યકર્તા તરીકે તમારા વિસ્તાર, મહોલ્લાના પ્રશ્ન, મુશ્કેલીઓમાં મદદગાર બનવાથી પાર્ટીની ઉજળી પ્રતિભા બની રહેતા આગામી ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતીથી જીત હાંસલ કરવામાં કોઈ મુશ્કેલી પડશે નહિ.

આ તકે નવનિયુકત ટીમોને સંબોધન કરતાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર સંગઠન અને મોરચામાં નવનિયુકત હોદ્દેદારોએ ભારતીય જનતા પાર્ટી દ્વારા સોંપવામાં આવેલ કામગીરીની જવાબદારી, કાર્યક્રમો રાજકોટ શહેર સંગઠનના પૂર્વ આગેવાનો, પૂર્વ હોદ્દેદારો સહિત વર્તમાન સાંસદઓ, ધારાસભ્યઓ, રાજકોટ મહાનગરપાલિકામાં ચુંટાયેલા તમામ શ્રેણીના કાર્યકર્તાઓને સાથે રાખી વિચાર વિમર્શ કરી સોંપવામાં આવેલ જવાબદારી નિભાવવાની રહેશે. આ તકે વધુમાં જણાવ્યું હતું કે, આપને સોંપવામાં આવેલ કામગીરીમાં કોઈપણ સમાજનો પ્રશ્ન, કુટુંબનો પ્રશ્ન હોય તેને માટે પાર્ટીના દરેક આગેવાનો, હોદ્દેદારો તમારી સાથે કોઈ પણ સમયે રહેશે.

### ગુરૂદેવ નમ્રમુની મહારાજની ૩૫મી દીક્ષા જયંતી નિમિતે

# સિવિલ હોસ્પિટલ-થેલેસેમીયા દર્દીઓ માટે રવિવારે અર્હમ ગ્રુપ દ્વારા યોજાશે રકતદાન કેમ્પ

## રકતદાન કરી જરૂરીયાતમંદોને મદદરૂપ થવા અપીલ



**અબતક, રાજકોટ**

શાસ્ત્રોમાં દાનનો મહિમા અનેરો છે. પૈસા, વસ્તુઓનું દાન જીવનમાં સહાયક બને છે. પરંતુ રકતનું દાન પોતે જીવન બને છે. રકતદાન એક જ એવું મહાદાન છે કે જે જીવતા જીવ, ગરીબમાં ગરીબ વ્યકિત પણ આપી શકે છે અને દાનવીર અમીરો પણ આ રકતદાન રૂપી મહાદાનનો લાભ લઈ શકે છે.

આ ઉમદા કાર્યને રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત અર્હમ્ યુવા સેવા ગૃપ દ્વારા પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની ૩૫ મી દીક્ષા જયંતિના રૂડા અવસરે મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સિવિલ હોસ્પીટલમાં લોહીની ખૂબ જ જરૂરિયાત અનુસંધાને અને થેલેસેમિયા પિડિત બાળકોના લાભાર્થે ‘‘મેગા બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવ્યો છે.

અર્હમ યુવા સેવા ગૃપ તા. ૨૨-૦૨-૨૦૨૬, રવિવારના રોજ સવારે ૧૦:૦૦ કલાક થી સાંજે ૫:૦૦ કલાક સુધી શ્રી ઉવસગ્ગહરં સાધના ભવન, ૪ આફ્રિકા કોલોની. ૧૫૦ ફૂટ રીંગ રોડ, પાણીના ટાંકા પાછળ, રાજકોટ ખાતે આ મહાદાની રકતદાન પર્વ ઉજવવા જઈ રહ્યું છે. રકતદાતાઓને આકર્ષક ગીફટ આપવામાં આવશે.

વ્યવસ્થાના ભાગ રૂપે અપીલ કરવામાં આવે છે કે મોબાઈલ નંબર ’૭૦૪૮૪ ૪૮૪૬૮‘‘ ઉપર રકતદાન કરવા આવો તે પહેલા ફોન, મેસેજ કે વોટસઅપ મેસેજ દ્વારા આપનું રજીસ્ટ્રેશન કરાવી શકો છો.

# એક્ટિવિટી મ્યુઝિક ગ્રુપ દ્વારા રવિવારે સદાબહાર ગીતોની સંગીત સંધ્યા



તસ્વીર: શૈલેષ વાડોલીયા

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં એક્ટિવિટી મ્યુઝિકલ ગ્રુપના સભ્યોએ આપી માહિતી

**અબતક, રાજકોટ**

રાજકોટના એક્ટિવિટી મ્યુઝિક ગ્રુપ દ્વારા સદાબહાર હિન્દી ગીતો પર આધારિત વિશેષ સંગીત સંધ્યા યોજાઈ રહી છે. કબ કે બિછડે હુએ હમ આજ કહા આ કે મિલે થીમ પર આધારિત આ કાર્યક્રમ ૨૧-૨-૨૦૨૬, શનિવારે રાત્રે ૮ વાગ્યાથી ૧ વાગ્યા સુધી યોજાશે.કાર્યક્રમનું આયોજન હેમુ ગઢવી હોલ ઓડીટોરિયમ, ટાગોર રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શહેરના જાણીતા ગાયક કલાકારો દ્વારા સદાબહાર ગીતોની મનમોહક રજૂઆત કરવામાં આવશે.

મુખ્ય આયોજક ચંદ્રેશભાઈ ફિચડીયા ના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ કાર્યક્રમમાં અનેક ગાયક કલાકારો, એન્કર અને ટેક્નિકલ ટીમ જોડાશે. સાઉન્ડ સિસ્ટમની વ્યવસ્થા એ.આર. સાઉન્ડ દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શહેરના આગેવાનો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં નિઃશુલ્ક પ્રવેશ રાખવામાં આવેલ છે. રાજકોટ શહેરના તમામ સંગીતપ્રેમીઓને આ સદાબહાર સંગીત સંધ્યામાં પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે વધુ માહિતી માટે ચંદ્રેશભાઈ ફિચડીયા (મો. ૯૯૨૪૦૭૬૯૧૭) પર સંપર્ક કરી શકાય છે.

# ગુજરાતમાં યુસીસીના અમલીકરણ માટે દિલ્હીમાં મહત્વપૂર્ણ ચર્ચા

## યુસીસીના અમલીકરણથી પ્રગતિશીલ અને સમાનતા આધારિત કાયદાકીય માળખું તૈયાર થશે: જસ્ટિસ રંજના દેસાઈ



**અબતક, રાજકોટ**

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) ના અમલીકરણ માટે રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષ સ્થાને નવી દિલ્હી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ગુજરાત યુસીસીના ડ્રાફ્ટની હાલની પરિસ્થિતિ, પ્રગતિ અને વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સમિતિના અધ્યક્ષ જસ્ટિસ રંજના દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યમાં યુસીસી ના અમલીકરણથી પ્રગતિશીલ અને સમાનતા આધારિત કાયદાકીય માળખું તૈયાર થશે અને દરેક નાગરિકને સમાન ન્યાય અને અધિકાર મળશે.

આ બેઠકમાં સમિતિ દ્વારા અત્યાર સુધી તૈયાર કરાયેલ કાયદાના મુસદ્દાની સમીક્ષા કરવામાં હતી. જેમાં લગ્ન, છૂટાછેડા, વારસા હક્ક અને દત્તક વિધાન જેવા વિષયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત, સમિતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સામાજિક સમરસતા જળવાઈ રહે તે હેતુથી ડ્રાફ્ટ તૈયાર કરતી વખતે તમામ સમુદાયોના હિતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. અગાઉ મેળવવામાં આવેલા નાગરિકોના સૂચનો અને વિવિધ સામાજિક-ધાર્મિક સંગઠનો સાથેની ચર્ચાઓ બાદ તૈયાર કરવામાં આવેલા અંતિમ તારણો અંગે સમિતિના સભ્યોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

આ બેઠકમાં સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત આઈએએસ અધિકારી સી. એલ. મીના, એડવોકેટ આર. સી. કોડેકર, પૂર્વ વાઈસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબેન શ્રોફ ઉપસ્થિત રહ્યા હતા.

# બજેટમાં માલધારી વસાહત-એનિમલ હોસ્ટેલ માટે જોગવાઈ ન કરાતા કોંગ્રેસ સેવાદળમાં રોષ

## માલધારી અને પશુઓની સવલતની વાતો થાય છે અમલ થતું નથી: રણજીત મુંધવાનો કચવાટ

**અબતક, રાજકોટ**

બજેટમાં માલધારી વસાહત અનેએનીમલ હોસ્ટેલના નામે કોઈ ઠોસ જોગવાઈ ન હોવાનું જણાવી પ્રદેશ કોંગ્રેસ સેવાદળના મંત્રી રણજીત મુંધવા અને હરેશભાઈ ભારાઈએ કચવાટ સાથે બજેટમાં માલધારીના હીત વિસરીજનારા સામે કોર્પોરેશન ની આગામી ચુંટણીમાં માલધારી સમાજની નારાજગી ભારે પાડી દેવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી છે. રણજીતભાઈ મુંધવા હરેશભાઈ ભારાઈએ જણાવ્યું કે, એક કોઠારીયા ધાર ત્રણ સોખડા ખાતે નવી એનિમલ હોસ્ટેલ બનાવવામાં તે જગ્યા ફાળવવામાં આવેલ છે અને માત્રને માત્ર કાગળ ઉપર એનિમલ હોસ્ટેલમાં અંદાજીત ૩૦૦૦ પશુઓનો સમાવેશ થઈ શકશે એવી જાહેરાતો કરી આજ સુધી સ્થળ પણ નથી દેખાડવાનું આવ્યું કેનથી માલધારીઓની ગાય માતાનું ત્યાં સમાવેશ કરવામાં આવ્યો માત્ર કાગળ પર વાતો કરનારને આવનારી કોર્પોરેશનની ચુંટણીમાં માલધારી સમાજ એક થઈ અને મત નહીં આપે થ.

# અંબાજી માતાજી મંદિરે જય અંબે તિથિભોજન યોજનાનો પ્રારંભ: પ્રથમ દિવસે ૩૦ કરોડનું અનુદાન

**અબતક,રાજકોટ**

અંબાજી માતાજી મંદિરમાં બુધવારે જય અંબે તિથિ ભોજન યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.જેમાં યોજનાના પ્રથમ જ દિવસે રૂ. ૩૦ કરોડથી વધુનું દાન એકત્ર થયું હતું. તેમાં રિલાયન્સ ફાઉન્ડેશન અને ઉદ્યોગપતિ અનંત અંબાણીએ રૂ. ૨૭.૫૦ કરોડનું દાન કર્યું હતું.

અંબાજી મંદિર ખાતે શ્રદ્ધાળુઓની સુવિધા અને નિઃશુલ્ક અન્નસેવાને મજબૂત બનાવવા બુધવારે જય અંબે તિથિ ભોજન યોજનાનો પ્રારંભ બનાસકાંઠા જિલ્લા કલેક્ટર તથા મંદિર ટ્રસ્ટ દ્વારા થયો હતો. કલેક્ટરે ભકતોને પોતાના હાથે ભોજન પીરસ્યું હતું.

પ્રથમ જ દિવસે દાતાઓના સહયોગથી રૂ.૩૦ કરોડથી વધુ રકમ એકત્ર થઈ હતી. અંબિકા અન્નક્ષેત્રમાં દરરોજ હજારો યાત્રાળુઓને ભોજન પ્રસાદ અપાય છે. રૂ.૧.૫૧ લાખ દાન આપનાર દાતા નિશ્ચિત તિથિના મુખ્ય દાતા બનશે. દાતાઓ જન્મદિવસ, પુણ્યતિથિ કે લગ્ન પ્રસંગે જોડાઈ શકે છે.

# જશ-પ્રેમ ધીર સંકુલમાં પૂ. વનિતાબાઈ મહાસતીજીનું પદાર્પણ

**અબતક,રાજકોટ**

જશ-પ્રેમ-ધીર સંકુલ, વૈશાલીનગર ખાતે પ્રવૃત્તિની વનિતાબાઈ મ.સ., પૂ. હંસાજી મ.સ. આદિ શુક્રવારે પધારતા ધર્મોત્સવ છવાયો છે.

ચૈત્રી આયંબીલ ઓળીનો તા. ૨૪-૩-૨૬થી પ્રારંભ થશે.

નવ પદ ઓળી પ્રસંગે વનિતાબાઈ મ.સ. ગીત ગુર્જરી, ગુણીબાઈ મ.સ. શ્રમજીવી નીલમજી મ.સ. પ્રહલાદ પ્લોટ, કિરણબાઈ મ.સ. ધર્માલય ઉષા-વીણાજી મ.સ. જંકશન પ્લોટ, વિમળાજી મ.સ. જલગાંવ, હસુતાજી મ.સ. વૈશાલીનગર, જયોતિજી મ.સ., આણંદ, પૂ. ઉષા પ્રવીણાજી મ.સ. સરદારનગર, પૂ. મીના સુનંદાજી મ.સ., પૂ. બંસરીજી મ.સ., વિમલનાથ ઉપાશ્રય, સરોજબાઈ મ.સ., આરાધના ભવન ઈન્દ્રપ્રસ્થનગર, સ્વાતિજી મ.સ. મમૈસુર, પધારશે.



## નવપદ આયંબિલ ઓળી આરાધના

ભાનુબાઈ મ.સ. નેમિનાથ વીતરાગ હંસાબાઈ મ.સ., ભકિતનગર, પૂ. જયોતિબાઈ મ.સ. સ્મિતાજી મ.સ. વિરાણી પૌષધશાળા, પૂ. હસ્મિતાજી મ.સ. મુંબઈ, ભારતીજી મ.સ., ચીચપોકલી, પલ્લવીજી મ.સ. પવઈ, પૂ. પદ્માજી મ.સ. નાલંદા તીર્થભૂમ, બિરાજશે.

તાજેતરમાં ધીરગુરૂદેવની નિશ્રામાં અમેરીકાના મયૂર દોશી તથા કિરીટ દોશી, જયેશ જસાણી, એ માર્ગાનસારીના રૂપ ગુણની પુસ્તક અર્પણ વિધિ કરેલ.

# ભૂપેન્દ્ર રોડ સ્વામિનારાયણ મંદિરે ‘દ્રાક્ષ-નારંગીનો ફળકૂટ’ ધરાવાયો



**અબતક,રાજકોટ**

સ્વામિનારાયણ મુખ્ય મંદિર, ભૂપેન્દ્ર રોડ, રાજકોટ તથા એસજીવીપી ગુરુકુલ રીબડાના સંયુક્ત ઉપક્રમે આગામી સમયમાં એક ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.મેમનગર ગુરુકુલ સુવર્ણ જયંતી મહોત્સવના ઉપલક્ષમાં અને વંદુ સહજાનંદ પદની ૨૦૨મી જયંતી નિમિત્તે ‘વંદુ - જનમંગલ યજ્ઞ-૩’ નું આયોજન થયું હતુ

આ મંગલમય ઉત્સવ ગુરુવર્ય શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીના દિવ્ય આશીર્વાદ અને માતૃવાત્સલ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી સંપન્ન થયો કાર્યક્રમનું સુંદર સંચાલન રાજકોટ મંદિરના મહંત કોઠારી રાધારમણદાસજી સ્વામી તથા રીબડા ગુરુકુલના સંચાલક પૂજ્ય શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પવિત્ર યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે, બોરડી મંદિરમાં બિરાજમાન લક્ષ્મીનારાયણ આદિ દેવોને ’દ્રાક્ષ તથા નારંગીનો મનોહર ફલકૂટ’ ધરાવવામાં આવ્યું હતું આ પ્રસંગે ગણા બધા ભક્તો પધાર્યા હતા ટાયરબાદ રીબડા ગુરુકુળ ના પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામીએ ફળ અન્નકૂટ ની આરતી કરી બધા ભક્તો ને આશીર્વાદ પાઠવ્યા હતા.

# બીપીનભાઈ વિરડીયાના જન્મદિવસ નિમિતે કાલે આજી જીઆઈડીસી ખાતે રકતદાન કેમ્પ

**અબતક,રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન વિશેષ સહયોગથી બીપીનભાઈ વિરડીયાના જન્મદિવસ નિમિતે ૨૧ શનિવારે સવારે ૯ થી ૨ વાગ્યા સુધી તાન્વી એકસપોર્ટ ઈન્ડીયા લીમીટેડ, આજી જીઆઈડીસી, ૮૦ ફૂટ રોડ બ્રિજ બાવીશી વે પાછળ રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાંઆવેલ છે. થેલેસેમીયા જાગૃતી સેમીનારનું આયોજન કરવા માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી ૯૪૨૮૨૦૦૬૬૦નો સંપર્ક કરવા જણાવાયું છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૧૨મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

દિપકભાઈ કાંતિભાઈ ડઢાણીયાનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૧૨ ચક્ષુદાન થયેલ છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં આ પાંચમું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન સ્કીન ડોનેશન, દેહદાન ની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# અરિહંત નગર-૧ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ

## લાઈટ, પાણી, ગટર અને રસ્તાની પર્યાપ્ત સુવિધા આપવા લત્તાવાસીઓની માંગણી

**અબતક, રાજકોટ**

રાજકોટ ભલે સ્માર્ટ સિટી બની ગયું હોય પણ આજેપણ શહેરના અનેક વિસ્તારો પાયાની પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે.

શહેરના વોર્ડ નં.૧માં અરિહંતનગર-૧ની અમી હાઈટસ, તિરૂપતી હાઈટસ, દિશાંત એવેન્યુ, રત્નમ વિલ્લા, રત્નમ એલિગન્સ, રત્નમ પ્રાઈડ, તુલસીપત્ર, રત્ન ફ્લોરા તથા રાજપથ કુટીર વિગેરે વસાહતો કે જે ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા ગોદામ રોડ પાસે આવેલ છે. જેમાં આશરે ૯૦૦ પરિવાર વસવાટ કરે છે. અહીં પ્રાથમિક સુવિધાના સંભાવના કારણે લોકોને ખુબ જ તકલીફ પડે છે.

હાલ રાત્રિના સમયે દરેક નાગરિકને અંધારાના કારણે તેમજ રોડ - રસ્તા વ્યવસ્થિત ન હોવાના કારણે આવન જાવનમાં ખુબ જ મુશ્કેલીઓ પડે છે. તો બને તેમ વહેલાસર ડામરના રસ્તા તેમજ સ્ટ્રીટ લાઈન નાખવાની માંગણી કરવામાં આવી હતી.

# પેન્શનરોની વિધવા, ત્યકતા કે અપરણીત પુત્રીઓને ફેમીલી પેન્શનનો લાભ આપવાની માંગણી

## જીલ્લા પેન્શન સીનીયર સીટીજન સમાજ ૨૬મીએ કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદન આપશે

**અબતક, રાજકોટ**

રાજયના પેન્શનરોની પુત્રીઓને ફેમીલી પેન્શનનો લાભ આપવા રાજકોટ જીલ્લા પેન્શનર સીનીયર સીટીઝન સમાજના પ્રમુખ શકિતસિંહ જાડેજાની આગેવાનીમાં માંગ ઉઠાવવામાં આવી છે.

પેન્શનરના વિધવા, ત્યકતા અને અપરણીત પુત્રીઓને કેન્દ્ર સરકારના ધોરણે ફેમીલી પેન્શનનો લાભ આપવા ના સરકાર પરીપત્ર કરે તેવી માગણીનું આવેદન પત્ર લાભાર્થી બહેનો તરફથી જિલ્લા કલેકટર દ્વારા મા. મુખ્યમંત્રીને પાઠવવાનો કાર્યક્રમ તા. ૨૬-૨ ને ગુરુવારે યોજાશે. રાજકોટ શહેર તેમજ આજુબાજુના તાલુકામાં રહેતા પેન્શન પાત્ર બહેનોને તા. ૨૬-૨-૨૦૨૬ ને ગુરૂવારના રોજ સવારના ૯.૩૦ કલાકે રાજકોટ ખાતે બહુમાળી ભવન કેન્ટીંગ પાસે એકઠા થવા વિશેષ માહીતી માટે હારિતસિંહ જાડેજા મો. નં. ૯૪૨૬૨ ૬૭૫૭૪ અને નિખિલભાઈ સંઘાણી મો. નં. ૯૪૨૮૪ ૬૭૧૨૭ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# વીજળી બિલ-૨૦૨૫ પર ઉર્જા કર્મચારીઓનો સખત વિરોધ કાર્યકારી જૂથમાં સ્થાન નહીં મળે તો દેશવ્યાપી આંદોલનની ચીમકી

## ગુજરાતના કર્મચારીઓ પણ રાષ્ટ્રવ્યાપી હડતાળમાં જોડાશે: ખાનગીકરણની આશંકાથી ૨૭ લાખ કર્મચારીઓમાં આક્રોશ

**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવી રહેલા વિદ્યુત (સુધારા) બિલ ૨૦૨૫ ને લઈને વીજ કર્મચારીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશને આ બિલનો વિરોધ કરતા સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો સરકારે ઉતાવળમાં આ બિલ પસાર કર્યું અને કાર્યકારી જૂથમાં કર્મચારી પ્રતિનિધિઓને સ્થાન ન આપ્યું, તો દેશભરમાં રાષ્ટ્રવ્યાપી આંદોલન કરવામાં આવશે. આ આંદોલનની સીધી અસર ગુજરાતમાં પણ જોવા મળશે અને ઔદ્યોગિક શાંતિ જોખમાઈ શકે છે. ફેડરેશનના ચેરમેન શૈલેન્દ્ર દુબેના જણાવ્યા મુજબ, સરકારે ગુપ્ત રીતે એક કાર્યકારી જૂથની રચના કરી છે અને માત્ર ૧૪ દિવસમાં અહેવાલ તૈયાર કરવાનું કહીને આ બિલને ઉતાવળમાં પાસ કરાવવા માંગે છે. કર્મચારીઓનો મુખ્ય વાંધો એ છે કે આ જૂથમાં ખાનગી સંસ્થાઓને સ્થાન આપવામાં આવ્યું છે, જે વીજ વિતરણના ખાનગીકરણની હિમાયત કરી રહી છે. દેશભરના ૨૭ લાખ વીજ કર્મચારીઓ આ ખાનગીકરણના નિર્ણયનો સખત વિરોધ કરી રહ્યા છે. ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ વતી GEBEA ના સેક્રેટરી જનરલ એચ. જી. વઘાસીયા અને AGVKS ના સીનીયર સેક્રેટરી જનરલ બળદેવભાઈ પટેલ એ જણાવ્યું છે કે ગુજરાતના કર્મચારીઓ પણ આ રાષ્ટ્રવ્યાપી આંદોલનમાં સક્રિય રીતે જોડાશે. જો કેન્દ્ર સરકાર કર્મચારીઓની આશંકાઓને અવગણશે, તો તેના પરિણામો ગંભીર આવશે અને તેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે.

### ન્યુક્લિયર ડીલમાં ઈરાન ઝુકશે?

# યુદ્ધ થશે તો અમેરિકાની લશ્કરી તાકાત સામે ઈરાન વિશ્વ વેપારને "ખોરવી" નાંખશે?

## ઈરાનને પરમાણુ શસ્ત્રો નહીં બનાવવા દઈએ, ટ્રમ્પનું ૧૦ દિવસનું અલ્ટીમેટમઃ અમેરિકાએ મધ્યપૂર્વમાં તેની તાકાત વધારી, હાલમાં બે એરક્રાફ્ટ કેરિયર, ૧૨ યુદ્ધ જહાજ, કેટલાય લડાકુ વિમાન, કેટલીય એર ડિફેન્સ સિસ્ટમ મધ્યપૂર્વમાં ગોઠવી દીધા

**અબતક, રાજકોટ**

અમેરિકા અને ઈરાન વચ્ચે આ સપ્તાહમાં ગમે ત્યારે યુદ્ધ શરુ થાય તેવી પૂરેપૂરી સંભાવના છે. આ વચ્ચે ટ્રમ્પે બોર્ડ ઓફ પીસની બેઠકમાંથી ખામેનેઈને ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. ટ્રમ્પે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ ઈરાનને પરમાણુ શસ્ત્રો નહીં બનાવવા દે. અમેરિકાનો દાવો છે કે ઈરાન અમારી શરતો માનતું નથી અને તેથી હવે તેની સામે લશ્કરી કાર્યવાહી કર્યા વગર છૂટકો જ નથી.

યુદ્ધ થશે તો અમેરિકાની લશ્કરી તાકાત સામે ઈરાન વિશ્વના વેપારને ''ખોરવી નાંખશે?જો અમેરિકા અને ઈરાન વચ્ચે પૂર્ણ યુદ્ધ થાય તો ઈરાન વિશ્વના તેલ વેપારને ગંભીર રીતે અસર કરી શકે છે.તેલના ભાવ વધવાથી ભારત, ચીન, યુરોપ જેવા દેશોને મોટો ફટકો પડશે.

### યુદ્ધ થશે તો વિશ્વ આખાનું અર્થતંત્ર ડામાડોળ થઈ જશે

અમેરિકા અને ઈરાન યુદ્ધની સૌથી મોટી અસર તેલના બજાર પર પડી શકે. ઈરાન વિશ્વના મોટા તેલ ઉત્પાદક દેશોમાંનું એક છે અને તેની પાસે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ છે આ સાંકડી સમુદ્રી ધારીમાંથી વિશ્વના લગભગ ૨૦ ટકા તેલ પસાર થાય છે. જો ઈરાને આને બ્લોક કર્યું અથવા તેલની સપ્લાયમાં વિક્ષેપ થઈ શકે. તેલની કિંમતોમાં ભારે ઉછાળો આવી શકે છે.અમેરિકા-ઈરાન યુદ્ધ વિશ્વ અર્થતંત્રને ખરેખર ડામાડોળ કરી શકે છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ કાર્યક્રમ અંગે જિનીવામાં વાતચીત ચાલી રહી છે, પરંતુ ટ્રમ્પ વહીવટીતંત્રના ધમકીભર્યા નિવેદનો અને અમેરિકાના વધુ યુદ્ધ જહાજોના વિસ્તારને કારણે તણાવ વધ્યો છે.

ઈરાને સ્પષ્ટ કહ્યું છે કે જો અમેરિકા હુમલો કરશે તો તેઓ પહેલા કરતાં વધુ જોરદાર જવાબ આપશે, જેમાં હોર્મુઝ જળસંધિને લક્ષ્ય બનાવવાનો સમાવેશ થઈ શકે છે.

જો કે અમેરિકાનો આ હુમલો અગાઉ કરવામાં આવેલી ૧૨ દિવસની કાર્યવાહીની તુલનાએ ઘણો મોટો હુમલો હશે અને તે અનેક અઠવાડિયાઓ સુધી ચાલી શકે છે. અમેરિકાએ મધ્યપૂર્વમાં તેની તાકાત વધારી છે. હાલમાં બે એરક્રાફ્ટ કેરિયર, ૧૨ યુદ્ધજહાજ, કેટલાય લડાકુ વિમાન, કેટલીય એર ડિફેન્સ સિસ્ટમ મધ્યપૂર્વમાં ગોઠવવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ૧૫૦થી વધુ અમેરિકન લશ્કરી કાર્ગો વિમાનો અને શસ્ત્રો તથા દારૂગોળો પહોંચાડવા ઉડ્યા હતા. છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમેરિકાએ મધ્યપૂર્વમાં તેના લશ્કરી પુરવઠાની સંખ્યામાં વધારો કર્યો છે. તેમા ૫૦થી વધારે લડાકુ વિમાનોને મધ્યપૂર્વમાં ગોઠવ્યા છે. આ જબરદસ્ત લશ્કરી જમાવટે સમગ્ર વિશ્વમાં ડર પેદા કર્યો છે અને ગમે ત્યારે વધુ એક વિનાશક યુદ્ધ શરૂ થઈ શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે આ યુદ્ધ શરૂ થયું તો કંઈ તાત્કાલિક પૂરુ નહીં થાય. આ યુદ્ધ અઠવાડિયાના અઠવાડિયાઓ સુધી જારી રહેશે.

વ્હાઈટ હાઉસના જણાવ્યા મુજબ ટ્રમ્પ ઈરાનના વલણથી ખાસ્સા નારાજ છે. એક લશ્કરી અધિકારીએ દાવો કર્યો કે આગામી સપ્તાહોમાં લશ્કરી કાર્યવાહી કરવામાં આવે તેવી સંભાવના ૯૦ ટકા છે. અમેરિકી સેનેટર ટ્રેડ- ક્રૂઝે કહ્યું છે કે, આયાતુલ્લાહ અલી ખોમેનેઈ પાસે હવે માત્ર એક જ વિકલ્પ રહ્યો છે તે છે સત્તા છોડવાનો ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યૂમાં ક્રૂઝે કહ્યું હતું, તેમનું રાજ્ય ખતમ થઈ ગયું છે મને નથી લાગતું કે પ્રમુખ ટ્રમ્પ તેની વાતોમાં આવી જાય.



### સોનું ભડકે બળશે, શેરબજારનો સોંથ બોલી જશે

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધની સ્થિતિ ગંભીર બની રહી છે. જો યુદ્ધ થશે તો સોનું ભડકે બરશે હાલમાં જ તણાવને કારણે સોનું ૫,૦૦૦ ડોલર પ્રતિ ઔંસની આસપાસ પહોંચી ગયું છે. યુદ્ધ થશે તો સેફ-હેવન તરીકે સોનું વધુ ભડકે બળશે.કદાચ નવા રેકોર્ડ તોડશે. ભારતમાં એમસીએક્સ ગોલ્ડ પણ ભારે ઉપર જશે. શેર બજાર માં ભારે ઘટાડો જોવા મળશે. કારણ કે યુદ્ધથી ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચશે.યુદ્ધ ન થાય તે માટે વાતચીત ચાલુ છે અને ટ્રમ્પ કહે છે કે ડીલ થઈ શકે છે. પણ જો ન થાય તો મધ્ય પૂર્વમાં મોટો વિસ્ફોટ થઈ શકે છે, જેની અસર આખી દુનિયાના બજારો પર પડશે.

# સાવધાન! ઈન્સ્ટાગ્રામ-યુટ્યુબ બાળકોને 'વળગણ' કરાવી રહ્યું છે

### સોશિયલ મીડિયા કંપનીઓએ બાળકોને પ્લેટફોર્મ પર જકડી રાખવા માટે મનોવૈજ્ઞાનિક ટ્રિગર્સ અને એડિક્ટિવ ડિઝાઈનનો કર્યો છે ઉપયોગ

### કેવી રીતે બાળકોને 'ટ્રેપ' કરવામાં આવે છે?

- ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબમાં રીલમાં કન્ટેન્ટ ક્યારેય પૂરું જ ન થાય, એટલે બાળકને ક્યાં અટકવું તેની ખબર પડતી નથી.
- 'લાઈક' કે 'કોમેન્ટ'નું દર થોડી વારે આવતું નોટિફિકેશન મગજમાં ડોપામાઈનનું સ્તર વધારે છે, જે વધુ જોવાની લાલચ જગાડે છે.
- પ્લેટફોર્મમાં આપેલા બ્યુટી ફિલ્ટર્સ દેખાવ બદલી નાખે છે, જે કિશોરીઓમાં પોતાના શરીર પ્રત્યે નફરત કે હીનભાવના પેદા કરી શકે છે.



સોશિયલ મીડિયા માત્ર મનોરંજનનું સાધન નથી રહ્યું, પણ બાળકોના માનસિક સ્વાસ્થ્ય માટે એક ગંભીર પડકાર બની ગયું છે.

**અબતક, રાજકોટ**

આજના ડિજિટલ યુગમાં ... અમેરિકાની એક કોર્ટમાં હાલમાં ચાલી રહેલી ઐતિહાસિક ટ્રાયલે આખા વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. ફેસબુક-ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની 'મેટા'ના સીઈઓ માર્ક ઝુકરબર્ગ અને ઈન્સ્ટાગ્રામ હેડ આદમ મોસેરી પર એવો ગંભીર આક્ષેપ લાગ્યો છે કે તેમણે તેમના પ્લેટફોર્મ્સને જાણીજોઈને એવા 'એડિક્ટિવ' બનાવ્યા છે કે બાળકો તેમાંથી બહાર જ ન આવી શકે.

આ કેસની શરૂઆત 'KGM' તરીકે ઓળખાતી ૨૦ વર્ષની યુવતીની ફરિયાદથી થઈ છે. તેણે આક્ષેપ કર્યો છે કે બાળપણમાં ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબના સતત વળગણને કારણે તે ડિપ્રેશન, ચિંતા અને આત્મહત્યા જેવા વિચારોનો શિકાર બની હતી. વકીલોની દલીલ છે કે આ કંપનીઓએ સ્લોટ મશીન જેવી ટેકનિક વાપરીને બાળકોના મગજ સાથે રમત રમી છે, જેથી તેઓ કલાકો સુધી સ્ક્રીન સામે બેસી રહે અને કંપનીને એડવર્ટાઈઝિંગ દ્વારા નફો થાય.

તાજેતરમાં જ માર્ક ઝુકરબર્ગે જૂરી સામે જુબાની આપી હતી. તેમણે દલીલ કરી હતી કે કંપનીએ બાળકોની સુરક્ષા માટે ઘણા પગલાં લીધા છે. જોકે, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ઈન્સ્ટાગ્રામ એડિક્ટિવ છે, ત્યારે તેમણે સીધો જવાબ આપવાને બદલે કહ્યું કે, "જો કોઈ વસ્તુ ઉપયોગી હોય, તો લોકો તેનો વધુ ઉપયોગ કરે છે."

બીજી તરફ, ઈન્સ્ટાગ્રામ ચીફ આદમ મોસેરીએ એવો વિચિત્ર તર્ક આપ્યો હતો કે સોશિયલ મીડિયાનું 'એડિક્શન' એ કોઈ મેડિકલ બીમારી નથી, પણ માત્ર 'પ્રોબ્લેમેટિક યુઝ' (સમસ્યાજનક ઉપયોગ) છે. તેમણે સ્વીકાર્યું કે લોકો જરૂર કરતા વધુ સમય વિતાવે છે, પરંતુ તેને વળગણ માનવા તેઓ તૈયાર નથી.

### ભારતીય દિવસના ૩ કલાક સોશ્યલ મીડિયા પર વિતાવે છે

ભારત હાલમાં વિશ્વના સૌથી મોટા સોશિયલ મીડિયા માર્કેટ તરીકે ઉભરી આવ્યું છે. તાજેતરના આંકડાઓ અનુસાર, ભારતમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરનારાઓની સંખ્યા ૫૦ કરોડને પાર કરી ગઈ છે. દેશમાં ૧ અબજથી વધુ ઈન્ટરનેટ વપરાશકર્તાઓ હોવાથી, ખાસ કરીને યુવા પેઢી માટે સોશિયલ મીડિયા એ ઓનલાઈન દુનિયામાં પ્રવેશવાનું મુખ્ય માધ્યમ બની ગયું છે. ભારતીયોમાં સોશિયલ મીડિયાનું વળગણ એટલું વધી ગયું છે કે સરેરાશ એક વ્યક્તિ દિવસના ત્રણ કલાક આ એપ્સ પાછળ વિતાવે છે. આ વપરાશ દર વૈશ્વિક સ્તરે સૌથી વધુ છે. ઈન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મના ફિલ્ટર્સ યુવાનોમાં અવાસ્તવિક સુંદરતાના માપદંડો ઉભા કરી રહ્યા છે, જેનાથી બોડી ડિસ્મોર્ફિયા અને માનસિક તણાવનું જોખમ વધી રહ્યું છે.

### યુવાનોમાં સોશિયલ મીડિયાનું વધતું વળગણઃ દર ત્રણમાંથી એક વિદ્યાર્થી 'પ્રોબ્લેમેટિક' વપરાશનો શિકાર

ભારતના વિવિધ રાજ્યોમાં થયેલા સંશોધનો મુજબ, ૨૦ ટકા થી ૩૩ ટકા વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયાના ઉપયોગની બાબતમાં 'પ્રોબ્લેમેટિક' અથવા વ્યસનકારી પેટર્ન દર્શાવે છે. એટલે કે, તેઓ ઈચ્છવા છતાં પણ સોશિયલ મીડિયાનો વપરાશ ઘટાડી શકતા નથી. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મોટાભાગના વિદ્યાર્થીઓ મોડી રાત સુધી સોશિયલ મીડિયા પર વ્યસ્ત રહે છે. આના કારણે તેમની ઊંઘની ગુણવત્તા બગડે છે અને તેની સીધી અસર તેમના અભ્યાસ અને એકાગ્રતા પર પડી રહી છે. અતિશય વપરાશ કરનારા યુવાનોમાં એન્ઝાયટી (ચિંતા), તણાવ અને ડિપ્રેશનના લક્ષણો અન્ય કરતા વધુ જોવા મળે છે.

### બ્યુટી ફિલ્ટર્સ અને એડિટેડ ફોટાના કારણે કિશોરીઓમાં માનસિક તણાવ અને પોતાના શરીર પ્રત્યે નકારાત્મકતામાં વધારો થયો છે

# ગુજરાતનું બજેટ સર્વજન હિતાય સર્વજન સુખાય: સમુ

## વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સરકારના ધ્યેય સાથે પ્રગતિશીલ લોકહિત ના બજેટ થી સર્વ વર્ગ સંતુષ્ટ

**અબતક, રાજકોટ**


ગુજરાત સરકારના બજેટમાં વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના ધ્યેય સાથે પ્રગતિશીલ અને લોકહિત નું બનાવવાના પ્રયાસ ને સર્વત્ર આવકાર મળી રહ્યો છે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી નાણામંત્રી કનુભાઈ દેસાઈને સમતોલ બજેટ અને વિકાસની નવી દિશા રૂપ બજેટ અંગે રાજકીય સામાજિક આગેવાન અભિનંદન પાઠવી રહ્યા છે

**ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ**

વિકસિત ગુજરાતના સંકલ્પ સાકાર કરતુ કોઈ પણ નવા કરવેરા વિનાનું ઐતિહાસિક ગુજરાતનું બજેટ ૨૦૨૬-૨૭ રજુ કરવામાં આવેલ છે. પ્રજાલક્ષી બજેટ રજુ કરવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ,નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા નાણામંત્રી કનુભાઈ દેસાઈ ને શુભેચ્છા પાઠવી બજેટને આવકારતા ધારાસભ્ય ડો. દર્શિતા શાહ જણાવેલ છે કે તમામ ક્ષેત્ર તમામ વર્ગને આવરી લેતું આ બજેટ છે. જેમાં GYAN આ બજેટમાં ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિના સર્વાંગી ઉત્કર્ષ અને ગ્રીન ગ્રોથ ને કેન્દ્રિત કરવામાં આવેલ છે. જેમાં યુવા વર્ગ, ખેડૂતો, મહિલાઓ, મધ્યમ વર્ગના લોકો, વેપારીઓ તમામ વર્ગને ધ્યાને લેવામાં આવેલ છે.

**અરૂણભાઈ નિર્મળ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત અવિરત વિકાસથી હંમેશા અગ્રેસર રહ્યું છે. વિકસિત ભારત - વિકસિત ગુજરાતના અડગ વિશ્વાસ સાથે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરાયેલ વર્ષ ૨૦૨૬-૨૭નું વિકાસમુખી બજેટ રાજ્યના ખેડૂતથી યુવા સુધી ગુજરાતના સર્વાંગી વિકાસ માટે દિશાદર્શક સાબિત થશે તેવી વિશ્વાસપૂર્ણ પ્રતિક્રિયા રાજકોટ જિલ્લા ભાજપના પ્રેસ મીડિયા અગ્રણી અરૂણ નિર્મળ દ્વારા વ્યક્ત કરી, આવકારતા જણાવ્યું કે આ બજેટમાં કૃષિ, પશુપાલન, યુવા શકિત, મહિલા સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા મહત્વના ક્ષેત્રોને પ્રાથમિકતા આપવામાં આવી છે, જે સૌનો સાથ, સૌનો વિકાસના મંત્રને સાકાર કરે છે. ખેડૂત કલ્યાણ, સિંચાઈ યોજનાઓ, સ્ટાર્ટઅપ અને ઉદ્યોગોને પ્રોત્સાહન તેમજ ગ્રામ વિકાસ માટેની જોગવાઈઓ રાજ્યને આત્મનિર્ભર બનાવવામાં સહાયક બનશે.



**ચેતનભાઈ રામાણી**

ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના ખેડૂત નેતા ચેતનભાઈ રામાણી એ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈએ રજુ કરેલા રૂ. ૪,૦૮,૦૫૩ કરોડની પુરાંત વાળુ ઐતિહાસિક વિકાસલક્ષી બજેટ જાહેર કર્યું તે આવકારી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતુ કે, ગુજરાતે છેલ્લે ત્રણ દાયકાથી સાતત્યપૂર્ણ વિકાસ કરી રાજ્યની વિકાસ યાત્રાને સતત આગળ ધપાવે છે ત્યારે ગુજરાત દેશના વિકાસમાં પોતાનો ફાળો ઉત્તરોત્તર વધારી દેશના ગ્રોથ એન્જીન તરીકે પ્રસ્થાપિત થયુ છે ત્યારે ગુજરાતની આ વણથંભી વિકાસયાત્રાના પ્રણેતા અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીની શતાબ્દી એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા વિકસિત ભારત ૨૦૪૭નું આહવાન કર્યું છે જેના સ્વરૂપે હરણફાળ વિકાસને વેગવંતો રાખવા તેમજ વિરાસયાત્રાને વધુ ગતિશીલ બનાવનારુ આ બજેટ સમાજના દરેક વર્ગ ગરીબ, યુવા, ખેડૂતો અને મહિલાના કલ્યાણની સાથે ઉદ્યોગ જગતને પણ ફાયદાકારક છે.

**રાજુભાઈ ધ્રુવ**

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને આગળ વધારતું ઐતિહાસિક બજેટ રજૂ કરવામાં આવ્યું છે તેમ જણાવતા ભાજપ અગ્રણી રાજુભાઈ ધ્રુવે આ આયોજનને આવકાર્યું છે. ગુજરાતના વિકાસ માટેના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિચારોનો પડઘો પાડતા આ અભૂતપૂર્વ બજેટ માટે પ્રત્યેક ગુજરાતી ગર્વ લઈ શકે છે તેવું રાજુભાઈ ધ્રુવે ઉમેર્યું હતુ.

ભાજપ સરકારની 'સૌનો સાથ, સૌનો વિકાસ'ની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ પાડતા આ પૂર્ણ પ્રજાલક્ષી બજેટ બદલ રાજુભાઈ ધ્રુવે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી કનુભાઈ દેસાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે. કોઈપણ નવા કરવેરા વગરના રૂપિયા ૪ લાખ ૮ હજાર કરોડના આ ઐતિહાસિક બજેટને વધાવતા રાજુભાઈ ધ્રુવે જણાવ્યું કે, આ બજેટમાં સર્વાંગી લોકવિકાસ અને કલ્યાણ માટે 'પંચકલ્યાણી' ગુણો ધરાવતું દૂરંદેશીભર્યું આયોજન કરવામાં આવ્યું છે. વિશેષ કરીને વર્ષ ૨૦૨૬ને 'ગુજરાત પ્રવાસન વર્ષ' ગણી ₹૬૫૦૦ કરોડની જે ફાળવણી કરવામાં આવી છે, તે પ્રવાસન સુવિધાઓ માટે પ્રશંસનીય છે તેમ રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતુ.

**મુકેશભાઈ દોશી**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમના સ્થાપક અને રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશ દોશીએ ગુજરાત રાજ્યના સતત પાંચમી વાર રાજ્યના અત્યાર સુધીના ઈતિહાસના સૌથી મોટા લોકાભિમુખ સમતોલ બજેટ રજૂ કરનાર નાણામંત્રી કનુભાઈ દેસાઈના બજેટને આવકારી અભિનંદન આપતા જણાવેલ છે કે નાણામંત્રીએ અસંખ્ય પ્રજા કલ્યાણની યોજનાઓ ગુજરાતની પ્રજાની સુખાકારી અને સર્વાંગી વિકાસ માટે જાહેરાત કરી છે જેમાં શિક્ષણ ઉધ્યોગ આરોગ્ય અને માળખાગત સુવિધાઓ પર ભાર મુકેલ છે તેને આવકાર આપ્યો છે.

# ૧૫ વર્ષથી નીચેના બાળકો માટે સોશિયલ મીડિયા પ્રતિબંધીત કરવા મેક્રોનની મોદીને સલાહ

## જેમ શાળાનો અભ્યાસક્રમ વિચારીને નક્કી થાય, તેમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પણ બાળકો માટે સુરક્ષિત હોવું જોઈએ : નરેન્દ્ર મોદી

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને બાળકોને ડિજિટલ દુનિયાના જોખમોથી બચાવવા માટે એક સુરક્ષિત 'ઢાલ' બનાવવાની વાત કરી છે. ટેકનોલોજી જેટલી ઉપયોગી છે, તેટલી જ બાળકો માટે જોખમી પણ બની શકે છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિએ ભારતને પણ એવા દેશોની યાદીમાં જોડાવા આમંત્રણ આપ્યું છે જે ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવા જઈ રહ્યા છે.

બીજી તરફ, પીએમ મોદીએ ભાર મૂક્યો કે જેમ શાળાનો અભ્યાસક્રમ વિચારીને નક્કી થાય છે, તેમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પણ બાળકો માટે સુરક્ષિત હોવું જોઈએ. સોશિયલ મીડિયા અને AIની નકારાત્મક અસરથી બાળકોને બચાવવા હવે વૈશ્વિક સ્તરે ચર્ચા થઈ રહી છે. ભારતમાં પણ ટૂંક સમયમાં બાળકો માટે સોશિયલ મીડિયાના વપરાશ અંગે કડક કાયદા આવી શકે છે. ભારત અને ફ્રાન્સ જેવી મહાસત્તાઓ ટેકનોલોજીને માનવતાવાદી અને સુરક્ષિત બનાવવા માટે એકસાથે આવી છે. જો ૧૫ વર્ષથી નીચેના બાળકો પર પ્રતિબંધ આવશે, તો તેઓ ઓનલાઈન છેતરપિંડી અને અશ્લીલ સામગ્રીથી બચી શકશે.AI અને ઈન્ટરનેટ હવે 'ફેમિલી-ગાઈડેડ' બનશે, એટલે કે વડીલોની દેખરેખ હેઠળ જ બાળકો ટેકનોલોજીનો ઉપયોગ કરી શકશે. ભારત પોતાની 'સોવરિન AI' (પોતાની સુરક્ષિત ટેકનોલોજી) વિકસાવીને દુનિયાને નવી દિશા બતાવશે. ઈન્ટરનેટની દુનિયા હવે જંગલ જેવી નહીં, પણ એક સુરક્ષિત બગીચા જેવી બનાવવાની કોશિશ થઈ રહી છે, જ્યાં બાળકો સુરક્ષિત રહી શકે.



# ભારતની પ્રથમ ઈ - એર ટેક્સી ચેન્નાઈથી ઉડશે

## ચેન્નાઈની એક સ્ટાર્ટઅપ કંપની, 'ધ ઈ-પ્લેન કંપની' ઈલેક્ટ્રિક એર ટેક્સી e200x તૈયાર કરી રહી છે

**અબતક, રાજકોટ**

ભારતના શહેરોમાં વધતા જતા ટ્રાફિક અને પ્રદૂષણની સમસ્યા વચ્ચે, હવે મુસાફરીનો એક નવો રસ્તો 'આકાશ' માં ખૂલવા જઈ રહ્યો છે. ચેન્નાઈ સ્થિત સ્ટાર્ટઅપ 'ધ ઈ-પ્લેન કંપની' ભારતનું પ્રથમ ઈલેક્ટ્રિક એર ટેક્સી મોડેલ e200x તૈયાર કરીને પરિવહન ક્ષેત્રે એક મોટી ક્રાંતિ લાવવા જઈ રહી છે. આ માત્ર એક વાહન નથી, પરંતુ આધુનિક ટેકનોલોજી અને એન્જિનિયરિંગનો એવો સંગમ છે જે ભવિષ્યમાં શહેરી મુસાફરીની વ્યાખ્યા બદલી નાખશે.

ચેન્નાઈની એક સ્ટાર્ટઅપ કંપની, 'ધ ઈ-પ્લેન કંપની' ભારતનું સૌપ્રથમ ઈલેક્ટ્રિક એર ટેક્સી ૫૨૦૦૪



તૈયાર કરી રહી છે. આ કામમાં તેમને દુનિયાની દિગ્ગજ ટેક કંપની ગદશમશફ સાથ આપી રહી છે. એન્જિનિયરોએ કોમ્પ્યુટર પર આ ટેક્સીની આબેહૂબ નકલ તૈયાર કરી છે. અસલી ટેક્સી હવામાં ઉડે તે પહેલાં, તેને કોમ્પ્યુટરની દુનિયામાં લાખો કિલોમીટર ઉડાડીને ટેસ્ટ કરવામાં આવી રહી છે. કોમ્પ્યુટર પ્રોગ્રામ દ્વારા એ જોવામાં આવે છે કે ખરાબ હવામાન કે ઈમરજન્સીમાં ટેક્સી કેવું કામ કરશે. આ ટેક્સીમાં ખાસ કેમેરા અને રડાર હશે, જે રિયલ-ટાઈમમાં સાચા નિર્ણયો લેવામાં મદદ કરશે.

# માત્ર ગાયનું દૂધ જ નહીં, ગૌમૂત્ર-ગોબર પણ પંચગવ્ય અમૃત સમાનઃ રાજ્યપાલ

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાજકોટમાં એશિયાના સૌથી મોટા 'ઈન્ડિયન કેટલ શો'નો પ્રારંભ કરાવ્યો

## રાજકોટમાં આગામી બે વર્ષમાં પશુઓના ડીએનએ રિસર્ચની લેબોરેટરી સ્થાપવાની આયોજકોની જાહેરાત

**અબતક, રાજકોટ**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં એશિયાના સૌથી મોટા 'ઈન્ડિયન કેટલ શો'નો પ્રારંભ કરાવ્યો હતો.






આ તકે સૌને સંબોધિત કરતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ભારતની દેશી ગાયો માત્ર પશુ નથી, પણ આપણી સંસ્કૃતિ, આર્થિક વ્યવસ્થા, ધરતી અને પર્યાવરણને બચાવનાર એક આધાર છે. દેશી ગાયનું ગૌમૂત્ર, ગોબર, દૂધ, ઘી તેમજ પંચગવ્ય અમૃત સમાન છે.

રાજ્યપાલએ કહ્યું કે, હિસાર એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં થયેલા રિસર્ચમાં સામે આવ્યું છેકે દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડથી વધુ સૂક્ષ્મ જીવાણુ હોય છે, જે ધરતીને ફળદ્રુપ બનાવે છે. ભારતની તમામ મૂળ નસ્લની ગાયોના ગોબરમાં આ પરિણામ લગભગ સમાન જોવામાં આવ્યા છે.




દેશ-વિદેશમાં થયેલા અભ્યાસનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ભારતીય 'દેશી ગાયનું -૨ દૂધ' સ્વાસ્થ્ય માટે સર્વોત્તમ છે. ભારતની દેશી ગાયો એ દેશ માટે ભગવાનના આશીર્વાદ સમાન હોવાનું તેમણે જણાવ્યું હતું. આ સાથે તેમણે કહ્યું હતું કે, વેદોમાં કહેવામાં આવ્યું છે કે 'ગાય એ વિશ્વની માતા છે'.

દેશી ગાયોની નસ્લના સંવર્ધન અને સંરક્ષણ માટે વિવિધ સંગઠનો દ્વારા થઈ રહેલા પ્રયાસોને તેમણે બિરદાવ્યા હતા. ગાયોના સંવર્ધન તથા સંરક્ષણ માટે રાજ્યપાલએ કહ્યું હતું કે, વર્તમાન સમયમાં પશુ સંવર્ધન ક્ષેત્રે આવેલી ટેકનોલોજીનો તમામ પશુપાલકોએ ઉપયોગ કરવો જોઈએ. તેમણે પશુપાલકોને ગાયોની વૃદ્ધિ માટે સેક્સડ સોર્ટેડ સીમેન તથા એમ્બ્રિયો ટેકનોલોજીનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. ગૌવંશના સંવર્ધન માટે તેમણે ઉત્તમ પશુપાલનની તંદુરસ્ત સ્પર્ધા માટે પણ પશુપાલકોને પ્રેરણા આપી હતી.




કાર્યક્રમમાં પધાર્યા બાદ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌ પ્રથમ લક્ષ્મીનારાયણ યજ્ઞમાં આહુતિ આપી અને રાજ્યના કલ્યાણની કામના કરી હતી; ત્યારબાદ તેમણે ગીર ગાયનું પૂજન કર્યું હતું.



''કેટલ શો''નો પ્રારંભ કરાવ્યા બાદ રાજ્યપાલ એ ફેડરેશન દ્વારા આયોજિત એક્ઝિબિશન તેમજ પશુ પ્રદર્શનને નિહાળ્યું હતું.



આ અવસરે ફેડરેશનના પ્રમુખ શ્રી મદન મોહનજી દ્વારા રાજકોટમાં આગામી બે વર્ષમાં પશુઓની ડીએનએ રિસર્ચ લેબોરેટરી સ્થાપવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં રાજકોટના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પ્રાદેશિક નગરપાલિકાનાં કમિશનર મહેશ જાની, આયોજક કિશોરભાઈ ઓડેદરા, આયોજક સમિતિના સભ્યો ભયલુ બાપુ સહિત વિવિધ સંતો, પશુપાલકો, ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.



## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું રાજકોટ ખાતે ઉષ્માભેર સ્વાગત

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી આજરોજ રાજકોટ ખાતે પધારતા તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અગાઉ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આચાર્ય દેવવ્રતજીનું આગમન થતા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, રીજનલ કમિશનર ઑફ મ્યુનિસિપાલટીઝ મહેશ જાનીએ તેમને પુષ્પગુચ્છ આપી ભાવભીનું સ્વાગત કર્યું હતું.રાજ્યપાલ રાજકોટ સર્કિટ હાઉસ ખાતે પધારતા મેયર નયનાબેન પેઢડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સાંસદ રામભાઈ મોકરીયાએ તેમને આવકાર્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલ આજે રાજકોટ ખાતેથી એશિયાના સૌથી મોટો ગૌ આધારિત ઈન્ડિયન કેટલ શો- ૨૦૨૬નો શુભારંભ કરાવ્યો હતો. સર્કિટ હાઉસ ખાતે રાજ્યપાલએ જિલ્લા વહીવટી તંત્ર સાથે બેઠક યોજી જિલ્લાના પ્રગતિશીલ વિકાસકાર્યો, સ્વચ્છતા અભિયાન, કુદરતી ખેતી અને ગૌસંવર્ધન સંબંધિત પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું.



---

**સરગમી સેવાનું સરનામું**

# ૪૩ વર્ષથી અવિરત સેવાકાર્યો કરતા સરગમ પરિવારના સભ્ય બનવાની સોનેરી તક

## ૧૫ માર્ચથી સભ્ય નોંધણી શરૂઃ નજીવી ફીમાં વર્ષ દરમિયાન મનગમતા કાર્યક્રમોની વણઝાર

**અબતક, રાજકોટ**

સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય, શિક્ષણ સહિતના ક્ષેત્રમાં છેલ્લા ૪૩ વર્ષથી કાર્યરત સેવાભાવી સંસ્થા સરગમ ક્લબના સભ્ય બનીને આખુ વર્ષ વિવિધ કાર્યક્રમો માણવાની સોનેરી તક રાજકોટવાસીઓ માટે આવી છે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને મંત્રી મૌલેશભાઈ ઉકાણીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ છે કે, પહેલી એપ્રિલથી સરગમ કલબનું નવું વર્ષ શરુ થશે અને એ પહેલા ૧૫ માર્ચથી ૩૧ માર્ચ સુધી સભ્ય નોંધણી થશે. ગત વરસે સરગમ પરિવારમાં ૧૫ હજારથી વધુ નોંધાયા હતા અને આ વખતે સંખ્યામાં વધારો થશે તેવી આશા પણ તેઓએ વ્યક્ત કરી હતી. આ વરસે ફીમાં કોઈ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી. આ પત્રકાર-પરિષદમાં સરગમ કલબનું પોતાની માલિકીનું બિલ્ડીંગ 'સરગમી સેવાનું સરનામુ' બની રહ્યુ છે તેની વિગત પણ આપી હતી.

ગુણવંતભાઈ ડેલાવાળાએ કહ્યું છે કે, રાજકોટમાં સરગમ પરિવારના સભ્ય હોવું એ એક ગૌરવ ગણાય છે અને તેથી જ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો અને બાળકો સભ્ય તરીકે નોંધાય છે. આ વરસે પણ સરગમ પરિવારના સભ્ય બનવા માટે જાહેરાત કરવામાં આવી છે. આ વખતે ફીમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને સભ્ય પદ માટેના ફોર્મ તા. ૧/૩/૨૬થી સરગમ કલબના તમામ વિભાગોમાં મળશે. સરગમ ચિલ્ડ્રન કલબની ફી એક વર્ષના ૫૦૦ રૂપિયા છે અને વર્ષના બાળકોને ગમી જાય તેવા કાર્યક્રમો જેમાં વોટર પાર્ક અને ફનવર્લ્ડની પીકનીક ઉપરાંત જાદુ શો અને ફિલ્મ શો જેવા કાર્યક્રમો માણવા મળશે.

લેડીઝ કલબમા જોડાવા માટે એક વર્ષની ફી ૭૦૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા સુંદર કાર્યક્રમો આપવામાં આવશે. સિનીયર સિટીઝન કલબનાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી ૭૫૦ છે જયારે કપલ ફી ૧૫૦૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા કાર્યક્રમો આપવામાં આવશે. કપલ કલબના સભ્ય બનવા માટે એક વર્ષની ફી ( બે વ્યક્તિ) ૧૫૦૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા કાર્યક્રમો આપવામાં આવશે. આ જ રીતે જેન્ટ્સ કલબની ફી ૭૫૦ રૂપિયા છે અને વર્ષ દરમિયાન નાટક, સંગીત સંધ્યા, હસાયરો જેવા કાર્યક્રમો આપવામાં આવશે. આ તમામ સભ્યોનું નવું વર્ષ ૧/૪/૨૬ થી ૩૧/૩/૨૭ સુધીનું રહેશે. સભ્ય બનવા માટેના ફોર્મ તા. ૧૫/૩/૨૬થી ૩૧/૩/૨૬ સુધી ભરવામાં આવશે. આ ફોર્મ અને ફી જાગનાથ મંદિર ચોકમાં આવેલી સરગમ કલબની ઓફિસે આપવાના રહેશે.

રાજકોટ કલેકટર તંત્ર દ્વારા નિર્મિત સિનીયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં સભ્ય બનવા માટે એક વર્ષની ફી માત્ર ૨૦૦ રૂપિયા છે. ઈવનિંગ પોસ્ટમાં સભ્ય થવા માટે તા. ૧/૩/૨૬થી ફી ભરી શકાશે ફી ઈવનિંગ પોસ્ટ- જ્યુબેલી ગાર્ડન પાસે, ખાતે જ ભરવાની રહેશે. આ સભ્યો માટે દર અઠવાડિયે ચાર કાર્યક્રમ યોજવામાં આવે છે.

### સરગમ સેવા ભવનની પ્રોજેક્ટ કમિટી

સરગમ સેવા ભવનના નિર્માણ માટે એક પ્રોજેક્ટ કમિટી પણ બનાવવામાં આવી છે. આ સમિતિમાં માર્ગદર્શકો અને દાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કમિટીમાં સરગમ પરિવારના ચેરમેન અને પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, મંત્રી મૌલેશભાઈ પટેલ ઉપરાંત અરવિંદભાઈ પટેલ- ફિલ્ડ માર્શલ, હરેશભાઈ લાખાણી-ડી.એમ.એલ ગ્રુપ, જીતુભાઈ ચંદારાણા-મારવાડી કોલેજ, યોગેશભાઈ પુજારા-પુજારા ટેલિકોમ, મનીષભાઈ માદેકા-રોલેક્સ રિંગ્સ લી., એમ.જે.સોલંકી, નાથાભાઈ કાલરીયા, સન ફોર્જ, સુરેશભાઈ નંદવાણા, નંદલાલભાઈ માંડવીયા, જયેશભાઈ વસા, સ્મિતભાઈ પટેલ, ખોડીદાસભાઈ પટેલ, જગદીશભાઈ ડોબરિયા, રાકેશભાઈ પોપટ, પ્રતાપભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ, કિરીટભાઈ આદ્રોજા, પ્રભુદાસભાઈ પારેખ, રાજદીપસિંહ જાડેજા અને જીતુભાઈ બેનાણીનો સમાવેશ થાય છે.




### સરગમ સેવા ભવન –દાન માટે ટહેલ

ગુણવંતભાઈ ડેલાવાળાએ કહ્યું હતું કે, સરગમ કલબ પોતાની માલિકીનું અદ્યતન છ માળનું ભવન બનાવી રહી છે. જાગનાથ પ્લોટ વિસ્તારમાં જીમખાના મેઈન રોડ ઉપર અંદાજે ૧૦ કરોડના ખર્ચે આ ભવન બની રહ્યું છે. સરગમ કલબ સેવાકીય સંસ્થા છે અને દાતાઓના સહકાર વગર આવી પ્રવૃતિઓ કરવી અશક્ય છે. આ ભવનના બાંધકામ માટે આર્થિક સહાયની જરૂર છે તો આ માટે દાતાઓને ટહેલ નાખવામાં આવી છે. સરગમ કલબને આપવામાં આવતું તમામ દાન ઈન્કમ ટેક્સમાં ૮૦-જી હેઠળ કરમુક્ત છે. આ ઉપરાંત કલબ પાસે સી.આર.એસ. સર્ટિફિકેટ પણ છે. આ ભવનમાં આર્ટ ગેલેરી, મીટીંગ હોલ, વહીવટી ઓફીસ, બેન્કવેટ હોલ સહિતની સુવિધા ઉભી કરવામાં આવનાર છે. આ બિલ્ડિંગના આર્કિટેક તરીકે હરેશભાઈ પરસાણા તેમજ સ્ટ્રકચર ડીઝાઈનર અશ્વિનભાઈ લોઢીયા અને બિલ્ડિંગ બનાવવાના ઈન્ચાર્જ તરીકે ઘનશ્યામભાઈ પરસાણા સેવા આપી રહેલ છે.

### સરગમ કલબની વિવિધ પ્રવૃતિઓ

સરગમ કલબ દ્વારા કુલ, પાંચ સ્થળે લાઈબ્રેરી, ૬ સ્થળે આરોગ્ય સેન્ટર, મેડીકલ સ્ટોર, કલામંદિર, લેબોરેટરી, અનિલ જ્ઞાન મંદિર સ્કૂલ, જયપુર ફૂટ કેમ્પ સહિતની સેવા પ્રવૃત્તિ કરવામાં આવે છે. સરગમ કલબ દ્વારા કેનાલ રોડ ઉપર ચેતન હાર્ડવેરની બાજુમાં બાન લેબ દ્વારા નિર્મિત આરોગ્ય સેન્ટર અને મલ્ટી એક્ટીવીટી સેન્ટરનું સંચાલન કરવામાં આવે છે. આ સેન્ટરમાં રોગ નિદાન કેન્દ્રમાં ઓર્થોપેડિક સર્જન, આઈ સ્પેશીયાલીસ્ટ, ડેન્ટલ સર્જન, હોમિયોપેથીક કન્સલ્ટન્ટ, સ્કીનના ડોક્ટર, સ્ત્રી રોગ નિષ્ણાત,બાળ રોગ નિષ્ણાતની સેવા રાહત દરે ઉપલબ્ધ છે. અહી રાહતદરે લેબોરેટરીની સેવા આપવામાં આવે છે. આ સેન્ટર ઉપર લેડીઝ માટે હેલ્થ કલબ ઉપરાંત યોગા, એરોબીક્સ અને ઝુમ્બા ડાન્સની સુવિધા પણ છે. આ ઉપરાંત વેલનેસ થેરાપી સેન્ટર, સેરાજેમ સેન્ટર,ફિઝીયોથેરાપી સેન્ટર, એક્યુપ્રેશર સેન્ટર, વિકલાંગો માટે કોમ્પ્યુટર સેન્ટર, બહેનો માટે શિવણ ક્લાસ સહિતના ક્લાસ ચાલી રહ્યા છે. આ સેન્ટરનો લોકો મોટી સંખ્યામાં લાભ લ્યે છે. સરગમ કલબ દ્વારા જામટાવર રોડ ઉપર કલા મંદિરનું સંચાલન કરવામાં આવે છે. આ કલામંદિરમાં તબલા, હાર્મોનિયમ, ગીતાર, ઓર્ગન, નૃત્ય, કથ્થક, વેસ્ટર્ન ડાન્સ, ચિત્ર, કેલીગ્રાફીનાં વર્ગો ચાલી રહ્યા છે. આ સિવાય કોમ્પ્યુટર સેન્ટર અને શિવણ ક્લાસ પણ ચાલી રહ્યા છે.

## સ્પોર્ટ્સ અબતક

# ટી-૨૦ વર્લ્ડકપમાં હવે જામશે અસલી રોમાંચ: કાલથી સુપર-૮ના મુકાબલાનો પ્રારંભ

### સુપર ૮ની મેચો પૂરી થયા બાદ બંને ગ્રુપની ટોચની બે ટીમો સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે: સેમિફાઈનલ મુકાબલા ૪ અને ૫ માર્ચે રમાશે, જ્યારે ફાઈનલ મેચ ૮ માર્ચે યોજાશે

**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ હવે તેના સૌથી રોમાંચક તબક્કે પહોંચી ગયો છે. ગ્રુપ સ્ટેજની રસાકસી ભરી મેચો બાદ હવે ૨૦માંથી માત્ર ૮ ટીમો જ ખિતાબની રેસમાં બાકી રહી છે. ગ્રુપ-એ માંથી ભારત અને પાકિસ્તાન, ગ્રુપ-બી માંથી શ્રીલંકા અને ઝિમ્બાબ્વે, ગ્રુપ-સી માંથી વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ, જ્યારે ગ્રુપ-ડી માંથી દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડે સુપર-૮માં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે.

નિયમો અનુસાર, દરેક ટીમે પોતાના ગ્રુપની બાકીની ત્રણેય ટીમો સામે એક-એક મેચ (રાઉન્ડ રોબિન આધારે) રમવી પડશે.



**કાલે પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે થશે ખરાખરી પ્રથમ સુપર ૮નો જંગ**

સુપર ૮ની મેચો પૂરી થયા બાદ બંને ગ્રુપની ટોચની બે ટીમો સેમીફાઈનલ માટે ક્વોલિફાય થશે. સેમીફાઈનલ મુકાબલા ૪ અને ૫ માર્ચે રમાશે, જ્યારે ફાઈનલ મેચ ૮ માર્ચે યોજાશે. ભારતીય ટીમ ગ્રુપ-૧ માં છે અને સેમીફાઈનલ સુધી પહોંચવા માટે તેણે દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ જેવી ટીમોના પડકારને પાર કરવો પડશે. ભારતનો પ્રથમ મુકાબલો ૨૨ ફેબ્રુઆરીએ અમદાવાદમાં દક્ષિણ આફ્રિકા સામે થશે.

ટીમ ઈન્ડિયા ૨૬ ફેબ્રુઆરીએ ચેન્નાઈમાં ઝિમ્બાબ્વે અને ૧ માર્ચના રોજ કોલકાતામાં વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે. સુપર-૮ તબક્કામાં નેટ રન રેટની ભૂમિકા ખૂબ જ મહત્વની રહેશે. દરેક ટીમને ગ્રુપમાં માત્ર ત્રણ જ મેચ મળવાની હોવાથી, એક હાર પણ સેમીફાઈનલની રાહ મુશ્કેલ બનાવી શકે છે. ભારતીય ટીમ માટે સારી વાત એ છે કે તે ગ્રુપ સ્ટેજમાં અજેય રહી છે, પરંતુ અભિષેક શર્માનું ફોર્મ અને સ્પિન સામે મિડલ ઓર્ડરનો સંઘર્ષ એવા પડકારો છે જેના પર કેપ્ટન સૂર્યકુમાર યાદવે તાત્કાલિક ધ્યાન આપવું પડશે.

#### સુપર ૮ના મુકાબલાનું શેડ્યુઅલ

| તારીખ | મેચ | સ્થળ | સમય |
|---|---|---|---|
| ૨૧ ફેબ્રુઆરી | ન્યુઝીલેન્ડ vs પાકિસ્તાન | કોલંબો | સાંજે ૭:૦૦ |
| ૨૨ ફેબ્રુઆરી | ઈંગ્લેન્ડ vs શ્રીલંકા | કેન્ડી | બપોરે ૩:૦૦ |
| ૨૨ ફેબ્રુઆરી | ભારત vs દક્ષિણ આફ્રિકા | અમદાવાદ | સાંજે ૭:૦૦ |
| ૨૩ ફેબ્રુઆરી | ઝિમ્બાબ્વે vs વેસ્ટ ઈન્ડિઝ | મુંબઈ | સાંજે ૭:૦૦ |
| ૨૪ ફેબ્રુઆરી | ઈંગ્લેન્ડ vs પાકિસ્તાન | કેન્ડી | સાંજે ૭:૦૦ |
| ૨૬ ફેબ્રુઆરી | વેસ્ટ ઈન્ડિઝ vs દ.આફ્રિકા | અમદાવાદ | બપોરે ૩:૦૦ |
| ૨૬ ફેબ્રુઆરી | ભારત vs ઝિમ્બાબ્વે | ચેન્નાઈ | સાંજે ૭:૦૦ |
| ૨૮ ફેબ્રુઆરી | પાકિસ્તાન vs શ્રીલંકા | કેન્ડી | સાંજે ૭:૦૦ |
| ૧ માર્ચ | ઝિમ્બાબ્વે vs દક્ષિણ આફ્રિકા | દિલ્હી | બપોરે ૩:૦૦ |
| ૧ માર્ચ | ભારત vs વેસ્ટ ઈન્ડિઝ | કોલકાતા | સાંજે ૭:૦૦ |

# અંડર ડોગ પ્રત્યે દરેકને પ્રેમ જાગે છે: ઝિમ્બાબ્વે આશ્ચર્ય સર્જવા સજ્જ!

### ઓસ્ટ્રેલિયા પછી શ્રીલંકાને છ વિકેટે હરાવીને ઝિમ્બાબ્વેએ સર્જ્યો બીજો મોટો અપસેટ: શ્રીલંકાની ટીમે ૧૭૯ રનના ટાર્ગેટના જવાબમાં ઝિમ્બાબ્વેએ માત્ર ૧૯.૩ ઓવરમાં જ હાંસલ કર્યો

**અબતક, રાજકોટ**

ઓપનર બ્રાયન બેનેટની આકર્ષક અડધી સદી અને અંત ભાગમાં કેપ્ટન સિકંદર રઝાની આક્રમક બેટિંગની સહાયથી ઝિમ્બાબ્વેએ વર્તમાન ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં પોતાનું વર્ચસ્વ જમાવી દીધું હતું. અંતિમ લીગ મેચમાં સહ યજમાન શ્રીલંકાને હરાવીને દમામભેર સુપર-૮માં પ્રવેશ કરી લીધો હતો. અગાઉ ઝિમ્બાબ્વેએ જાયન્ટ ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું અને હવે ગ્રૂપની સર્વશ્રેષ્ઠ એવી શ્રીલંકન ટીમને પણ હરાવીને પોતાનું પ્રભુત્વ જમાવી દીધું હતું. આ સફળતા સાથે ઝિમ્બાબ્વે તેના ગ્રૂપમાં મોખરે પહોંચી ગયું હતું એટલું જ નહીં પરંતુ સુપર-૮ રાઉન્ડમાં તે સૌથી જોખમી ટીમ બની ગઈ છે.શ્રીલંકાએ પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં લડાયક કહી શકાય તેવો સાત વિકેટે ૧૭૮ રનનો સ્કોર રજૂ કર્યો હતો પરંતુ આ સ્કોરને ઝિમ્બાબ્વેએ નાનો બનાવી દીધો હતો અને ૧૯.૩ ઓવરમાં માત્ર ચાર વિકેટ ગુમાવીને ૧૮૨ રનના સ્કોર સાથે મેચ જીતી લીધી હતી.૧૭૯ રનના ટારગેટ સામે રમતાં ઝિમ્બાબ્વેએ આર. પ્રેમદાસા સ્ટેડિયમની અઘરી પિચ પર પણ મજબૂત બેટિંગ કરી હતી.



બ્રાયન બેનેટે માત્ર ૪૮ બોલમાં અણનમ ૬૩ રન ફટકાર્યા હતા તો ઈનિંગ્સના અંત ભાગમાં સિકંદર રઝાએ આક્રમક બેટિંગ કરીને ૨૬ બોલમાં ૪૫ રન ફટકારી દીધા હતા. ઝિમ્બાબ્વે અને શ્રીલંકા બંને ટીમ અગાઉથી જ સુપર-૮ રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો અને આ મેચ ઔપચારિકતા જ હતી પરંતુ ઝિમ્બાબ્વેએ ગૂપમાં પોતાનું વર્ચસ્વ જમાવી દીધું હતું કેમ કે તે સાત પોઈન્ટ સાથે મોખરે રહ્યું હતું. આ મેચના પરિણામ સાથે બી ગ્રૂપમાં માત્ર ઝિમ્બાબ્વેની ટીમ જ અજેય રહી હતી. શ્રીલંકાએ તેની ચાર મેચમાંથી એકમાં પરાજય હાંસલ કર્યો હતો પરંતુ ઝિમ્બાબ્વે ત્રણ મેચ જીત્યું છે અને તેની એક મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. ઝિમ્બાબ્વેએ મક્કમ પ્રારંભ કર્યો હતો અને પાવર પ્લે પૂરો થાય ત્યાં સુધીમાં વિના વિકેટે ૫૫ રન કરી દીધા હતા. ઓપનર તાડી મારુમાનીએ ૨૬ બોલમાં ૩૪ રન ફટકાર્યા હતા. તેણે બેનેટ સાથે મળીને પહેલી વિકેટ માટે ૮.૩ ઓવરમાં ૬૯ રનની ભાગીદારી નોંધાવીને ટીમના વિજયનો પાયો રચી દીધો હતો. આ ઉપરાંત ઝિમ્બાબ્વેની બેટિંગ લય જળવાઈ રહેશે તેની ખાતરી કરાવતા રાયન બુર્લે ૧૨ બોલમાં ૨૩ રન ફટકાર્યા હતા. આ દરમિયાન શ્રીલંકન બોલર લાચાર બની ગયા હતા. કેપ્ટન દાસુન શનાકાએ બુર્લને આઉટ કર્યો ત્યારે થોડી આશા જાગી હતી પરંતુ સિકંદર રઝાએ આવીને ગૃહટીમને આશા ઉપર પાણી ફેરવી દીધું હતું. રઝાએ તેની ૪૫ રનની ઝઝાવાતી ઈનિંગ્સમાં ચાર સિક્સર ફટકારી હતી.

#### બ્રાયન બેનેટ અને સિકંદર રઝાની શાનદાર ઈનિંગ

૧૭૯ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ઝિમ્બાબ્વે ટીમે બ્રાયન બેનેટ અને તાદિવાનાશે મારુમાનીની ઓપનિંગ જોડી સાથે શાનદાર શરૂઆત કરી, જેમને પહેલી વિકેટ માટે ૬૯ રનની પાર્ટનરશીપ કરી. મારુમાનીએ ૨૬ બોલમાં ૩૪ રન બનાવીને આઉટ થયો. આ દરમિયાન બ્રાયને એક છેડેથી ઈનિંગને પકડી રાખી, રાયન બર્લ સાથે બીજી વિકેટ માટે ૨૯ રનની પાર્ટનરશીપ કરી, જે ૧૨ બોલમાં ૨૩ રન બનાવીને આઉટ થયા. ત્યારબાદ કેપ્ટન સિકંદર રઝા બેટિંગ કરવા આવ્યો અને બ્રાયન બેનેટ સાથે ત્રીજી વિકેટ માટે ૬૯ રન જોડીને ઝિમ્બાબ્વેની જીત સુનિશ્ચિત કરી.

**પાક. હોકી ફેડરેશન ભીખુ...?**

# ઓસ્ટ્રેલિયામાં ખેલાડીઓએ રોડ પર વાસણ માંજવા પડતા અધ્યક્ષનું રાજીનામુ, કેપ્ટ્ન પર પ્રતિબંધ

### એક સમયે વિશ્વ હોકીમાં દબદબો ધરાવતી પાકિસ્તાની હોકી ટીમ અત્યારે ઈતિહાસના સૌથી ખરાબ વહીવટી સંકટમાંથી પસાર થઈ રહી છે

**અબતક, રાજકોટ**

એક સમયે વિશ્વ હોકીમાં દબદબો ધરાવતી પાકિસ્તાની હોકી ટીમ અત્યારે ઈતિહાસના સૌથી ખરાબ વહીવટી સંકટમાંથી પસાર થઈ રહી છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ખેલાડીઓ સાથે થયેલા ગેરવર્તન અને અસુવિધાઓના ગંભીર આક્ષેપો બાદ પાકિસ્તાન હોકી ફેડરેશનમાં મોટો ભડકો થયો છે. ટીમની દુર્દશા અને કેપ્ટનના ચોંકાવનારા ખુલાસા બાદ ફેડરેશનના અધ્યક્ષ તારિક બુગતીએ નૈતિક જવાબદારી સ્વીકારીને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.ઓસ્ટ્રેલિયા પ્રવાસથી પરત ફર્યા બાદ કેપ્ટન શકીલ અમ્માદ બટે મીડિયા સમક્ષ પાકિસ્તાની હોકીની વરવી વાસ્તવિકતા રજૂ કરી હતી. શકીલે આક્ષેપ કર્યો હતો કે સિડની એરપોર્ટ પર ટીમને ૧૩-૧૪ કલાક સુધી રઝળવું પડ્યું હતું. એટલું જ નહીં, હોટેલનું પેમેન્ટ ન થયું હોવાને કારણે ખેલાડીઓને રહેવા માટે ભટકવું પડ્યું હતું. સૌથી શરમજનક બાબત એ હતી કે મેચ પહેલા ખેલાડીઓએ પોતે કિચન સાફ કરવું પડ્યું હતું અને વાસણો પણ માંજવા પડ્યા હતા. કેપ્ટને સવાલ ઉઠાવ્યો હતો કે આવી સ્થિતિમાં ખેલાડીઓ




મેદાન પર કેવું પ્રદર્શન કરી શકે?રાજીનામું આપ્યા બાદ તારિક બુગતીએ પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ અને આર્મી ચીફ આસીમ મુનીરને આ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવાની અપીલ કરી છે.

બીજી તરફ, પાકિસ્તાન સ્પોર્ટ્સ બોર્ડ એ પોતાનો પક્ષ રાખતા જણાવ્યું છે કે તેમણે હોટેલ અને અન્ય વ્યવસ્થાઓ માટે ફેડરેશનને ૧ કરોડ પાકિસ્તાની રૂપિયાથી વધુની રકમ ફાળવી હતી. છતાં ખેલાડીઓને હાલાકી કેમ ભોગવવી પડી, તે હવે તપાસનો વિષય બન્યો છે.વહીવટી અંધાધૂંધીની સીધી અસર ટીમના પ્રદર્શન પર પણ જોવા મળી હતી. આ પ્રવાસ દરમિયાન પાકિસ્તાનને ઓસ્ટ્રેલિયા અને જર્મની જેવી ટીમો સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ખેલાડીઓને મીડિયા સાથે વાત ન કરવા માટે પણ ધમકાવવામાં આવ્યા હોવાના આક્ષેપો છે.

હવે જ્યારે વડાપ્રધાને તપાસના આદેશ આપ્યા છે, ત્યારે જોવાનું એ રહેશે કે શું દોષિત અધિકારીઓ સામે કાર્યવાહી થશે અને શું પાકિસ્તાની હોકી ફરી ક્યારેય પોતાનું ખોવાયેલું ગૌરવ પાછું મેળવી શકશે?

**દરેક સફળ પુરૂષ પાછળ સ્ત્રી...!!!**

# નેહાના પ્રેમે વરૂણને ''ચક્રવર્તી'' બનાવી દીધો!!!



**તું ક્રિકેટ રમ, ૫-૬ હજાર કમાઈ લઈશ એટલે ઘર ચાલશે: નેહા ચક્રવર્તી**

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટર વરુણ ચક્રવર્તીની પત્ની નેહા ખેડેકરે તેમના સંઘર્ષના દિવસોમાં જે રીતે તેમને સમર્થન આપ્યું, તે તેમની પ્રેમકથાનું એક અદ્ભુત અને પ્રેરણાદાયી અધ્યાય છે. વરુણે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં આ વાત શેર કરી છે, જેના કારણે આ વાત વાયરલ થઈ ગઈ છે.

વરુણ ચક્રવર્તી અને નેહા ખેડેકરની મુલાકાત કોલેજના દિવસોમાં થઈ હતી. તેઓ બંને યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા. શરૂઆતમાં તેમની વચ્ચે મિત્રતા થઈ, જે ધીમે ધીમે પ્રેમમાં બદલાઈ ગઈ. વરુણ તે સમયે આર્કિટેક્ચરનો અભ્યાસ કરીને આર્કિટેક્ટ તરીકે કામ કરતા હતા અને સારી કમાણી કરતા હતા, પરંતુ તેમનું મન હંમેશા ક્રિકેટમાં રહેતું હતું.

૨૫ વર્ષની ઉંમરે વરુણે પોતાનું સ્થિર કરિયર છોડીને ક્રિકેટને પૂર્ણ સમયનો વ્યવસાય બનાવવાનો નિર્ણય લીધો. આ નિર્ણય ખૂબ જ જોખમી હતો, કારણ કે તેમને ખબર નહોતી કે તેઓ સફળ થશે કે નહીં. તેમણે તેમની પત્ની નેહાને કહ્યું હતું કે મારા પર ભરોસો ન કર, મારી પાસે કોઈ જોબ નથી, ફક્ત મહેનત અને અનિશ્ચિતતા છે.

પરંતુ નેહાએ તેમને અડગ વિશ્વાસ આપ્યો. તેણીએ કહ્યું: તું ક્રિકેટ રમ, ૫-૬ હજાર કમાઈશ તો ચાલે, હું ૧૫ હજાર કમાઉં છું, આપણે બધું મેનેજ કરી લઈશું. આ શબ્દો વરુણ માટે ખૂબ મોટી તાકાત બન્યા. નેહાએ ન માત્ર આર્થિક રીતે, પરંતુ ભાવનાત્મક રીતે પણ તેમને સપોર્ટ કર્યો. તેણીના આ વિશ્વાસને કારણે વરુણે હિંમતથી આગળ વધ્યા.



આ પછી વરુણની મહેનત રંગ લાવી.

(અનું.આઠમાં પાને)

#### બુમરાહ કરતા પણ ખતરનાક છે વરૂણ!!!

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતીય ટીમના મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીનું શાનદાર પ્રદર્શન ચાલી રહ્યું છે. તેમની બોલિંગને જોઈને ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને પસંદગીકાર શ્રીકાંતએ દાવો કર્યો છે. તેમણે કહ્યું છે કે હાલમાં વરુણ ચક્રવર્તી ભારતનું સૌથી ખતરનાક હથિયાર છે અને તેઓ જસપ્રિત બુમરાહ કરતાં પણ વધુ (ઘાતક) સાબિત થઈ રહ્યા છે.

શ્રીકાંતે વરુણને ટી૨૦ ફોર્મેટમાં 'મોર્ડન-ડે ગ્રેટ' ગણાવ્યા છે. તેમણે કહ્યું કે વરુણની બોલિંગ સામે બેટ્સમેનો મૂંઝવણમાં પડી જાય છેવરુણ ચક્રવર્તીએ ટુર્નામેન્ટમાં અત્યાર સુધીમાં ૪ મેચમાં ૯ વિકેટ લીધી છે, જેમાં એવરેજ માત્ર ૬.૮૮ અને ઈકોનોમી રેટ ૫.૧૬ રહ્યો છે. નેધરલેન્ડ્સ સામેની મેચમાં તેમણે ૩ ઓવરમાં ૩ વિકેટ લઈને ૧૪ રન આપ્યા હતા, જે અદ્ભુત પ્રદર્શન હતું.

# બીજી ટી-૨૦માં ભારતને હરાવી ઓસી. વિમેન્સે સિરીઝ સરભર કરી

### ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૩ રનનો સ્કોર બનાવ્યો, જવાબમાં ભારત નવ વિકેટે ૧૪૪ રન જ બનાવી શક્યું

**અબતક, રાજકોટ**

જ્યોર્જિયા વોલ અને બેથ મૂનીએ પહેલી વિકેટ માટે વિક્રમી ભાગીદારી નોંધાવતાં ઓસ્ટ્રેલિયા વિમેન્સ ટીમે અહીં રમાયેલી બીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં ભારતીય વિમેન્સ ટીમને ૧૯ રનથી હરાવીને ત્રણ મેચની સિરીઝનો સ્કોર ૧-૧થી સરભર કરી દીધો હતો. પહેલી મેચમાં ભારતનો વિજય થયો હતો.બીજી ટી૨૦ ક્રિકેટ મેચમાં ઓસ્ટ્રેલિયન વિમેન્સ ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૩ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેમાં પહેલી વિકેટ માટે વોલ અને મૂનીએ ૧૨૮ રન ઉમેર્યા હતા. ભારત વિમેન્સ ટીમે શરૂઆતની ઓવર્સમાં લડત આપી હતી પરંતુ અંતે તે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૪૪ રન કરી શકી હતી.મેચ જીતવા માટે ૧૬૬ રનના ટારગેટ સામે રમતાં ભારતે ઓપનર સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માની મદદથી નોંધપાત્ર શરૂઆત કરી હતી. બંનેએ સાતમી ઓવર સુધીમાં ૫૭ રન ઉમેરી દીધા હતા અને ભારતની સફળતાની અપેક્ષા જગાડી હતી. મંધાનાએ ૨૩ બોલમાં ૨૯ અને શેફાલી વર્માએ ૨૪ બોલમાં ૩૧ રન ફટકાર્યા હતા. આ ઉપરાંત કેપ્ટન હરમનપ્રિત કૌરે ઝડપી બેટિંગ કરીને ટીમ માટે આશા જીવંત રાખી હતી પરંતુ કેપ્ટન આઉટ થઈ તે સાથે ભારતના પડકારનો અંત આવી ગયો હતો. હરમનપ્રિત કૌરે ૩૦ બોલમાં પાંચ ચોગ્ગા સાથે ૩૬ રન ફટકાર્યા હતા. આ સિવાય રિચા



ઘોષના ૧૯ રનને બાદ કરતાં ભારત તરફથી બાકીની કોઈ બેટર લડત આપી શકી ન હતી. અગાઉ ઓસ્ટ્રેલિયન ઓપનર્સ જ્યોર્જિયા વોલ અને બેથ મૂનીએ શાનદાર બેટિંગ કરી હતી. બંનેએ ૧૪.૫ ઓવરમાં જ ૧૨૮ રનની ભાગીદારી નોંધાવી દીધી હતી. જ્યોર્જિયા વોલે આક્રમક બેટિંગ કરીને ૫૭ બોલમાં ૮૮ રન ફટકાર્યા હતા જેમાં ૧૧ ચોગ્ગા અને એક સિક્સરનો સમાવેશ થતો હતો. તેની સાથે બેથ મૂનીએ પણ આક્રમક બેટિંગ કરીને ૩૯ બોલમાં ૪૯ રન ફટકાર્યા હતા. જ્યોર્જિયા વોલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. જોકે આ બંનેની વિકેટ પડ્યા બાદ ઓસ્ટ્રેલિયા વિમેન્સ ટીમ તેની લય જાળવી રાખવામાં સફળ રહી ન હતી અને ભારતીય બોલર્સે મેચ પર અંકુશ મેળવી લીધો હતો. આમ છતાં ઓસ્ટ્રેલિયાના ૧૬૩ રનનો સ્કોર ભારતીય વિંમેન્સ ટીમ માટે પડકારજનક પુરવાર થયો હતો.ભારત માટે અરૂંધતી રેડ્ડીએ ચાર ઓવરમાં ૩૦ રન આપીને બે વિકેટ લીધી હતી તો રેણુકાસિંઘ ઠાકુરને એક વિકેટ મળી હતી. ઓસ્ટ્રેલિયાની બે બેટર રનઆઉટ થઈ હતી.ભારતીય બેટિંગમાં આ મેચમાં ખામી જોવા મળી હતી પરંતુ તેની સામે ઓસ્ટ્રેલિયાની બોલિંગ પણ પ્રશંસનીય રહી હતી. એશ્લે ગાર્ડનરે ૨૨ રનમાં ત્રણ વિકેટ લીધી હતી તો કિમ ગાર્થ, એનાબેલ સધરલેન્ડ અને સોફી મોલિનોક્સે બે બે વિકેટ લીધી હતી.

# એક્સપોર્ટના વેપારીને ઈમ્પોર્ટના ધંધામાં ભાગીદાર બનાવી રૂ.૩૧.૮૮ લાખની છેતરપિંડી

## રૈયા ટેલિફોન એક્સચેન્જ નજીક રહેતા વેપારીએ રોકાણ પેટે સાવન ધમસાણીયાને કટકે કટકે રૂ.૯૩.૨૧ લાખ આપ્યા'તા

## આરોપીએ રૂ.૬૧.૩૩ લાખ ચૂકવ્યા બાદ હવે મારા મકાન અને જમીનનો વહીવટ થશે પછી બાકીના નાણાં આપીશ કહી ફોન સ્વીચ ઓફ કરી દીધો

**અબતક, રાજકોટ**

રૈયા ટેલિફોન એક્સચેન્જ નજીક રહેતા એક્સપોર્ટના વેપારી સાથે ઈમ્પોર્ટના ધંધામાં ભાગીદારી કરી સાવન ધમસાણીયાએ કટકે કટકે નાણાં મેળવી રૂ. ૩૧.૮૮ લાખની છેતરપિંડી આચરતા યુનિવર્સીટી પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ મામલે રૈયા ટેલિફોન એક્સચેન્જ નજીક ગુણાતિતનગર મેઈન રોડ પર રહેતા ૨૬ વર્ષીય યુવાન વેપારી કૌશલભાઈ યોગેશભાઈ ભોજાણીએ આરોપી તરીકે સાવન રમેશભાઈ ધમસાણીયા (રહે. એ-૧૦૧, સમનવ્ય સિલ્વર એપાર્ટમેન્ટ, રઘુવીરપાર્ક શેરી નં.-૪, પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ, રાજકોટ)નું નામ આપી યુનિવર્સીટી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, સીરામીક ઉદ્યોગમાં એક્સપોર્ટનો વ્યવસાય કરૂ છું. અગાઉ મારી ઓફિસ બી.૬૦૨, આર.કે. આઈકોનિક કોમ્પલેક્ષ, અયોધ્યા ચોકમાં આવેલ હતી. ત્યાં સાવનભાઈ ધમસાણીયા આશરે દોઢેક વર્ષ પહેલા આવેલા હતા. તેણે મને જણાવેલ કે, અમેં પણ પેપરના કાગળો તથા લોખંડના સ્ક્રેપના ધંધામાં ઈમ્પોર્ટનું કામકાજ કરીએ છીએ, તેમજ થર્મોકોલ રો મટીરીયલ વિગેરેનું ઈમ્પોર્ટની કામગીરી કરીએ છીએ. જેથી હું તેમની સાથે મૌખિક ભાગીદારીથી જોડાયેલ હતો.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, સાવનભાઈ ધમસાણીયાએ વિશ્વાસ આપેલ કે, ઈમ્પોર્ટના ધંધામાં સારૂ એવું વળતર મળી રહેશે. જેથી તેના પર ભરોષો મૂકી પ્રથમ ગત તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ રૂ. ૧૦૦૦ અને ત્યારબાદ રૂ. રૂ.૪.૯૯ લાખ મારા બેન્ક ઓફ બરોડાના ખાતામાંથી નેટ બેંકિંગ મારફતે ટ્રાન્સફર કરેલ હતા. સાવનભાઈ અને તેની પત્ની દર્શનાબેનના ખાતામાં મેં કટકે કટકે રૂ. ૨૬.૪૪ લાખ ટ્રાન્સફર કરેલ હતા. જેની સામે ધંધામાં નફા સ્વરૂપે તેમજ અમુક રકમ એન્ટ્રીની ફેરબદલી માટે કુલ રૂ. ૧૧,૮૮,૦૦૩ જેટલી રકમ અમને પરત આપેલ હતી. જયારે મુળ રકમ પેટે રૂ. ૧૪,૫૫,૯૯૭ લેવાના નિકળે છે.

ઉપરાંત અને ધંધા અર્થે વાપરતા આઈસીઆઈસીઆઈ બેંકના ખાતામાંથી નેટ બેંકિંગ મારફતે કુલ રૂ.૬૬.૨૯ લાખ મોકલી આપેલ હતા. તેમાંથી કટકે કટકે કુલ રૂ.૪૯,૪૫,૦૦૧ જેટલી રકમ અમને કટકે કટકે પરત મળી ગયેલ હતા. તે સિવાય મારે હજુ રૂ.૧૬,૮૩,૯૯૯ લેવાના નિકળે છે. ઉપરાંત એચ.ડી.એફ.સી. બેંકના ખાતામાંથી નેટ બેંકિંગ મારફતે મોકલેલા રૂ. ૪૮,૫૦૦ હજુ લેવાના નીકળે છે. આમ મેં સાવનભાઈને આપેલા કુલ રૂ. ૯૩,૨૧,૫૦૦ પૈકી રૂ. ૬૧,૩૩,૦૦૪ મને પરત મળી ગયેલ હતા જયારે રૂ. ૩૧,૮૮,૪૯૬ હજુ લેવાના નીકળે છે. જેનો હિસાબ માંગતા સાવનભાઈએ કોઈ હિસાબ પણ આપેલ નહિ. જેથી મેં તેની સાથે છેલ્લે દિવાળી પહેલાના સમય દરમ્યાન મિટીંગ કરી હતી. ત્યારે સાવનભાઈએ ધંધાની કોઈ લેણદેણ જણાવેલી નહી કે કોઈ હિસાબ આપેલ નહિ. જેથી મારે લેવાના નીકળતા નાણાં પરત આપવા અંગે પૂછતાં સાવનભાઈએ તેમના પિતા રમેશભાઈ પ્રાગજીભાઈ ધમસાણીયા તથા કાકા કાંતીભાઈ પ્રાગજીભાઈ ધમસાણીયા(રહે. ફલ્લા, ધ્રોલ,જામનગર) તથા બીજા સગા સબંધીની હાજરીમાં મને જણાવેલ કે, મારા મકાન અને જમીનનો વહીવટ પુરો થયા બાદ તમારા રૂપિયા પરત આપી દઈશ પરંતુ ત્યારબાદ સાવનભાઈએ પોતાનો મોબાઈલ સ્વીચ ઓફ કરી પૈસા પરત નહિ આપી વિશ્વાસઘાત કર્યો હતો.

જે મામલે યુનિવર્સીટી પોલિસે ગુનાહિત વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આરંભી હતી

### ભૂગર્ભમાં ઉતરી ગયેલા શખ્સ વિરૂદ્ધ યુનિવર્સીટી પોલિસ મથકમાં ગુનો નોંધાયો

# શ્રી રામ ફાયનાન્સમાં નોકરી અપાવી દેવાના નામે રૂ.૧૧ લાખની ઠગાઈ

## હાથીખાનાના ઋષભ ગોયાણીને અભી પાનસરા નામના શખ્સે કંપનીમા સ્ટેટ ફાઈનાન્સ મેનેજર હોવાની ઓળખ આપી શીશામાં ઉતાર્યો: વિઝા પ્રોસેસ સહિતની ફીના બહાને નાણાં ખંખેર્યા

## બોગસ જોઈનીંગ લેટર પણ આપી દીધો: સેલેરી નહિ મળતા પેઢીની ઓફિસે તપાસ કરતાં ભાંડો ફૂટ્યો: ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શ્રી રામ ફાયનાન્સમાં નોકરી અપાવી દેવાના નામે હાથીખાનામાં રહેતાં રૂષભભાઈ ગોયાણી નામના યુવક સાથે રૂ.૧૧ લાખની છેતરપીંડી થતાં એ.ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. અભી પાનસરા નામના ગઠિયાએ પોતે કંપનીમા સ્ટેટ ફાઈનાન્સ મેનેજર હોવાની ઓળખ આપી ડુપ્લીકેટ જોઈનીંગ લેટર આપી વિઝા પ્રોસેસ અને અન્ય ખર્ચા પેટે રૂપીયા પડાવ્યાં હતાં.

બનાવ અંગે હાથીખાના શેરી નં.૫ માં કાલીંદ્રી એપાર્ટમેન્ટમાં રહેતાં રૂષભભાઈ દિલીપભાઈ ગોયાણી (ઉ.વ.૨૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અભી હરેશ પાનસરાનું નામ આપી જણાવ્યું હતું કે, તે એચડીએફસી સેલ્સમાં નોકરી કરે છે. જેની ઓફિસ પુષ્કર ધામ મેઈન રોડ પ્રાઈડસ સ્કેવેરમાં આવેલ છે.

ઓકટોમ્બર-૨૦૨૫ મા કોલેજના મિત્રો સાથે જામનગર રોડ ખાતે આવેલ ખોડીયાર હોટલ ખાતે જમવા માટે ગયેલ ત્યા કોલેજ મિત્ર મિતાલી બાલધાએ તેમની મુલાકાત આ અભિ પાનસરા સાથે કરાવેલ ત્યારે નોકરી બાબતે તેની સાથે વાતચીત થયેલ અને અભિએ વાત કરેલ કે, પોતે શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ લીમીટેડ કંપનીમા સ્ટેટ ફાઈનાન્સ મેનેજર તરીકે નોકરી કરે છે, જો તમારે આ શ્રી રામ ફાઈનાન્સ કંપનીમા નોકરીમા જોડાવવુ હોય તો તમને માસીક રૂ. ૮૦ હજાર પગાર મળશે, શ્રી રામ ફાઈનાન્સ કંપનીનુ કામ ભારત લેવલે કરવાનુ થશે તેમજ વિદેશમા પણ કરવાનુ રહેશે. જેથી યુવાને આ નોકરી મેળવવા માટે હા પાડેલ બાદ ગઈ તા.૧૫/૧૧/૨૦૨૫ ના તેમને ડોક્યુમેંટ આપેલ અને તેણે શ્રી રામ કંપનીનુ ફોર્મ ભરેલ અને શ્રી રામ કોમર્શીયલ વ્હીકલ ફાઈનાન્સનો નોકરીનો જોઈનીંગ લેટર આપેલ જેમા ડાબી સાઈડ તેમની સહી હતી અને મારીયુવાનની પણ સહી કરાવેલ ત્યારબાદ જણાવેલ કે, કંપનીના કામથી આપડે વિદેશ જવાનુ છે, જેના વિઝા પ્રોસેસના તથા અન્ય ખર્ચાના તમારે પહેલા પૈસા આપવા પડશે. જેથી યુવાને આરોપી અભિને તા.૦૩/૧૨/૨૦૨૫ થી તા.૨૪/૦૧/૨૦૨૬ સુધીમા ઓનલાઈન તથા રોકડા મળી કુલ રૂ.૧૧ લાખ તેમને આપેલ ત્યારબાદ કહેલ કે, તમારી સેલેરી તથા તમોએ જે ખર્ચ કરેલ છે તે તમામ પૈસા તા.૨૯/૦૧ ના રોજ મળી જશે.

ત્યારબાદ આરોપીને અવાર નવાર કોલ કરતા વાયદાઓ કરતા હતા અને ગઈ તા. ૧૮ સુધીમા સેલેરી તથા ખર્ચના પૈસા મળેલ નહી અને ખોટા વાયદા કરતા હોય જેથી શંકા જતા જાણીતા અમદાવાદ રહેતા વૈશ્વીબેન શાહને ફોન કરી શ્રી રામ કંપનીની ઓફીસે ચેક કરવા માટે મોકલેલ ત્યારે ત્યાના સ્ટાફે જણાવેલ કે આ જોઈનીંગ લેટર ડુપ્લીકેટ છે, આવો કોઈ અભિ પાનસરા નામનો કોઈ વ્યકિત કંપનીમા નોકરી કરતો નથી, જેથી તેની મુખ્ય બ્રાંચ ખાતે તપાસ કરતા ત્યાના અધિકારીએ જે અભિએ આપેલ એમ્પ્લોઈ નંબર ચેક કરતા તે પણ ખોટો હોવાનુ જણાવેલ હતુ. જેથી આરોપીઅભિએ કંપનીનો ખોટો જોઈનીંગ લેટર બનાવી નોકરી આપવાના બહાને રૂ.૧૧ લાખ મેળવી ઠગાઈ કરવાના ઈરાદે ખોટો જોઈનીંગ લેટર બનાવી છેતરપીંડી કરતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# મકાન માલીકની અપીલ નામંજુર કરી સ્મોલ કોઝ કોર્ટના હુકમને યથાવત ડિસ્ટ્રીક કોર્ટ

## ભાડુઆતના વારસો વિરુધ્ધ મીલ્કતનું ચડત ભાડુ અને કબજો મેળવવા કરેલો દાવો ટ્રાયલ કોર્ટે નામંજુર કરતા હુકમથી ઉપલી અદાલતમાં દાદ માંગી તી

**અબતક, રાજકોટ**

શહેરના ભુપેન્દ્ર રોડ પર આવેલી મબરૂક બીલ્ડીંગમા મકાન માલીક મુકેશભાઈ બુધ્ધદેવ વીગેરે ધ્વારા ભાડુઆતના વારસો વિરુધ્ધ મીલ્કતનું ચડત ભાડુ મેળવવા અને તેનો ખાલી કબજો મેળવવા દાખલ કરવામાં આવેલો દીવાની દાવો સ્મોલ કોઝ કોર્ટ, ધ્વારા નામંજુર થતા તે હુકમથી નારાજ થઈ મકાન માંલીક દ્વારા કરવામાં આવેલી અપીલ ડીસ્ટ્રકીટ કોર્ટ ધ્વારા નામંજુર કરી સ્મોલ કોઝ કોર્ટના હુકમને યથાવત રાખી ન્યાયીક હુકમ કર્યો છે.શહેરના ભુપેન્દ્ર રોડ પર આવેલ મબરૂક ભીલ્ડીંગમાં ભાડાવાળી ઓફીસ સંબંધે મકાન માલીક મુકેશભાઈ મણીલાલ બુધ્ધદેવ વીગેરે ધ્વારા ભાડુઆત ગુજ. રામલાલ એન્ડ ભુપતાણીના વારસો વિરુધ્ધ મીલ્કતનું ચડત ભાડુ વસુલ મેળવવા અને તેનો ખાલી કબજો મળવા દાખલ કરવામાં આવેલો દીવાની દાવો સ્મોલ કોઝ કોર્ટ, ધ્વારા નામંજુર કરવામા આવ્યો હતો.સદરહું હુકમથી નારાજ થઈ મકાન માલીક ધ્વારા ડીસ્ટ્રીકટ કોર્ટ સમક્ષ અપીલ દાખલ કરી હતી, અપીલમાં એવી તકરાર ઉઠાવવામાં આવેલી કે, સ્મોલ કોઝ કોર્ટ ધ્વારા લેખીત અને મીખીક પુરાવાઓનું ન્યાયીક મુલ્યાંકન કરવામાં ગંભીર ભુલ હોઈ અને બોમ્બે રેન્ટ એકટની જોગવાઈનું યોગ્ય અર્થઘટન કરવામાં આવેલ ન હોઈ તેમજ હુકમ અને હુકમનામું કાયદા સંબંધે ક્ષતિયુકત હોઈ જેથી રદ થવાને પાત્ર છે એવી દલીલો કરવામાં આવી હતી. ભાડુઆતના વકીલ શૈલેન્દ્રસિંહ જાડેજા અને સંદીપ જોશીએ દલીલમાં સ્મોલ કોઝ કોર્ટ ધ્વારા આપવામાં આવેલો હુકમ, પુરાવાઓ અને રેકર્ડ પરની હકીકતોને ધ્યાને લઈ તેનું ન્યાયીક મુલ્યાંકન કરી, મકાન માલીકનો દાવ નામંજુર કરવામાં આવેલ છે. મકાન માલીક ધ્વારા દાવાના ચાલતા કામે મીલ્કત ખરીદ કરવામાં આવેલ છે. રેકર્ડ પરના પુરાવાઓને ધ્યાને લેતા ભાડાવાળી મીલ્કત સંબંધેનું ભાડુ મકાન માલીકને મોકલતા ઈરાદાપુર્વક તેનો સ્વીકાર કરવામાં આવેલો નથી. જેથી તેઓ ચડત ભાડાની રકમ કોર્ટ સમક્ષ જમા કરાવેલ છે. તેમજ દાવો દાખલ કરવામાં આવેલ તે પહેલાથી ભાડુઆત દાવાવાળી મીલ્કતમાં બ્રોકર તરીકે વેપાર-ધંધો કરી રહયા છે. ભાડુઆત ધ્વારા કોઈ શરતનો ભંગ કરવામાં આવેલ નથી વેપાર-ધંધા માટે દાવાવાળી મીલ્કત સિવાય તેઓ પાસે અન્ય કોઈ જગ્યાની નથી. જેથી ભાડુઆતને તેનું અને પરીવારનું ગુજરાન ચલાવવા દાવાવાળી મીલ્કતની જરૂરીયાત રહેલી છે. સ્મોલ કોઝ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમ અને હુકમનામાં માં કોઈ કાયદાકીય ક્ષતિ રહેલી ન હોઈ જે તમામ હકીકતોને ધ્યાને લઈ મકાન માલીકની અપીલ નામંજુર કરવાની અરજ કરવામાં આવી હતી. બંને પક્ષોની દલીલો,લેખીત , મૌખીક પુરાવાઓ તેમજ ગુજરાત હાઈકોર્ટ , સુપ્રિમ કોર્ટના રજૂ કરેલા સિધ્ધાંતોને ધ્યાને લઈ ડીસ્ટ્રકીટ કોર્ટ ધ્વારા સ્મોલ કોઝ કોર્ટના હુકમને યથાવત રાખી, મકાન માલીકની અપીલ નામંજુર કરવાનો ન્યાયીક હુકમ ફરમાવવામાં આવેલો છે. ભાડુઆત ગુજ, રામલાલ એન્ડ ભુપતાણીના વારસો તરફે લોમેટીકસ એસોસીએટના રશૈલેન્દ્રસિંહ જાડેજા, સંદીપ જોશી, શુભમ જોશી, દેવેન્દ્રસિંહ જાડેજા તથા રશ્મિન પટેલ રોકાયેલ હતા.

# દગાબાજ રે... પત્નીને પિયર મોકલી પતિ પરસ્ત્રી સાથે રહેવા લાગ્યો

## સાસુ-સસરા સહીતના સાસરિયાઓ મેણાંટોણા મારી દુરવ્યવહાર કરતા પરિણીતાએ ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના કોઠારીયા વિસ્તારમાં સ્વાતીપાર્ક મેઈન રોડ પર રહેતી પરિણીતાએ જસદણમાં રહેતા પતિ સહિતના સાસરીયા સામે શારીરિક માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. પરિણીતાને પતિ માવતરેના ઘરે મૂકી ગયા બાદ તે અન્ય સ્ત્રી સાથે રહેવા લાગ્યો હોવાનો પણ આક્ષેપ કર્યો છે.

કોઠારીયામાં સ્વાતી મેઈન રોડ પર ખોડલધામ એવન્યુમાં રહેતાં કિર્તીબેન (ઉ.વ.૨૫) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ વિમલ પોકીયા, સસરા ચંદુભાઈ, સાસુ લીલાબેન, કાકાજી સસરા જેન્તીભાઈ અને કાકીજી સસરાની પુત્રી તૃનેક્ષાબેન (રહે. બધા લીલાપુર, જસદણ) ના નામ આપ્યા છે.

કિર્તીબેને ફરિયાદ જણાવ્યું કે, તેના લગ્ન ૨૦૨૧માં થયા હતા. સંતાનમાં ૧ પુત્રી છે. લગ્નજીવન છ માસ સરખો ચાલ્યા બાદ પતિ દારૂ પી ઘરે આવી ગેલરીમાં પુરી ઝઘડો કરવા લાગ્યો હતો. તેણે બૂમાબૂમ કરતા પાડોશીઓએ બહાર કાઢી હતી. તેમજ પતિ દારૂ પી અવાર-નવાર ઝઘડો કરતો હતો. તેને દારૂ પીવાની ના પાડતા તે હું દારૂ તો નહીં જ મુકુ, તારે તારા મમ્મીના ઘરે જવું હોય તો જતી રહે' તેમ કહેતો હતો.

પતિને અન્ય યુવતી સાથે આડા સંબંધ હોવાની ખબર પડતા તેને પૂછતા હવે આવુ નહી થાય તેમ કહેતાં પરંતુ તે ફરી અન્ય યુવતી સાથે વાતચીત કરતો હતો. તે શનિ-રવીની રજામાં ગામડે આટો મારવા જતા ત્યારે સાસુ-સસરા, કાકાજી ઘરકામ બાબતે રોકટોક કરી તને ઘરકામ આવડતુ નથી, તારે આપણા ભાઈઓના મહિલા સાથે નહીં બોલવાનું' તેમ કહેતા હતા.તેના ઘરકામ કાકાજી સસરાની પુત્રીનું તે ગામડે જાય ત્યારે તમારે જસદણ જ રહેવાનું, અહીં તમારૂ ઘર નથી, અમે જેમ અહીં કહેશુ તેમ જ કરવુ પડશે,તેમ કહી ખરાબ વર્તન કરતી હતી. છેલ્લે સાડા ત્રણેક માસ પહેલાં કાકાજીની પુત્રીએ તેના માતાને ફોન કરી તમારી દિકરીથી ઘર ચાલે તેમ નથી, તમે તમારી દિકરીને તેડી જાવ, હું મારા ભાઈને સાચવી લઈશ. કહી ફોનમાં જેમફાવે તેમ બોલવા લાગી હતી. જેથી તેણે આ બાબતે પતિને વાત કરતા તેણે તું અત્યારે મારા મમ્મીના ઘરે જતી રહે, દિવાળી વેકેશન આવશે ત્યારે તેડી જઈશ' કહ્યું હતું.પરંતુ પતિ તેડવા આવ્યો ન હતો. પતિ અન્ય યુવતી સાથે રહેવા લાગતા તેની જાણ થતા તે જસદણ ઘરે ગઈ હતી. જેથી તેણે પોલીસમાં અરજી કરી હતી. આ અંગે સમાધાનના અનેક પ્રયાસ કર્યા છતાં સાસરીયાઓ જવાબ નહીં આપતા ફરિયાદ નોંધાવી હતી.

# કન્ઝ્યુમર લો પ્રેક્ટિસનર્સ દ્વારા ૨૭મીએ લો પ્રોસિજર એન્ડ પ્રેક્ટિસ સેમિનાર યોજાયો

## આયોગના અધ્યક્ષ સહિતના તજજ્ઞો ડ્રાફ્ટિંગ કૌશલ્ય, કેસ કાર્યવાહી, પુરાવા, અમલવારી અને અપીલ પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપશે

**અબતક, રાજકોટ**

ગ્રાહક કાયદો આજના સમયમાં નાગરિકો માટે ઝડપી, અસરકારક અને લોકહિતકારી ન્યાય મેળવવાનું મહત્વપૂર્ણ સાધન છે ત્યારે કન્ઝ્યુમર લો પ્રેક્ટિસનર્સ એસોસિએશન દ્વારા ''કન્ઝ્યુમર લો : પ્રોસિજર એન્ડ પ્રેક્ટિસ'' વિષય ઉપર તા. ૨૭/૦૨/ ૨૦૨૬ના રોજ સાંજે ૪.૦૦ થી ૭.૦૦ ગીતાંજલી કોલેજ, રેડક્રોસ બિલ્ડીંગ, સૂચક રોડ, મોટી ટાંકી ચોક રાજકોટ ખાતે એક વિશેષ અને પ્રાયોગિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય કાનૂની વ્યાવસાયિકોને કાનૂની વ્યાવસાયિકોને ગ્રાહક કાયદાના પ્રક્રિયાત્મક પાસા ડ્રાફ્ટિંગ કૌશલ્ય, કેસની કાર્યવાહી, પુરાવા, અમલવારી તથા અપીલ પ્રક્રિયા અંગે વાસ્તવિક કોર્ટ-પ્રેક્ટિસ આધારિત માર્ગદર્શન આપવામાં આવનાર છે. સેમિનારમાં ટેકનિકલ સત્રોનું માર્ગદર્શન અધ્યક્ષ, જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગ, રાજકોટના પી. સી. રાવલ અને સભ્ય જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગ ટી. જે. સંકલા દ્વારા આપવામાં આવશે. ખાસ નોંધનીય બાબત એ છે કે કન્ઝ્યુમર કાયદો અસ્તિત્વમાં આવ્યા બાદ અને રાજકોટ ખાતે કન્ઝ્યુમર કમિશન શરૂ થયા બાદ પ્રથમ વખત કન્ઝ્યુમર કાયદા વિશે આ સેમિનારનું આયોજન કરવામા આવેલ છે.આ સેમિનારમાં ભાગ લેનારા તમામને પ્રમાણપત્ર આપવામાં આવશે. સેમિનારમાં જોડાવા માટે રજિસ્ટ્રેશન ફી રૂ. ૨૦૦/- રાખવામાં આવી છે. તે માટે ગુગલ ફોર્મ લિંક ઈજ્ઞક્ષતીળયક્ષ્િ ડફિભ-શિંશિંજ્ઞક્ષયતિ અતતજ્ઞભશફ-શિંજ્ઞક્ષ જાહેર કરવામાં આવી છે. સેમિનારના આયોજનને સફળ બનાવવા માટે કન્ઝ્યુમર બારના પ્રમુખ ઉપપ્રમુખ સેક્રેટરી તેમજ સિનિયર વકીલોના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ યુવા એડવોકેટ કૌશિક પોપટ, ચિરાગ છગ, શૈલેન્દ્રસિંહ જાડેજા, પારસ શેઠ, મિલન સોલંકી, પૂર્વીબેન સંઘવી, રીતુબેન પરમાર, અભિષેક શુક્લ, સાગર હપાણી, દિપેશ પરમાર જહેમત ઉઠાવી રહ્યા છે. વધુ વિગત તથા રજીસ્ટ્રેશન અંગે એસોસિએશનના સેક્રેટરી સુનિલ પોપટ (મોબાઈલ નંબર ૯૪૨૮૭૮૮૯૮૮)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# જૂની પેઢીના સિનિયર ધારાશાસ્ત્રી વિરેન્દ્રભાઈ દોશીનું નિધન

## કાલે સાંજે ૪થી ૫ કલાકે ટેલિફોનિક ઉઠમણું: સિનિયર જુનિયર એડવોકેટો, રાજકીય અને સામાજિક અગ્રણીઓ દ્વારા શ્રદ્ધાંજલિ પાઠવી

**અબતક, રાજકોટ**

મૂળ કાલાવડ નિવાસી હાલ રાજકોટના જૂની પેઢીના દિવાની કાયદાના સીનીયર એડવોકેટ વિરેન્દ્રકુમાર ચંદ્રકાંત દોશી (ઉંમર વર્ષ ૮૧ )તે સ્વ રમાબેન ચંદ્રકાંત હરિલાલ દોશી ના પુત્ર, પ્રતિભાબેન દોશીના પતિ, સ્વ એડવોકેટ જગદીપ (જીતુભાઈ) દોશી તથા એડવોકેટ સુરેશ દોશી ના ભાઈ, ઝંખના કોઠારી, ખ્યાતિ મેહતા, સિદ્ધાર્થ, રાહુલ, પારસ દોશી ના મોટાભાઈજી તેમજ સ્વ. જેંતીલાલ મોતીચંદ પારેખ(જામનગર)ના જમાઈ તારીખ ૧૯/૨/૨૦૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે.સદગતે ચક્ષુદાન કરેલ છે. સદગતની અંતિમયાત્રામાં સિનિયર જુનિયર એડવોકેટો સગા સંબંધીઓ રાજકીય અને સામાજિક અગ્રણીઓ દ્વારા શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.સ્વ. વિરેન્દ્રભાઈના પિતા સ્વ. ચંદ્રકાંતભાઈ દોશી પણ દિવાની કાયદાના નામાંકિત ધારાશાસ્ત્રી તરીકે



ખ્યાતિ પ્રાપ્ત કરેલી હતી. સ્વ. ચંદ્રકાંતભાઈ દોશીના ત્રણ પુત્ર સ્વ. વી. સી.દોશી ,સ્વ.જગદીપભાઈ દોશી( જે.સી.દોશી) અને સુરેશભાઈ દોશી વકીલાતના વ્યવસાયમા જોડાયેલા છે. સ્વ. વી. સી. દોશી વકીલાતના વ્યવસાયમાં ૫૫ વરસથી જોડાયેલા હતા. રાજકોટ બાર એસોસિએશન દ્વારા તાજેતરમાં તેઓનું વકીલાતના વ્યવસાયમાં યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું.સ્વ. વિરેન્દ્રભાઈ દોશી ધર્મપરાયણ અને કર્તવ્યનિષ્ઠ, સરળ ,મિલનસાર સ્વભાવના કારણે ઉમદા વ્યક્તિ હતા.સ્વ. વી. સી. દોશી રાજકોટની અનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા.સ્વ. વી.સી. દોશી નું તા. ૨૧ને શનિવારે સાંજે ૪-૫ કલાકે . ૯૪૨૭૭૨૫૦૨૧ ,૯૮૭૯૪૮૧૩૩૪, ૯૨૨૮૦૯૩૬૩૦ ,૯૯૭૯૩૦૦૦૪૯ ટેલિફોનિક ઉઠમણું રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

# ઘરની સફાઈ કરવા આવેલા શખ્સો કબાટ પણ સાફ કરી ગયા: રોકડ-ઘરેણાંની ચોરી

## કાલાવડ રોડ પર રહેતા યુવકે લગ્નના બે દિ' પૂર્વે ઈન્સ્ટાગ્રામમાં જાહેરાત જોઈ સાવરીયા હોમ ક્લીનીંગમાંથી સફાઈ કરવા માણસો બોલાવ્યા'તા

## ત્રિપુટી રૂ.૧.૬૬ લાખની મતા ઉઠાવી ગઈ: યુનિવર્સિટી પોલિસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ આદરી

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ પર ઈસ્કોન મંદીર પાછળ રહેતાં યુવાને પોતાના લગ્નના બે દિવસ પહેલા ઘરની સફાઈ કરવા માટે ઈન્સ્ટાગ્રામમાં આવેલ એડ જોઈ 'સાવરીયા હોમ ક્લીનીંગ' ને બુકીંગ આપ્યા બાદ તેના ઘરની સાથે રોકડ અને દાગીના મળી કુલ રૂ.૧.૬૬ લાખની મતાની પણ સફાઈ થઈ જતાં યુનિવર્સીટી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિરની પાછળ રૂડા-૩, પ્લોટ નં.૭ માં રહેતાં રાજનભાઈ રાજેન્દ્રકુમાર સોલંકી (ઉ.વ.૩૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મોહનભાઈના ત્રણ અજાણ્યા માણસોનું નામ આપી જણાવ્યું હતુ કે, તે પ્રાઈવેટ નોકરી કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેના લગ્ન આજથી બે દીવસ બાદ હોય જેથી


ગઈ તા.૧૫ ના રોજ રાત્રીના સાડા આઠેક વાગ્યાની આસપાસ તે ઘરે હાજર હતો અને લગ્ન આવતા હોય જેથી ઘરની સાફ સફાઈ કરવા માટે ઈન્સ્ટાગ્રામ એડમાથી 'સાવરીયા હોમ ક્લીનીંગ' એડ હોય તેમાથી મોબાઈલ નંબર ૯૧૧૯૩ ૬૪૦૨૨ ઉપર ફોન કરી અને બુકિંગ કરાવેલ હતું.

દરમિયાન સામેથી જણાવેલ કે તા.૧૭ દીવસે ઘર સાફ કરવા માટે અમારા માણસો તમારા ઘરે આવી જશે, તમારે કામ પુરુ થયા બાદ પેમેટ પેટે ૮૦૦૦ રૂપીયા રૂપીયા આપવાના રહેશે. ત્યારબાદ તા.૧૭ ના સવારે દશેક વાગ્યાની આસપાસ ઘરે બુકીંગ કરાવ્યા મુજબ સફાઈ વાળા બે લેડીસ અને એક જેન્ટ્સ આવેલ, યુવાને તેમને ઘરની અંદર જે કાઈ સાફ સફાઈ કરવાની હતી, તે કહેલ અને ઘરમાં આવેલ તમામ ફર્નીચરના કબાટમાં સાફ સફાઈ કરવાની નથી, તે કબાટ ને અડતા નહી. બાદ આ લોકોએ સાફ સફાઈ કરવાનુ શરૂ કરેલ અને રાત્રીના નવેક વાગ્યાની આસપાસ તેમનુ કામ પૂરૂ થઈ જતા તેઓએ જણાવેલ કે, તમારુ કામ પુરૂ થઈ ગયેલ છે, જેથી શેઠ મોહનભાઈ સાથે નકિક કર્યા મુજબ અમારી મજુરીનુ પેમેટ રૂ. ૮ હજાર મોકલી આપો, મોહનભાઈએ ક્યુ.આર. કોર્ડ મોકલી આપેલ જેથી તેમાં ઓનલાઈન રૂપીયા પેમેન્ટ ચુકવી આપેલ અને આ લોકો ત્યાથી જવા માટે રીક્ષામા બેસીને નીકળી ગયેલ હતાં. બાદ ગઈકાલે સવારે નવેક વાગ્યાની આસપાસ પોતાના લગ્ન માટે બનાવેલ સોનાના ઘરેણા જે મારા રૂમમા બનાવેલ ફર્નીચરના કબાટની ઉપર માળીયાના બનાવેલ કબાટ તેની અંદર પાછળના ભાગે તા.૧૨ ના સંતાડીને મુકેલ હતા, તેમા લોક હતો નહી અને તે સોનાના દાગીના જે જાંબલી કલરનું ચેઈન વાળા બેગમાં મુકેલ હતા, તે ભેગ નીચે ઉતારી દાગીનાના બોક્ષ બહાર કાઢેલ, જેમા સોનાનુ મંગલ સુત્ર, બુટી નંગ બે રૂ. ૧,૧૧,૧૨૧, બે સોનાની વીંટી રૂ.૫૫ હજાર આ ત્રણેય બોક્ષ ખોલી જોતા તેમા આ દાગીના જોવા મળેલ નહી.

જેથી તેમના ઘરે આવેલ સગી બે બહેનો, પિતા રાજેન્દ્રકુમારને આ વાત જણાવેલ અને બધા ઘરમાં સોનાના ઘરેણાની તપાસ કરતા ક્યાંય પણ મળી આવેલ નહી, તેમજ ઘરમાથી બીજી વસ્તુ ગયેલ છે કે નહી તે ચેક કરતા જાણવા મળેલ કે, તેમનું પાકીટ જેમાં રૂ.૬૦૦ રાખેલ હતાં તે કબાટમાં રાખેલ હતુ જે પણ જોવા મળેલ નહી, જેથી સામે આવેલ કે, સાફ સફાઈ માટે જે લોકો ને બોલાવેલ હતા, તેમાના કોઈ વ્યકિતએ આ સોનાના ઘરેણા તથા રોકડ રૂપીયા લઈ લીધેલ છે, જેથી સફાઈ કામદારના શેઠ મોહનભાઈને ફોન કરતાં તેમને કહેલ કે, મારા માણસો વિશ્વાશુ છે, તે કોઈ દીવસ ચોરી ન કરે તેમ છતા તે લોકોને મારી રીતે પુછીને તમને જવાબ

આપુ. જેથી આ મોહનભાઈના ત્રણ માણસોમાથી કોઈ શખ્સે સોનાના દાગીના તથા રોકડ રૂપીયા ચોરી કરી હોવાની શંકા જતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન ત્રણ દિવસ ગુજરાતના મહેમાનઃ સાંસદ-ધારાસભ્યો સાથે બેઠક



## રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ પ્રથમ વખત ગુજરાતના આંગણે આવેલા નીતિન નવીનનું એરપોર્ટ પર ભાજપના કાર્યકરો દ્વારા ઉષ્માભેર સ્વાગતઃ કાલે સંગઠનના હોદ્દેદારો સાથે બેઠક યોજાશે

**અબતક, રાજકોટ**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ આજે નીતિન નવીન પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેઓ ત્રણ દિવસ સુધી ગુજરાતના મહેમાન બન્યા છે. વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. અમદાવાદ અને ગાંધીનગરમાં પક્ષ આયોજીત કાર્યક્રમોમાં સામેલ થશે. ભાજપના સંગઠનના હોદ્દેદારો અને સાંસદ-ધારાસભ્યો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાશે.

ભારતીય જનતા પાર્ટીએ વિચારધારાને સમર્પિત કાર્યકર્તાઓની પાર્ટી છે. ભારતીય જનતા પાર્ટીમાં બુથનો કાર્યકર્તા અને સામાન્ય બેકગ્રાઉન્ડમાંથી આવતો કાર્યકર્તા પણ સર્વોચ્ચ સ્થાને પહોંચી શકે છે. જેના અનેક ઉદાહરણો આપણી સમક્ષ છે. ચાહે તે મહેસાણામાં વડનગરમાં ગરીબ પરિવારમાં જન્મ લઈ દેશના પ્રધાનમંત્રી થયેલા નરેન્દ્રભાઈ મોદી હોય કે પછી અમદાવાદના નારણપુરા ખાતે બુથ એજન્ટ તરીકે રાજકીય કારકિર્દી શરૂ કરી ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને દેશના ગૃહ અને સહકાર મંત્રી સુધીની જવાબદારી મેળવનારા અમિતભાઈ શાહ હોય, આવા તો ભાજપમાં અનેક દાખલા છે કે, જેઓના જાહેર જીવનની શરૂઆત એક સામાન્ય કાર્યકર્તા તરીકે થઈ હોય, વોલ પેઈન્ટિંગ કર્યું હોય, ઝંડા લગાવ્યા હોય અને સમય સાથે તેઓએ પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરે મહત્વની જવાબદારીઓ નિભાવી નાગરિકોના હૃદયમાં સ્થાન બનાવ્યું હોય. ભાજપાનો આ ગુણ જ તેને 'પાર્ટી વિથ ડિફ્રેન્સ' બનાવે છે.

તાજેતરમાં જ ભાજપના શીર્ષસ્થ નેતૃત્વ દ્વારા ભાજપાની વિચારધારાને સમર્પિત, યુવાવસ્થાથી જ ભાજપમાં સક્રિય ભૂમિકા ભજવનાર, બિહાર પ્રદેશ યુવા મોરચા અધ્યક્ષ, રાષ્ટ્રીય યુવા મોરચા મહામંત્રી, છત્તીસગઢ અને સિક્કિમના પ્રભારી ધારાસભ્ય અને બિહાર સરકારમાં મંત્રી તરીકેની સફળ જવાબદારીઓ નિભાવનાર નીતિન નવીનજીને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની કમાન સોંપવામાં આવી છે. ૪૫ વર્ષની આયુ ધરાવતા નીતિન નવીનજી ભારતીય જનતા પાર્ટીના અત્યાર સુધીના સૌથી નાની વયના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્તિ પામ્યા છે.

તેઓએ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ આજે પ્રથમ વખત ગુજરાત પ્રવાસે આવી રહ્યાં છે. તેઓના ત્રિ-દિવસીય ગુજરાત પ્રવાસ અંતર્ગત ૨૦ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન તેઓ અમદાવાદ અને ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

નીતિન નવીનનું આજે શુક્રવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે અમદાવાદ ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પર આગમન થયું હતું. જ્યાં ભવ્ય સ્વાગત-અભિવાદન કાર્યક્રમના આયોજન સાથે ભાજપા આગેવાનો અને કાર્યકર્તાઓ તેઓને ગુજરાતની પવિત્ર ધરા પર આવકાર્યા હતા.

(અનુ. આઠમા પાને)

### ત્રણ દિવસના કાર્યક્રમો

આજે અમદાવાદ ખાતે સંસદસભ્યો અને ધારાસભ્યો સાથે સંવાદ, ગાંધીનગર ખાતે પ્રબુદ્ધ નાગરિકો સાથે 'બજેટ મીટ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

કાલે ગુજરાતની આગવી ઓળખ એવા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોર્નિંગ વોક કરશે તેમજ પ્રાચીન, પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા નગરદેવી ભદ્રકાળી માતાના મંદિરે દર્શન કરશે.

કાલે 'શ્રી કમલમ' ખાતે પ્રદેશ પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારો, સિનિયર આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કરશે. ગિફ્ટ સિટી ખાતે યંગ વોઈસ સમિટમાં યુવા ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ ફાઉંડર્સને સંબોધિત કરશે.

અમદાવાદના જીએમડીસી હોલ ખાતે બુથ કાર્યકર્તા સંમેલનને સંબોધિત કરશે. રવિવારે અમદાવાદના ખાડિયા ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમને નિહાળશે.

# ગુજરાતના માછીમારોને હવે ઉંડા સમુદ્રી વિસ્તારોમાં માછીમારીની સત્તાવાર પરવાનગી

## વેરાવળ ખાતે એકસકલુઝિવ ઈકોનોમિક ઝોનમાં માછીમારો માટે એકસસ પાસનું લોન્ચીંગ કરતા કેન્દ્રીય રાજયમંત્રી

**અબતક, રાજકોટ**

ભારતના એકસકલુઝિવ ઈકોનોમિક ઝોન નિયમોને અમલમાં મૂકવા અને ઊંડા સમુદ્રમાં માછીમારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી એક સીમાચિહ્નરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી અને પંચાયતી રાજ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ આજ વેરાવળ ખાતે વિશેષ આર્થિક ક્ષેત્રમાં માછીમારી માટે એકસેસ પાસ ફ્રેમવર્ક લોન્ચ કરશે. આ નવું માળખું માછીમારોને ઊંડા સમુદ્રી વિસ્તારોમાં માછીમારી માટે સત્તાવાર પરવાનગી મેળવવાનું સરળ બનાવશે.

ભારત ૧૧,૦૯૯ કિમીનો દરિયાકિનારો ધરાવે છે અને ૨૪ લાખ ચોરસ કિમીમાં ઈઈઝેડ ધરાવે છે. પુષ્કળ દરિયાઈ સંપત્તિથી સમૃદ્ધ હોવા છતાં મોટાભાગની માછીમારી પ્રવૃત્તિઓ ૪૦-૫૦ નોટિકલ માઈલ સુધી મર્યાદિત રહે છે. ઈઈઝેડ રૂલ્સ, ૨૦૨૫માં માછીમારીના ટકાઉ ઉપયોગને ૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ટેરિટોરિયલ વોટર્સ, કોન્ટિનેન્ટલ શેલ્ફ, એકસકલુઝિવ ઈકોનોમિક ઝોન અને અન્ય મેરીટાઈમ ઝોન્સ એક્ટ, ૧૯૭૬ હેઠળ સૂચિત કરવામાં આવ્યા હતા.આ માળખું દેખરેખ,

(અનુ. આઠમા પાને)



# બજેટમાં જાહેર કરાયેલી નવી યોજના માટે ડ્રાફ્ટ જીઆર, ટેન્ડર અને વહીવટી પ્રક્રિયા શરૂ કરી દેવા સીએમની સુચના

## કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની તુલના અને સમીક્ષા કરી ત્રુટીઓ દુર કરવા પણ તાકીદ

**અબતક, રાજકોટ**

ગુજરાતના નવા નાણાકીય વર્ષના બજેટમાં જાહેર કરવામાં આવેલી યોજનાઓનો ડ્રાફટ જીઆઈ, ડ્રાફ્ટ ટેન્ડર અને વહિવટી પ્રક્રિયા અત્યારથી જ શરૂ કરી દેવા મુખ્યમંત્રી દ્વારા મુખ્ય સચિવને સુચના આપી દેવામાં આવી છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીમંડળના સભ્યો અને સચિવો દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તેમજ નાણા મંત્રી કનુભાઈ દેસાઈને ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું અને ઐતિહાસિક બજેટ રજૂ કરવા બદલ વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમ પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

કેબિનેટ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે પ્રવકતા મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીમાં અપાયેલી રાહતોને કારણે સામાન્ય જનતાને રાહત મળી છે. જીએસટીમાં રાહત બાદ રાજ્ય સરકારની આવકમાં ઘટાડો થવાની સંભાવના હોવા છતાં, ગુજરાત સરકારે પોતાની વહીવટી કાર્યક્ષમતાના જોરે બજેટમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે.

અર્થશાસ્ત્રીઓ અને વિદ્વાનો દ્વારા પણ આ બજેટની સરાહના કરવામાં આવી છે. આ બજેટ આદિજાતિ, અનુસૂચિત જાતિ,

(અનુ. આઠમા પાને)

# બોર્ડ-નિગમોને જમીન ફાળવણીની ૨૩ દરખાસ્તોને સીએમની મંજુરી

## પાણી પુરવઠા બોર્ડ, જેટકો, ગુજરાત મેરીટાઈમ બોર્ડ અને ગુજરાત પાવર કોર્પોરેશનને વિવિધ પ્રોજેક્ટ્સ માટે ૧.૨૨ કરોડ ચો. મીટરથી વધુ જમીનની ફાળવણી

**અબતક, રાજકોટ**

રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં રાજ્યના સર્વાંગી વિકાસને વેગ આપવા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાણી પુરવઠા, ઊર્જા અને બંદર વિકાસ માટે મુખ્યમંત્રીએ જમીન ફાળવણીની ૨૩ દરખાસ્તોને મંજૂરી આપી છે.

આ અંગે વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મહેસૂલ વિભાગ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પાણી પુરવઠા બોર્ડ, જેટકો , ગુજરાત પાવર કોર્પોરેશન અને મેરીટાઈમ બોર્ડ જેવા સંસ્થાનોને વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ માટે કુલ ૧,૨૨,૫૩,૦૯૬ ચો. મીટર જમીન ફાળવવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવાનો છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જે તે સંસ્થાઓને ફાળવવામાં આવેલી આ જમીનો પર આગામી સમયમાં મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ કાર્યરત થશે, જેનો સીધો લાભ સ્થાનિક જનતાને મળશે. સૌથી વધુ ગુજરાત પાવર કોર્પોરેશનને બનાસકાંઠાના રાધાનેસડા ખાતે અંદાજે ૧,૨૦,૬૦,૦૦૦ ચો.મી. જેટલી વિશાળ જમીન ફાળવવામાં આવી છે.

આ ઉપરાંત ગુજરાત પાણી પુરવઠા બોર્ડને વિવિધ ૧૪

(અનુ. આઠમા પાને)

# ઘરેથી ઉપાડી જાનથી મારી નાખવો છેઃ ઈન્સ્ટામાં સતત ધમકીઓ મળતા યુવકે આપઘાત કર્યો

## ગોંડલના કરમાળ કોટડા ગામના યુવાનને 'પૂજારાનીક૦૪૦' નામના ઈન્સ્ટાગ્રામ આઈડીના ધારકે તારા ટાંટિયા ભાંગી નાખવા છે, ગામમાં ફૂલેકું કાઢવું છે સહિતના મેસેજ મોકલી બ્લેકમેલ કરાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના કરમાળ કોટડા ગામના યુવકને ઈન્સ્ટાગ્રામમાં બેફામ ધમકી આપી, બ્લેકમેલ કરવામાં આવ્યો હતો. જે ધમકીઓથી કંટાળી યુવકે ભાદર નદીના કાંઠે બાવળના વૃક્ષ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લેતા ચકચાર મચી હતી. યુવકે આપઘાત કરતા પૂર્વે વિડીયો બનાવી આપવીતી વર્ણવતા પોલિસે ઈન્સ્ટાગ્રામ આઈડીના ધારક વિરુદ્ધ મરવા મજબુર કર્યાનો ગુનો નોંધી એકાઉન્ટ હોલ્ડરની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

બનાવ મામલે ગોંડલના કરમાળ કોટડા ગામે ઉદયપુરપરા વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય ખેડૂત ભરતભાઈ ઉર્ફે લાલો ભાનુભાઈ ડાંગરે આરોપી તરીકે 'પૂજારાની૬૦૪૦' નામના ઈન્સ્ટાગ્રામ આઈડી ધારકનું નામ આપતાં આટકોટ પોલિસે બીએનએસની કલમ ૧૦૮, ૩૦૮(૪), ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ફરિયાદી યુવાને જણાવ્યું હતું કે, ગઈ તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના આશરે ત્રણેક વાગ્યે હું મારૂ મોટર સાયકલ લઈને મારી વાડીએ ગયેલ હતો. જયા મારો પિતરાઈ ભાઈ રણજીતભાઈ દાનાભાઈ ડાંગર પણ હાજર હતા. અમે બંને ત્યા આશરે ૨૦ મિનીટ સાથે બેસેલ હતા અને ખેતીકામ અંગેની ચર્ચા કરેલ હતી. બાદ આશરે ચાર વાગ્યે હું વાડીએથી મારા ઘરે જતો રહેલ હતો. બાદ રાત્રીના આશરે સાડા નવ વાગ્યે મારા કુટુંબી ભાઈ વનરાજભાઈ રામભાઈ ડાંગરનો મને ફોન આવેલ કે, રણજીતભાઈ હજુ સુધી વાડીએથી ઘરે આવેલ નથી. અને અમે તેની શોધમાં વાડી બાજુ જઈએ છીએ,

(અનુ. આઠમા પાને)

**ધમકીઓથી કંટાળી રણજિત ડાંગરે મોબાઈલમાં વિડીયો બનાવી ભાદર નદી કાંઠે ગળાફાંસો ખાઈ લીધો'તો  આટકોટ પોલિસે મરવા મજબુર કર્યાની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ આદરી**

# જંગલેશ્વરમાં ૬૪ જેસીબી સાથે ડિમોલીશન હાથ ધરાશેઃ ૧૧૩૦ અધિકારી - કર્મચારીઓની ફોજ તૈનાત કરાશે

## ડિમોલીશનની અંતિમ નોટિસ મળતા અનેક દબાણકર્તાઓ સ્વેચ્છાએ દબાણો દૂર કરવા માંડ્યાઃ કોર્ટમાંથી સ્ટે નહિં આવે તો સોમવારથી દબાણો હટાવવાનું શરૂ

**અબતક, રાજકોટ**

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં આવેલ આજી નદીના પટ્ટા તેમજ આખરી નગર રચના યોજના નં.૬ અંતર્ગત ૧૫ મીટર પહોળાઈ ધરાવતા ટી.પી. રોડની માર્ગરેખામાં આવતાં ગેરકાયદેસર બાંધકામો/દબાણો દૂર કરવા બાબતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સુવ્યવસ્થિત અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

મહાપાલિકાની અલગ-અલગ ટિમો જંગલેશ્વર વિસ્તારમાં સ્થળ પર પહોંચી રહી છે અને રહેવાસીઓ તથા સંબંધિત મિલ્કતધારકોને જાતે જ દબાણો દૂર કરવા અંગે સીધી સૂચના અને માર્ગદર્શન આપી રહી છે. ટીમો દ્વારા માર્ગરેખા દર્શાવી સ્પષ્ટ સમજણ આપવામાં આવી રહી છે. કાયદેસર સીમા અંગે સ્થળ પર જ માહિતી આપવામાં આવી રહી છે. સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. નાગરિકોને ૩ દિવસની અંતિમ સમયમર્યાદા અંગે ફરીથી જાણ કરવામાં આવી રહી છે.

જેઓના કબ્જા/ભોગવટામાં આવેલા બિનઅધિકૃત બાંધકામો અથવા દબાણો નિર્ધારિત ટી.પી. રોડની માર્ગરેખા અથવા આજી નદીના પટ્ટામાં આવે છે, તેઓએ ૩ (ત્રણ) દિવસની અંદર સ્વખર્ચે સ્વયં દબાણ દૂર કરી લેવું.

જો નિર્ધારિત સમયમર્યાદામાં દબાણ દૂર કરવામાં નહીં આવે તો આગામી સોમવારથી મહાનગરપાલિકા દ્વારા ડીમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કામગીરીનો ખર્ચ સંબંધિત મિલ્કતધારક પાસેથી વસુલવામાં આવશે. સામગ્રીના નુકસાન માટે પણ સંબંધિત વ્યક્તિ જવાબદાર રહેશે.

મહાનગરપાલિકાની ટીમો દ્વારા સ્થળ પર માર્ગદર્શન અને સમજણ આપવામાં આવતા જંગલેશ્વરના રહેવાસીઓનો સહયોગ નોંધપાત્ર રીતે પ્રાપ્ત થઈ રહ્યો છે. અનેક મિલ્કતધારકોએ જાતે જ દબાણો દૂર કરવાની શરૂઆત કરી છે. માર્ગરેખા અને નદી પટ્ટાની હદને સ્વીકારી સ્વૈચ્છિક રીતે બાંધકામો હટાવવામાં આવ્યા છે. શહેરના વિકાસ માટે તંત્ર સાથે સહકાર આપવાની ભાવના વ્યક્ત કરવામાં આવી છે. આવો સહયોગ શહેર માટે સકારાત્મક સંકેતરૂપ છે.

અમુક રહેવાસીઓએ મહાનગરપાલિકાની સુવ્યવસ્થિત અને પારદર્શક કામગીરી અંગે રાજીપો વ્યક્ત કર્યો છે. અગાઉથી નોટીસ અને સમય આપવાની પ્રક્રિયા અંગે સંતોષ વ્યક્ત કર્યો. સ્થળ પર સ્પષ્ટ માર્ગદર્શન અને સમજણ માટે આભાર વ્યક્ત કર્યો. કાયદેસર વિકાસકાર્યોને સમર્થન આપવાની તૈયારી દર્શાવી. નાગરિકો અને તંત્ર વચ્ચેનો આ વિશ્વાસ શહેરના સુનિયોજિત વિકાસ માટે મહત્વપૂર્ણ છે.

રાજકોટ મહાનગરપાલિકાની અપીલ બાદ અમુક રહેવાસીઓએ

(અનુ. આઠમા પાને)

# જંગલેશ્વરમાં ડિમોલીશનના ટેન્શનમાં યુવકે ઝેરી દવા પીધી

## આશરો છીનવાઈ જશે તેવા ડરે યુવાને ઉંદર મારવાની બિસ્કીટ ખાઈ જીવન ટૂંકાવવાનો કર્યો પ્રયાસ

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં આવેલા રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતા  યુવકે તંત્ર દ્વારા આપવામાં આવેલી મકાન ડિમોલેશનની નોટિસના આઘાતમાં આવી જઈ ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી ગઈ છે. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, જંગલેશ્વરની રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતા ચિરાગભાઈ કિશોરભાઈ જોગવાલી (ઉ.વ. ૩૦) નામના યુવકને થોડા સમય પૂર્વે સરકાર દ્વારા મકાનનું ડિમોલેશન અંગેની નોટિસ પાઠવવામાં આવી હતી. પોતાનું આશિયાનું છીનવાઈ જશે

(અનુ. આઠમા પાને)

# 'સ્વાસ્થ્ય વર્ધક' ક્રેઝઃ ન્યુટ્રાસ્યુટિકલ દવાઓના વેચાણમાં ૪ વર્ષમાં ૪૨% નો ઉછાળો

## એક સર્વે મુજબ ૫૩% લોકો દર મહિને આ સપ્લીમેન્ટ્સ પાછળ રૂ. ૨ હજારથી વધુ ખર્ચ કરે છે

આજના ભાગદોડભર્યા અને આધુનિક યુગમાં માનવીની જીવનશૈલીમાં ધરખમ પરિવર્તન આવ્યું છે. એક સમયે 'સ્વાસ્થ્ય' એટલે માત્ર બીમારીનો અભાવ ગણવામાં આવતો હતો, પરંતુ આજે સ્વાસ્થ્યની વ્યાખ્યા બદલાઈને 'સંપૂર્ણ સુખાકારી' સુધી પહોંચી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ખાસ કરીને કોરોનાકાળ પછી, લોકોની વિચારધારામાં એક મોટો વળાંક આવ્યો છે ''બીમાર પડ્યા પછી ઈલાજ કરવા કરતાં, બીમાર ન પડાય તેવી જીવનશૈલી અપનાવવી.

ગુજરાત, જે હંમેશા આર્થિક અને સામાજિક રીતે પ્રગતિશીલ રહ્યું છે, ત્યાં હવે એક નવી 'હેલ્થ વેવ' જોવા મળી રહી છે. આ લહેર એટલે ન્યુટ્રાસ્યુટિકલ્સ અને પ્રિવેન્ટિવ હેલ્થકેરની છે. ડાયાબિટીસ, હાયપરટેન્શન અને હૃદયરોગ જેવા જીવનશૈલી સાથે જોડાયેલા રોગોના વધતા જોખમોને જોતા, હવે માત્ર દવાઓ પર નિર્ભર રહેવાને બદલે લોકો પોષણયુક્ત આહાર અને પૂરક તત્વો તરફ વળ્યા છે.

માત્ર 'પેટ ભરવા માટે જમવું' એ ખ્યાલ હવે જૂનો થઈ રહ્યો છે. તેની જગ્યાએ હવે શરીરમાં વિટામિન્સ, મિનરલ્સ અને અન્ય સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપ ન સર્જાય તે માટે ગુજરાતીઓ જાગૃત બન્યા છે. આ જાગૃતિને કારણે જ આજે ન્યુટ્રાસ્યુટિકલ્સનું બજાર ગુજરાતમાં અભૂતપૂર્વ ગતિએ આગળ વધી રહ્યું છે. આ આંકડાઓ માત્ર વેચાણ નથી દર્શાવતા, પરંતુ એ હકીકત સાબિત કરે છે કે હવે સામાન્ય નાગરિક પોતાના સ્વાસ્થ્યને એક 'ખર્ચ' નહીં પણ 'લાંબા ગાળાનું રોકાણ' ગણી રહ્યો છે.

જ્યારે સમાજમાં હોસ્પિટલના બિલો ભરવાને બદલે હેલ્થ સપ્લીમેન્ટ્સ પાછળ ખર્ચ કરવાની તૈયારી વધે, ત્યારે સમજવું કે સ્વાસ્થ્ય પ્રત્યેની સમજણ હવે પરિપક્વ થઈ રહી છે.

પ્રસ્તુત અહેવાલ ગુજરાતમાં કેવી રીતે ન્યુટ્રાસ્યુટિકલ્સનો ક્રેઝ વધી રહ્યો છે અને લોકો કેવી રીતે પોતાની તંદુરસ્તી માટે સજાગ બન્યા છે તેની વિસ્તૃત વિગતો રજૂ કરે છે. આ જ કારણ છે કે વિટામિન્સ અને ન્યુટ્રાસ્યુટિકલ્સ (પોષક તત્વો) હવે લોકોના રસોડાનો અને મંથલી બજેટનો કાયમી હિસ્સો બની ગયા છે.

અમદાવાદના પ્રોડકટ ડિઝાઈનર ચાર્વી સલીલ જેવા અનેક લોકો માને છે કે હેલ્થ એ 'લાંબા ગાળાનું રોકાણ' છે. વાર્ષિક બોડી ચેકઅપ કરાવીને પ્રોટીન, ઓમેગા-૩ અને મલ્ટી-વિટામિન્સ લેવા એ હવે લકઝરી નહીં પણ જરૂરિયાત બની ગઈ છે. ૬૭% લોકો માને છે કે આજના સમયમાં સ્વસ્થ રહેવા માટે આ ચીજો અનિવાર્ય છે.

### ગુજરાતમાં સપ્લીમેન્ટ્સનો ઉછાળો ( આંકડા – કરોડમાં)

| કેટેગરી (વિગત) | જાન્યુઆરી ૨૦૨૨ (કરોડમાં) | જાન્યુઆરી ૨૦૨૬ (કરોડમાં) |
| --- | --- | --- |
| વિટામિન્સ | ૩૨૬.૩ | ૪૨૨.૩ |
| ન્યુટ્રાસ્યુટિકલ્સ | ૧૯૨.૨ | ૨૭૪.૩ |
| કેલ્શિયમ પ્રોડક્ટ્સ | ૧૧૩.૪ | ૧૫૪.૯ |
| મિનરલ સપ્લીમેન્ટ્સ | ૧૭.૫. | ૩૧.૫ |
| બાયોટિન અને કોમ્બિનેશન | ૧૬.૬ | ૨૧.૨ |
| ભૂખ લગાડનાર | ૧૨.૧ | ૯.૯ |
| ખનિજ તત્વો | ૦.૬ | ૦.૮ |
| પોષક તત્વો | ૧.૪ | ૦.૬ |
| કેલરી સોલ્યુશન્સ | ૦.૧ | ૦.૧ |

એક સર્વે મુજબ, ૫૩% લોકો દર મહિને આ સપ્લીમેન્ટ્સ પાછળ રૂ. ૨,૦૦૦ થી વધુ ખર્ચ કરે છે.

ડોકટરની સલાહ વગર કે જોયા વગર ગમે તે વિટામિન્સ લેવા જોખમી બની શકે છે. ડો. આર.સી. દામાણી અને ડો. ધીરેન મહેતા જણાવે છે કે પોષક તત્વો સીધા ખોરાકમાંથી મળે તે સૌથી શ્રેષ્ઠ છે. શરીરમાં ખરેખર કયા વિટામિનની ઉણપ છે તે બ્લડ ટેસ્ટ દ્વારા જાણીને જ ચોક્કસ ટેબ્લેટ લેવી જોઈએ. ગુજરાતમાં હવે હેલ્થ પ્રત્યેની જાગૃતિ ઈલાજથી હટીને અટકાવ તરફ વળી છે. લોકો હવે ઘરડા થયા પછી નહીં, પણ યુવાનીથી જ 'એજિંગ મેનેજમેન્ટ' કરી રહ્યા છે.